૨૦૪ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 136 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ વદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 June 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૦ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સમર્પણ સંઘર્ષ અને સંકલ્પ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી

૨૭ મો સ્થાપના દિવસ

સ્વર્ગસ્થ અજીતદાદા પવાર ને સમર્પિત



સ્થળઃ ષણ્મુખાનંદ સભાગૃહ, માટુંગા (મુંબઈ)

તારીખઃ ગુરુવાર, ૧૧ જૂન ૨૦૨૬

સમયઃ બપોરે ૨.૦૦ વાગ્યે

# સુરતના નાસિરનગર ડિમોલિશનનો મુદ્દો ગરમાયો, સરકાર હરકતમાં, કૉંગ્રેસની આંદોલનની ચીમકી

અમદાવાદ: ગુજરાતમાં ઘણા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ સુરતના નાસિરનગરનું ડિમોલિશન વિવાદોમાં ઘેરાયું છે. શહેરના ચોક બજાર વિસ્તારમાં આવેલા નાસિરનગરમાં સ્થાનિકોના જણાવ્યા અનુસાર ૩૦ મે થી ૧ જૂન દરમિયાન અધિકારીઓ અને પોલીસની હાજરીમાં સતત ત્રણ દિવસ સુધી ડિમોલિશન કાર્યવાહી કરવામાં આવી હતી અને અંદાજે ૧૦૦ કરતાં વધારે મકાનો તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ આ ડિમોલિશનની જવાબદારી મહાનગરપાલિકા સહિત કોઈપણ સરકારી એજન્સી સ્વીકારવા તૈયાર નથી. એસઓજી અને મનપાના અધિકારીઓની હાજરીમાં ડિમોલિશન કોણે કરાવ્યું તે સવાલ છે ત્યારે આ મામલો રાજ્ય સરકાર સુધી પહોંચ્યો છે અને સરકાર એક્શનમાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. રાજ્ય સરકારે સુરતના મેયર, ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓને ગાંધીનગરનું તેડું આવ્યું હતું અને બંધ બારણે બેઠક યોજવામાં આવી હતી. આ સાથે આ ડિમોલિશનમાં સુરત પોલીસના અધિકારીઓની પણ ભૂમિકા હોવાથી તપાસની જવાબદાર સુરત ગ્રામ્ય પોલીસને આપી હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ ડિમોલિશન સુરતના કોઈ બિલ્ડરના ઈશારે થયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ અમિતભાઈ ચાવડાએ વીડિયો મેસેજ દ્વારા પ્રહારો કર્યા હતા કે ભાજપના રાજમાં ગુજરાતમાં બિલ્ડરો, ભૂમાફિયાઓ અને સરકારમાં બેઠેલા અમુક લોકોની મિલીભગતથી જમીનો પચાવી પાડવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. સરકારમાં બેઠેલા લોકોની ભાગીદારીથી તેને પ્રોત્સાહન મળે છે, તેમણે કહ્યું હતું કે ઉદ્યોગપતિ કે મોટા લોકોના દબાણો પર બુલડોઝર એક્શન લેવામાં નથી આવતા પણ ગરીબોની જમીન અને તેના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવે છે.

તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે જે લોકોએ ખોટું ડિમોલિશન કર્યું છે, જે પણ અધિકારીઓ સાથે રહ્યા હતા, જે પોલીસ અધિકારીઓએ ખોટી રીતે પોલીસ પ્રોટેક્શન આપ્યું હતું અને જે પણ કમિશનરનું અધિકારક્ષેત્ર હોય તે તમામની સામે આગામી ત્રણ દિવસમાં જવાબદારો સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી પોલીસ ફરિયાદ કરવામાં નહીં આવે તેમજ પીડિતોને વૈકલ્પિક વ્યવસ્થા નહીં મળે, તો પ્રદેશ કૉંગ્રેસ સમિતિનું પ્રતિનિધિમંડળ સુરત જઈને સ્થાનિક રહીશો સાથે રાખી ઉગ્ર આંદોલન કરશે.

# અંબાજીમાં શક્તિ કોરીડોર પ્રોજેક્ટની કામગીરી માટે ડિમોલિશન, ૩૦થી વધુ દબાણો પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજીમાં ભવ્ય શક્તિ કોરીડોર પ્રોજેક્ટ માટે તંત્ર દ્વારા 'ઓપરેશન દબાણ ૨.૦' શરૂ કરાયું છે. ડેપ્યુટી કલેક્ટર અને પોલીસ બંદોબસ્ત હેઠળ ૪ જગ્યાએ ૩૦થી વધુ મોટા દબાણો તોડવામાં આવ્યાં હતાં. આ કામગીરી મુખ્યત્વે મહેસૂલ વિભાગ (રેવન્યુ) અને અંબાજી ગ્રામ પંચાયત હસ્તકની જમીનો પર થયેલા ગેરકાયદે દબાણો હટાવવાં માટે કરવામાં આવી હતી. અંબાજીમાં ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ વિક્ષેપ ન સર્જાય તે માટે અંબાજી પોલીસ અને વધારાની એસઆરપીની ટુકડીઓ સહિતનો કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આઠ જૂનના રોજ સવારે અંબાજી ખાતે ચાર અલગ અલગ જગ્યા ઉપર દબાણ હટાવવાની કામગીરી પોલીસના ભારે બંદોબસ્ત સાથે ચાલુ કરાઈ હતી.

અંબાજીના બીએસસીસી કોમ્પ્લેક્ષ આગળ, જુનાનાકા, ગબ્બર રોડ અને આઠ નંબર પાણીની ટાંકી પાસેના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આશરે ૩૦ થી વધારે મોટા દબાણ અને અન્ય નાનાં કાચાં પાકાં દબાણો દૂર કરાયા હતા. અગાઉ પણ ગબ્બર રોડના રબારી વાસમાં ૮૯ દબાણ કોરીડોરમાં તૂટ્યા હતા. અંબાજીને વૈશ્વિક કક્ષાનું તીર્થધામ બનાવવા માટે મહાત્વાકાંક્ષી કોરિડોર પ્રોજેક્ટ પર છેલ્લા બે મહિનાથી કામ ચાલી રહ્યું છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ૧૬૩૨ કરોડનું જંગી બજેટ ફાળવવામાં આવ્યું છે. ફેબ્રુઆરી મહિનામાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા શક્તિ કોરિડોર પ્રોજેક્ટનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# નર્મદાની નહેરોમાંથી સિંચાઈ માટે આગામી તા. ૧૧ જૂનથી પાણી છોડવામાં આવશે, ખેડૂતોના સુકાતા પાકને નવજીવન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ખેડૂતોના કૃષિ પાક માટે સિંચાઈના પાણીની જરૂરિયાત ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં તા. ૧૧ જૂન ૨૦૨૬ ગુરુવારથી નર્મદાનું પાણી છોડવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો.

સામાન્ય આયોજન કરતાં વહેલા પાણી છોડવાના આ નિર્ણયને કારણે ખરીફ પાકની તૈયારી કરી રહેલા ખેડૂતોને મોટી રાહત મળશે.

સરકારના આ મહત્ત્વના નિર્ણયના કારણે નર્મદા કમાન્ડ વિસ્તારના હજારો ખેડૂતોને સીધો મોટો લાભ મળશે. ઉનાળાની વિદાય અને ચોમાસાના આગમન વચ્ચેના આ સમયગાળામાં પાણી મળવાથી ખેડૂતોના સુકાતા પાકને નવું જીવન મળશે અને ચિંતા દૂર થશે.

સરકાર દ્વારા યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં નહેરો દ્વારા પાણીના આયોજનબદ્ધ વિતરણ અંગે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા. ખેડૂતોના પાકને સમયસર પાણી મળી રહે તે માટે તંત્રને સંપૂર્ણ રીતે સજ્જ રહેવા જણાવાયું છે. પાણીનો યોગ્ય જથ્થો ઉપલબ્ધ હોવાથી આ વખતે નહેરોમાં વહેલું પાણી છોડવું શક્ય બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા કમાન્ડ વિસ્તારના સ્થાનિક ધારાસભ્યો અને સાંસદો દ્વારા ખેડૂતોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહેલું પાણી છોડવા માટે રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતોને પગલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને નર્મદા યોજનાના સિનિયર અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ આ સકારાત્મક નિર્ણય લેવાયો હતો.

# રાજકોટના હિરાસર એરપોર્ટ પર વિમાનના ટેકઓફ દરમિયાન બર્ડ હિટ, એર ઈન્ડિયાની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

અમદાવાદ: રાજકોટના નવા આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર મોટી વિમાન દુર્ઘટના ટળી હતી. રાજકોટથી દિલ્હી જઈ રહેલી એર ઇન્ડિયાની ફ્લાઇટ સાથે ટેકઓફ દરમિયાન અચાનક પક્ષી અથડાવાની (બર્ડ હિટ) ઘટના બનતા વિમાનમાં તાત્કાલિક ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. પક્ષી અથડાતાની સાથે જ વિમાનમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો અને મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. જો કે પાઇલોટે ભારે સતર્કતા અને કુશળતા દાખવીને ફ્લાઇટનું હિરાસર એરપોર્ટ પર જ તાત્કાલિક સુરક્ષિત ઇમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. પાઇલોટની કુનેહના કારણે મોટી જાનહાનિ ટળતા મુસાફરો અને એરપોર્ટ તંત્રએ રાહતનો શ્નાસ લીધો હતો. એર ઇન્ડિયાની આ ફ્લાઇટમાં કુલ ૧૨૪ જેટલા મુસાફરો સવાર હતા. વિમાન હજુ આકાશમાં થોડે જ ઉપર પહોંચ્યું હતું ત્યાં જ અચાનક એક પક્ષી સીધું વિમાનના એન્જિનના પંખા સાથે જોરદાર રીતે અથડાયું હતું. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે એરલાઇન્સના એન્જિનની બ્લેડને મોટું નુકસાન પહોંચ્યું હતું અને એન્જિનમાં તાત્કાલિક ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. પક્ષી અથડાવાની સાથે જ પાઇલોટને એન્જિનમાં ગરબડ હોવાનો સંકેત મળી ગયો હતો, જેથી તેમણે જરાય સમય ગુમાવ્યા વિના કંટ્રોલ રૂમને જાણ કરી હતી. એન્જિનની બ્લેડ તૂટવા છતાં પાઇલોટે ભારે ધૈર્ય અને કુશળતા દાખવીને વિમાન પર કાબૂ મેળવી રાખ્યો હતો. વિમાનને ખૂબ જ સાવચેતીપૂર્વક પાછું હિરાસર એરપોર્ટ તરફ વાળીને રનવે પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવ્યું હતું. વિમાન રનવે પર સફળતાપૂર્વક ઉતરી જતાં જ તમામ ૧૨૪ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સે રાહતનો શ્વાસ લીધો હતો. આ મોટી હોનારત ટળતાં જ એરપોર્ટ પ્રશાસન, સુરક્ષાકર્મીઓ અને મુસાફરોના પરિવારજનોમાં વ્યાપેલો ભય દૂર થયો હતો અને એરપોર્ટ ઓથોરિટીએ પણ હાશકારો અનુભવ્યો હતો.

આ ગંભીર ઘટના બાદ તરત જ એર ઇન્ડિયાની એન્જિનિયરિંગ અને ટેક્નિકલ ટીમ એક્શનમાં આવી ગઈ હતી અને ફ્લાઇટનું રિપેરિંગ કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું છે. એરપોર્ટના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, પક્ષી અથડાવાના કારણે એન્જિનને અંદરથી કેટલું નુકસાન થયું છે તેની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે. વિમાન સંપૂર્ણ રીતે રિપેર થઈ ગયા બાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન ડીજીસીએની એક ખાસ એક્સપર્ટ ટીમ દ્વારા તેની ઝીણવટભરી ચકાસણી અને સેફ્ટિ ઓડિટ કરવામાં આવશે.

# પશ્ચિમ એશિયાના યુદ્ધની અસર ઈન્ટરનેશનલ ઍર ટ્રાફિક પર: અમદાવાદ ઍરપોર્ટ પર મુસાફરોની સંખ્યા ઘટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ એશિયાની અશાંતિ અને તેને કારણે ઍરસ્પેસમાં પહોંચી રહેલી ખલેલને કારણે શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય (એસવીપીઆઈ) એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરોના ટ્રાફિક પર અસર પડી છે, છેલ્લા કેટલાક મહિનાઓમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે, તેમ અહેવાલો જણાવે છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના આંકડા અનુસાર, એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરોનો ટ્રાફિક માર્ચ ૨૦૨૫ માં ૧.૯૫ લાખથી ઘટીને માર્ચ ૨૦૨૬ માં ૧.૩૧ લાખ થયો હતો, જે વાર્ષિક ધોરણે ૩૨.૭% ઘટાડો થયાનું દર્શાવે છે. એપ્રિલમાં, ઍરપોર્ટે ૧.૪૯ લાખ આંતરરાષ્ટ્રીય મુસાફરોનું સંચાલન કર્યું હતું, જે ગયા વર્ષના આ સમયગાળા દરમિયાન ૧.૯ લાખ હતું, જે ૨૧.૯% નો ઘટાડો હોવાનું દર્શાવે છે. આ ઘટાડો મુખ્યત્વે ઍરસ્પેસ પરના પ્રતિબંધો, ફ્લાઇટ રદ કરવા અને ગલ્ફ-બાઉન્ડ સેવાઓને અસર કરતા ટાઈમટેબલને કારણે હોવાનું નિષ્ણાતો જણાવે છે. આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યા બાદ, ઘણા દેશોએ કામચલાઉ ધોરણે એરસ્પેસ પ્રતિબંધો લાદ્યા હતા, જેના કારણે એરલાઇન્સને દોહા, દુબઈ અને જેદ્દાહ જેવા મુખ્ય સ્થળોએ ફ્લાઇટ્સ સ્થગિત, ફરીથી રૂટ અથવા ફરીથી શેડ્યૂલ કરવાની ફરજ પડી હતી, તેમ સૂત્રો જણાવે છે. ટ્રાવેલ ઉદ્યોગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મુસાફરીને લગતી અનિશ્ચિતતાએ માંગને પણ અસર કરી છે, ઘણા મુસાફરો ફ્લાઈટ્સમાં થતા ડિલે, મુસાફરીમાં લગતો લાંબો સમય અને છેલ્લી ઘડીએ ફ્લાઈટ્સ રદ થવાની ચિંતાઓને કારણે ટ્રિપ્સ મુલતવી રાખે છે. આ મામલે એસવીપીઆઈ એરપોર્ટના સૂત્રો સાથે વાત થઈ શકી નથી.

# કાંકરિયાનો ક્રેઝ: વેકેશનના ૩૫ દિવસમાં ૬.૭૨ લાખ મુલાકાતીઓ આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલું કાંકરિયા લેકફ્રન્ટ શહેરના સૌથી અગ્રણી પ્રવાસન આકર્ષણોમાંના એક તરીકે ઊભરી આવ્યું છે. કાંકરિયાનું તળાવ એક સમયે તેના સ્થાપત્ય અને સાંસ્કૃતિક મહત્ત્વ માટે જાણીતું હતું અને આજે તે એક આધુનિક પ્રવાસન અને મનોરંજન સ્થળ તરીકે વિકસિત થયું છે, જે દર વર્ષે ગુજરાત, ભારત અને વિદેશમાંથી લાખો મુલાકાતીઓને આકર્ષિત કરે છે. કાંકરિયા લેકફ્રન્ટ આવનારા મુલાકાતીઓની સંખ્યામાં સતત થઈ રહેલો વધારો આ સ્થળની લોકપ્રિયતાને સ્પષ્ટપણે દર્શાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના જણાવ્યા અનુસાર, ૨૭ એપ્રિલથી ૩ જૂન, ૨૦૨૬ સુધીમાં કુલ ૬,૭૨,૭૮૫ મુલાકાતીઓએ કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લીધી હતી, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

કાંકરિયા લેકફ્રન્ટનું ૨૦૦૮માં સંપૂર્ણ રિડેવલપમેન્ટ કરીને તેને એક વિશ્વ-સ્તરીય જાહેર સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં આધુનિક સુવિધાઓ તેમ જ વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજનના આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો, જેના પરિણામે કાંકરિયા લેકફ્રન્ટ રાજ્યના અગ્રણી પ્રવાસન સ્થળોમાં સ્થાન પામ્યું છે.

કાંકરિયા લેકફ્રન્ટની સફળતા એ દર્શાવે છે કે, પ્રવાસન ક્ષેત્રે માળખાગત વિકાસમાં કરવામાં આવેલા વ્યૂહાત્મક રોકાણો કેવી રીતે શહેરી વિસ્તારોને આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્રોમાં પરિવર્તિત કરી શકે છે. પ્રવાસીઓને આકર્ષીને, સાંસ્કૃતિક સહભાગિતાને પ્રોત્સાહન આપીને અને રોજગારીની તકોનું સર્જન કરીને કાંકરિયા લેકફ્રન્ટે પ્રવાસન આધારિત વિકાસના વ્યાપક પ્રભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કાંકરિયા લેકફ્રન્ટ ખાતે પ્રવાસીઓની વધતી સંખ્યાના કારણે શહેરને નોંધપાત્ર આર્થિક લાભ થયો છે. શહેરમાં હૉસ્પિટાલિટી, ખાણી-પીણી અને રિટેલ ક્ષેત્રોને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે, જેના પરિણામે સ્થાનિક વ્યવસાયોને વેગ મળ્યો છે અને રોજગારીની નવી તકોનું સર્જન થયું છે. પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ આપવા માટે આ કોન્ફરન્સ દરમિયાન ફોકસ સેક્ટર તરીકે પ્રવાસન અને સંસ્કૃતિ ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, અમદાવાદનું કાંકરિયા લેકફ્રન્ટ એ બાબતનું નોંધપાત્ર ઉદાહરણ બન્યું છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

# સ્કૂલો શરૂ થઈ, વિદ્યાર્થી આવ્યા, પણ શિક્ષકોની અછતને લીધે નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યનું નવું શૈક્ષણિક વર્ષ સોમવાર, ૮ જૂનથી શરૂ થઈ ગયું છે. પહેલા દિવસે વિદ્યાર્થીઓને મીઠાઈ ખવડાવ્યાના અને આવકાર્યા હોવાના ફોટા અને વીડિયો વાયરલ થયા હતા, પરંતુ ભણતર માટે જેની સૌથી વધારે જરૂર છે તે શિક્ષકોની ભારે અછત પહેલા દિવસથી જ વર્તાઈ રહી છે. સરકાર દ્વારા જ્ઞાન સહાયકોની નિમણૂકો બાકી હોવાથી ઘણી સ્કૂલોમાં સ્ટાફની અછત છે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ સ્કૂલ શિક્ષકોની અછતનો સામનો કરી રહી છે. આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ ૩૧ મેના રોજ મોટી સંખ્યામાં શિક્ષકોની નિવૃત્તિ છે, જેના કારણે હજારો જગ્યાઓ ખાલી પડી હતી. આ ખાલી જગ્યાઓ ભરવા માટે અગાઉથી વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહેવા બદલ શિક્ષણ વિભાગની ટીકા થઈ રહી છે.

એક તરફ શિક્ષકોની નિવૃત્તિ અને બીજી બાજુ જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ ન થયા હોવાથી સ્થિતિ વધારે વણસી છે. પાછલા વર્ષોમાં, શાળાઓને કામચલાઉ અથવા મુલાકાતી શિક્ષકોની નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, સરકાર દ્વારા જ્ઞાન સહાયક યોજના લાગુ કરવાના સતત આગ્રહને કારણે, મુલાકાતી શિક્ષકોની નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવી નથી, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. આમ થવાથી ઉપલબ્ધ શિક્ષકો પર પણ ભારણ વધે છે અને વિદ્યાર્થીઓનું નુકસાન જાય છે. આ મામલે શિક્ષકો અને વાલીઓ બન્ને નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

# બનીઠનીને જ્વેલરી શોરૂમમાં આવેલી મહિલાએ કરી ચોરી, શોરૂમ માલિકોએ માનવતા બતાવી ફરિયાદ ન કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના પોશ વિસ્તારમાં આવેલા જ્વેલરી શોરૂમમાં એક મહિલાએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો અને લગભગ એકાદ લાખની કિંમતના દાગીના ચોરી લીધા હતા. જોકે અહીં હાજર સ્ટાફની સતર્કતાને કારણે મહિલા પકડાઈ ગઈ હતી, પરંતુ મહિલાની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખી શોરૂમ માલિકોએ પોલીસ ફરિયાદ કરી ન હતી. આ ઘટનાની મળતી વિગતો અનુસાર વડોદારાના રેસકોર્સ વિસ્તારમાં એક ૫૦ વર્ષ આસપાસની ઉંમરની મહિલા આવી હતી. મહિલા બનીઠનીને આવી હતી અને સોફિસ્ટીકેટેડ લાગતી હતી. મહિલા શો રૂમમાં દાગીના જોવા લાગ હતી અને સ્ટાફને વાતોમાં વ્યસ્ત રાખ્યો હતો. દરમિયાન તેણે એક વીટીં અને કાનની બુટ્ટી ચોરી મોઢામાં નાખી દીધી હતી. મહિલાની વર્તણૂક જોઈ સ્ટાફને શક જતા તેમણે દાગીનાની ગણતરી કરી ત્યારે તેમને ધ્યાનમાં આવ્યું કે અમુક વસ્તુઓ દેખાતી નથી. સ્ટાફે મહિલાને કડકાઈથી પૂછતા તેણે ચોરી કબૂલી બન્ને વસ્તુ મોઢામાંથી કાઢી આપી દીધી હતી, પરંતુ શોરૂમના સ્ટાફે પોલીસને જમા કરી હતી.

પોલીસે તપાસ કરી મહિલાની અટકાયત કરી હતી. દરમિયાન મહિલાએ અગાઉ પણ જ્વેલર્સ શોરૂમમાંથી ચોરી કરી હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાયું હતું. જોકે મહિલાની માનસિક સ્થિતિ સ્થિર ન લાગતા શોરૂમના માલિકોએ તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી, આથી પોલીસે મહિલાને છોડી દીધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

# દિલ્હીમાં કોળી સમાજના અધિવેશનમાં ગુજરાતના બે નેતાનું શક્તિ પ્રદર્શન

અમદાવાદ: દેશની રાજધાની દિલ્હીમાં યોજાનારા કોળી સમાજના બે અલગ અલગ અધિવેશનમાં ગુજરાતના બે નેતા કુંવરજી બાવળિયા અને હીરા સોલંકી શક્તિ પ્રદર્શન કરશે. દિલ્હીમાં અખિલ ભારતીય કોળી સમાજનું એક અધિવેશન ૨૧મી જૂને યોજાનાર છે ત્યારે તે પહેલા ૧૪મી જૂને બીજા એક અધિવેશનની જાહેરાત કરવામાં આવી છે. ૧૪મી જૂને ગુજરાતના કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાના નેતૃત્વમાં અધિવેશન યોજાનાર છે જ્યારે બીજી બાજુ ૨૧મી જૂને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ સાંસદ વિરેન્દ્ર કશ્યપના નેતૃત્વમાં રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે, જેમાં રાજુલાના ધારાસભ્ય અને અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હીરા સોલંકી ભાગ લેવાના છે. કોળી સમાજના નેતૃત્વ માટેની આ લડાઈ જાહેરમાં આવી ગઈ છે અને ગુજરાતમાં કુંવરજી બાવળિયા અને હીરા સોલંકી વચ્ચે કથિત કોલ્ડવોરની ચર્ચાએ જોર પકડ્યું છે.

વિરેન્દ્ર કશ્યપ દ્વારા ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ દિલ્હીના લાલ કટોરા સ્ટેડિયમ ખાતે રાષ્ટ્રીય અધિવેશન બોલાવવામાં આવ્યું છે. જ્યારે પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાત સરકારના કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાએ પણ ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ દિલ્હીના કોન્સ્ટિટ્યૂશન ક્લબ ઓફ ઇન્ડિયા ખાતે અલગ રાષ્ટ્રીય અધિવેશન યોજવાની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર દેશભરમાં કોળી સમાજની વસ્તી ૨૫ કરોડ હોવાનું અનુમાન છે. એક જ અઠવાડિયામાં બે અલગ અલગ અધિવેશન હોવાથી સમાજના લોકોમાં અસંમજસની સ્થિતિ સર્જાઈ છે.

# ગિરનારના ગાઢ જંગલોમાં શાકાહારી પ્રાણીઓની વસ્તી ગણતરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એશિયાટિક સિંહો માટે જાણીતું સાસણ ગીર અને ગીરજંગલ હાલમાં વિશેષ ચર્ચામાં છે. અહીં અંદાજે સિંહ અને સિંહબાળનાં મોતના અહેવાલોએ વન વિભાગ અને સ્થાનિક તંત્રને દોડતું કર્યું છે ત્યારે હવે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ગીરનું જંગલ શાકાહારી પ્રાણીઓનું પણ ઘર છે આથી વનવિભાગે મંગળવારથી શાકાહારી પ્રાણીઓની ગણતરીની શરૂઆત કરી છે.

આ ગણતરી બે દિવસ ચાલશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. આ ગણતરી ગિરનારની જૈવ વિવિધતા અને સંતુલન જાળવતા પ્રાણીઓનો ચોક્કસ ડેટા એકઠો કરવાના હેતુ સાથે કરવામાં આવે છે. આ ડેટા મેળવી વન્યપ્રાણીઓના જતન અને રહેઠાણ માટેની યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ગણતરીમાં વનવિભાગના ૧૫૦ જેટલા કર્મચારીનો સ્ટાફ જોડાયો છે. આ સાથે આધુનિક ટેકનોલોજી સાથે આ ગણતરી કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સામખિયાળી હાઈવે પર સર્જાયેલા ત્રિપલ અકસ્માતનો ઐતિહાસિક ચુકાદો

# મૃતકોના વારસદારોને ₹ ૨.૫૪ કરોડનું વળતર ચૂકવવા ભુજ ટ્રિબ્યૂનલનો આદેશ

ભુજ: કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળી ધોરીમાર્ગ પર છ વર્ષ પૂર્વે સર્જાયેલા એક પ્રાણઘાતક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના કરૂણ મોત નીપજવાના પ્રકરણમાં ભુજ મોટર અકસ્માત વળતર ટ્રિબ્યૂનલે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. નામદાર અદાલતે અકસ્માતનો ભોગ બનનારા ત્રણેય મૃતકોના વારસદારોને નવ ટકા વ્યાજ અને ખર્ચ સહિત કુલ રૂ. ૨,૫૪,૮૧,૦૦૦નું ન્યાયિક વળતર ચૂકવી આપવા સંબંધિત વાહનોની વીમા કંપનીઓને આદેશ કર્યો છે. વ્યસ્ત માર્ગો પર બેજવાબદારીપૂર્વક વાહનો પાર્ક કરનારાઓ માટે આ ચુકાદો લાલબત્તી સમાન છે.

કેસની વિગતો અનુસાર, ગત તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ અમૃતલાલ કુંવરજી ઠક્કર, ભુદરલાલ કુંવરજી ઠક્કર અને પાર્વતીબેન ભુદરલાલ ઠક્કર પોતાની કારમાં કચ્છ તરફ પરત આવી રહ્યાં હતાં. આ દરમિયાન સામખિયાળી ધોરીમાર્ગ પર માર્ગની વચ્ચે કોઈ પણ જાતના નિયમોનું પાલન કર્યા વિના પાર્ક કરી રાખેલા એક તોતિંગ ટ્રેઈલર સાથે તેમની કાર ધડાકાભેર અથડાતાં ત્રણેય વ્યક્તિઓના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ મામલે મૃતકોના આશ્રિત વારસદારો દ્વારા ભુજ ટ્રિબ્યૂનલ સમક્ષ અલગ-અલગ ત્રણ વળતર અરજીઓ દાખલ કરવામાં આવી હતી. ટ્રિબ્યૂનલે તમામ દલીલો અને પુરાવાઓ ગ્રાહ્ય રાખતાં સ્વ. અમૃતલાલના વારસદારોને રૂ. ૧,૫૭,૬૧,૦૦૦, સ્વ. ભુદરલાલના વારસદારોને રૂ. ૫૮,૭૭,૦૦૦ તેમજ સ્વ. પાર્વતીબેનના વારસદારોને રૂ. ૩૮,૩,૦૦૦ મળીને કુલ રૂ. ૨,૫૪,૮૧,૦૦૦ અરજી રજૂ કર્યાની તારીખથી ૯ ટકાના વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો છે.

અદાલતે ચુકાદામાં નોંધ્યું હતું કે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરીને વાહન પાર્ક કરવું અને તેની દેખરેખ માટે કોઈ માણસને હાજર ન રાખવો એ ગંભીર ગુનાહિત બેદરકારી છે. આ ઉપરાંત, મૃતકોની અંગત આવક તેમજ હિન્દુ અવિભક્ત કુટુંબની આવકની ગણતરી માટે સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટના વિવિધ ચુકાદાઓના સિદ્ધાંતોને ધ્યાને રાખી આ ન્યાયિક વળતર મંજૂર કરાયું છે.

આ કેસમાં અરજદારો વતી ભુજના જાણીતા ધારાશાસ્ત્રી રાજેશ પ્રેમજીભાઇ ઠક્કર અને હાર્દિક એન. જોબનપુત્રાએ હાજર રહી દલીલો કરી હતી.

# અમદાવાદમાં ૪,૮૫૦ કિલો ગાયનું શંકાસ્પદ નકલી ઘી પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ના ફૂડ વિભાગે આજે શહેરભરમાં ત્રણ સ્થળોએ તપાસ દરમિયાન ૩૧.૮૧ લાખ રૂપિયાની કિંમતનું ૪,૮૫૦ કિલો શંકાસ્પદ નકલી ગાયનું ઘી જપ્ત કર્યું હતું. બે બ્રાન્ડના ઘીના નમૂના પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે અને પરીક્ષણ પરિણામોના આધારે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મનપાની ટીમે આઠમી જૂને રેડ પાડી હતી. આ કાર્યવાહી દરમિયાન, અધિકારીઓએ સીટીએમમાં પૂર્વદીપ સોસાયટી પાછળ લક્ષ્મણભાઈ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતેના કમ્પાઉન્ડનું નિરીક્ષણ કર્યું હતું

અધિકારીઓએ પરિસરમાંથી આશરે ૩,૨૫૦ કિલો શંકાસ્પદ ગાયનું ઘી જપ્ત કર્યું, જેની કિંમત ૨૧.૩૧ લાખ રૂપિયા છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ નમૂના લેવામાં આવ્યા હતા, જ્યારે સમગ્ર સ્ટોક વેચાણમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો અને યુનિટને સીલ કરવામાં આવ્યું હતું. બંને બ્રાન્ડ્સનું ઉત્પાદન સાર્થક ફૂડ પ્રોડક્ટ્સ દ્વારા કરવામાં આવે છે, જે દસક્રોઈ તાલુકાના પાલડી-કાકંજ ગામ નજીક ઓડ-પીરાણા રોડ પર સ્થિત છે. મનપાએ કેસની વિગતો વધુ તપાસ માટે સંબંધિત રાજ્ય સરકારના અધિકારીઓને મોકલી છે.

તપાસ દરમિયાન, અધિકારીઓએ સમાન બ્રાન્ડના બે વધારાના વિતરકો, વટવામાં વિરકૃપા ટ્રેડિંગ અને દૂધેશ્વરમાં ત્રિશલા એજન્સીની પણ માહિતી મેળવી હતી. બંને સ્થળોનું નિરીક્ષણ કરવા માટે અલગ-અલગ ટીમો મોકલવામાં આવી હતી, જેના પરિણામે રૂ. ૧૦.૪૯ લાખની કિંમતના લગભગ ૧,૬૦૦ કિલો શંકાસ્પદ ઘીનું વેચાણ રોકી રાખવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. કુલ મળીને, મનપાના ફૂડ વિભાગે ૩૧.૮૧ લાખ રૂપિયાની કિંમતના ૪,૮૫૦ કિલો શંકાસ્પદ ગાયના ઘીનું વેચાણ અટકાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે લેબોરેટરી રિપોર્ટ્સ દ્વારા ઉત્પાદનોની ગુણવત્તા અને અધિકૃતતાની માહિતી મળ્યા બાદ વેપારીઓ અને અન્ય જવાબદાર વ્યક્તિઓ સામે વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 136 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 June 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૦ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE ₹ 13,896/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# ત્રણ વર્ષ સુધી નહીં વધે જેટ ફ્યુઅલના ભાવ

નવી દિલ્હીઃ એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) ના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે સરકારની એટીએફની કિંમતમાં સ્થિરતા લાવવાની યોજના લાગુ થઈ ગઈ છે. આ યોજના હેઠળ સ્થાનિક એરલાઇન કંપનીઓને ત્રણ વર્ષ સુધી નિશ્ચિત દરે ઇંધણ પૂરું પાડવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે જેથી તેમને વૈશ્વિક તેલના ભાવમાં વધઘટ સામે આંશિક રક્ષણ મળી શકે.

સરકારી માલિકીના ઇંધણ રિટેલરોએ મંગળવારે એટીએફના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો કર્યો હતો. આ પગલાનો હેતુ સ્થાનિક એરલાઇન્સ અને મુસાફરોને વૈશ્વિક ઓઈલ બજારમાં થતી વધઘટથી બચાવવાનો છે. સ્થાનિક એરલાઇન્સ માટે જેટ ઇંધણની કિંમત હવે પ્રતિ લિટર ૧૧૫ રૂપિયા હશે તે અગાઉ ૧૦૪.૯૨૭ રૂપિયા હતી.

આ નવી કિંમત એ એરલાઈન્સ માટે ત્રણ વર્ષ સુધી સ્થિર રહેશે જે સરકારની આ યોજનામાં સામેલ થશે. જે એરલાઇન્સ આ યોજનાનો વિકલ્પ પસંદ કરશે નહીં તેમને બજાર સાથે જોડાયેલી કિંમત ચૂકવવી પડશે. વર્તમાનમાં આ કિંમત પ્રતિ લિટર ૧૪૨ રૂપિયાની આસપાસ છે, જે આંતરરાષ્ટ્રીય કિંમત જેટલી છે. આ યોજનામાં સામેલ થનારી એરલાઇન્સને વૈશ્વિક બેન્ચમાર્કમાં થતા વધઘટથી રક્ષણ મળશે. દરમિયાન યોજનામાં સામેલ ન થનારી કંપનીઓને ભાવ ઘટાડાનો લાભ મળશે, પરંતુ આંતરરાષ્ટ્રીય ભાવમાં વધારો થતાં તેમને વધુ ખર્ચ કરવો પડી શકે છે. આ યોજના એરલાઇન્સને તેમના સંચાલન ખર્ચનું વધુ સારી રીતે આયોજન કરવામાં મદદ કરશે.

આ યોજના સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને એરલાઇન્સે સામેલ થવું છે કે નહીં તેનો નિર્ણય (જુઓ પાનું ૨) ▸▸

## જોઝિલા ટનલઃ વર્ષના ૩૬૫ દિવસ ખુલ્લો રહેશે કાશ્મીર-લદાખનો રસ્તો

નવી દિલ્હીઃ ભારતના ઇન્ફ્રાસ્ટ્રકચરના ઇતિહાસમાં ૯ જૂનનો દિવસ સુવર્ણ અક્ષરે લખાઇ ગયો છે. કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જમ્મુ-કાશ્મીરના સોનમર્ગ પહોંચીને એક બટન દબાવીને જોઝિલા ટનલના બંને છેડાઓને એકબીજા સાથે જોડી દીધા. ૧૪.૧૫ કિમી લાંબી આ ટનલ માત્ર એક ટનલ નથી, પરંતુ દાયકાઓ જૂના એક સપનાનું સાકાર થવું છે.

આ ટનલ એશિયાની સૌથી લાંબી 'સિંગલ-ટ્યુબ બાય-ડાયરેક્શનલ' રોડ ટનલ બનવા જઈ રહી છે, પરંતુ તેની કહાની માત્ર લંબાઈ અને રેકોર્ડ સુધી સીમિત નથી. આ એન્જિનિયરિંગનો એક એવો ચમત્કાર જેને પૂરો કરવામાં મોટી-મોટી કોર્પોરેટ કંપનીઓએ પણ હાર માની લીધી હતી.

જોઝિલા ટનલ શ્રીનગર-લેહ હાઇવે (એનએચ-વન) પર સોનમર્ગ અને મીનામર્ગ વચ્ચે બનાવવામાં આવેલી એક ખૂબ જ ખાસ રોડ ટનલ છે. તેની કુલ લંબાઈ ૧૪.૧૫ કિલોમીટર છે. મુખ્ય ટનલની બરાબર બાજુમાં બીજી ૧૪.૧૫ કિલોમીટર લાંબી (જુઓ પાનું ૨) ▸▸

## અમિત શાહે મોદી સરકાર ૩.૦ની સિદ્ધિઓની પ્રશંસા કરી

નવી દિલ્હી : નરેન્દ્ર મોદી સરકારે મંગળવારે ૧૨ વર્ષ પૂર્ણ કર્યા ત્યારે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે વડા પ્રધાનના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે દેશમાં ગરીબોના કલ્યાણ અને અભૂતપૂર્વ વિકાસનો એકસાથે અનુભવ થયો છે.

એક્સ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું કે ''મોદીજીના નેતૃત્વ હેઠળ, આ ૧૨ વર્ષમાં, દેશે પહેલીવાર ગરીબોના કલ્યાણ અને અભૂતપૂર્વ વિકાસની સમાંતર અનુભૂતિ જોઈ છે.''

એમણે ૮૦ કરોડ લોકો માટે મફત રાશન, ચાર કરોડથી વધુ ગરીબ પરિવાર માટે પાકા મકાનો, ૫૦ કરોડ લોકો માટે પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવર અને ૧૦ કરોડથી વધુ પરિવારો માટે એલપીજી કનેક્શન જેવા પગલાંનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ૯૦થી વધુ એરપોર્ટ અને ૧૪૦થી વધુ વંદે ભારત ટ્રેનના લોન્ચિંગનો પણ ઉલ્લેખ કર્યો, ઉપરાંત ૧.૪૫ લાખ કિલોમીટરના રસ્તા અને ૩૦૦૦ કિલોમીટરના (જુઓ પાનું ૨) ▸▸

## સીઆઈડીની ટીમ મમતા બેનરજીના નિવાસસ્થાને પહોંચી

કોલકાતાઃ તૃણમૂલ કોંગ્રેસ પક્ષમાં અભૂતપૂર્વ ફાટફૂટ તરફ દોરી જનાર વિધાનસભ્યોના બનાવટી સહીના વિવાદની તપાસ કરવા સીઆઈડીની ટીમ પક્ષની સેન્ટ્રલ પાર્ટી ઑફિસ ઉપરાંત ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીના કાલીઘાટ નિવાસસ્થાન પર પહોંચી હતી.

રાજ્ય તપાસ એજન્સી કાલીઘાટ પોલીસ સ્ટેશનના પોલીસો અને મહિલા પોલીસની ટુકડી ૩૦બી હરિશ ચેટરજી સ્ટ્રીટ પરની સેન્ટ્રલ ઑફિસમાં બપોરે પહોંચી હતી.

વિરોધ પક્ષના નેતાની માન્યતા મેળવવા સ્પીકરને મોકલવામાં આવેલી દરખાસ્તમાં ટીએમસી વિધાનસભ્યોની કથિત બનાવટી સહી અંગે માહિતી મેળવવા સીઆઈડીએ નોટિસ મોકલાવી (જુઓ પાનું ૨) ▸▸

### સોનિયાને મળ્યાં મમતા બેનરજી

નવી દિલ્હી : વિરોધ પક્ષના બ્લોક ઈન્ડિયાની બેઠકમાં જોડાણના ઘટકપક્ષો વચ્ચે બહેતર સંકલન અને એકતા પર ભાર મૂકવાના પગલે તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રીમો મમતા બેનરજી મંગળવારે કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીને ૧૦, જનપથમાં મળ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બન્ને નેતાઓએ રણનીતિ અંગે ચર્ચા કરી હતી. ઈન્ડિયા બ્લોકની મીટિંગ તથા પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં કારમા પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસના વિધાનસભ્યોનો પક્ષપલટાના સંદર્ભમાં આ બેઠક મહત્ત્વની ગણાય છે. ઈન્ડિયા બ્લોકની મીટિંગમાં સોનિયા અને મમતાએ એકમેકને ભેટીને તેમની વચ્ચેની ઉષ્મા દાખવી હતી. ■

## મોદીના શાસનમાં કાશ્મીરમાં સ્થિરતા અને શાંતિ આવી

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરમાં સહેલાણીઓની વધતી સંખ્યા અને ફિલ્મ બનાવાનું ચાલુ થયું છે એના પર ભાર મૂકતા સંરક્ષણ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન સંજય સેઠે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા આવી છે તથા વિકાસ થઈ રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે ગયા વર્ષે ૨.૧૪ કરોડ સહેલાણીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી, જ્યારે આ વર્ષે અત્યાર સુધી ૧.૭૭ કરોડ સહેલાણીઓએ કાશ્મીરની મુલાકાત લીધી છે. પુલવામા જિલ્લામાં એઈમ્સ અવંતીપુરા પ્રોજેક્ટની સમીક્ષા કર્યા બાદ તેમણે કહ્યું હતું કે અગાઉ ફિલ્મોનું શૂટિંગ કાશ્મીરમાં થતું હતું, પરંતુ ૧૯૮૦ના દાયકાના (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતથી નીકળેલા કુટુંબની કારને જળગાંવમાં અકસ્માતઃ છનાં મોત

મુંબઈઃ સગાઈમાં જવા ગુજરાતના વ્યારાથી નીકળેલા પરિવારની કારને જળગાંવ નજીક ભીષણ અકસ્માત થયો હતો. આ ઘટનામાં કારમાં પ્રવાસ કરનારા ચાર સહિત છ જણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ નંદલાલ મહાજન, અનિતા મહાજન, સુરેશ મહાજન, નિર્મલા મહાજન, નીલેશ તાવડે અને ફાલ્ગુની ભોઈ તરીકે થઈ હતી. અકસ્માતમાં કાર ડ્રાઈવર આદિત્ય મહાજન ગંભીર રીતે ઘવાયો હતો.

ગુજરાતના વ્યારા ખાતે રહેતું મહાજન કુટુંબ સગાઈમાં હાજરી આપવા ગુજરાતથી કારમાં નીકળ્યું હતું. તેમની કાર મંગળવારની સવારે સાત વાગ્યાની આસપાસ જળગાંવ જિલ્લાના અમળનેર-ધુળે હાઈવે પર લોંઢે ફાટા નજીક પહોંચી (જુઓ પાનું ૨) ▸▸

## જયપુરમાં ફેક્ટરીમાં આગ લાગવાથી ત્રણનાં મોત, પાંચ ઘાયલ

જયપુરઃ જયપુરના ખો-નાગોરિયન વિસ્તારમાં મંગળવારે એક નાના ઘરમાં ચાલતી ફેક્ટરીમાં આગ લાગવાથી ત્રણ જણનાં મોત થયાં હતાં અને પાંચ અન્ય ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

સ્થાનિક લોકોએ દાવો કર્યો હતો કે તે ફટાકડાની ફેક્ટરી હતી જેમાં મજૂરો કામ કરી રહ્યા હતા, જ્યારે પોલીસ ફોરેન્સિક તપાસ કરી રહી છે. એસએમએસ હોસ્પિટલના અધિક્ષક ડો. મૃણાલ જોશીએ જણાવ્યું હતું કે ત્રણ જણના મોત દાઝી જવાથી થયા છે. જયપુરના કલેક્ટર સંદેશ નાયકે સ્થળની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે ફાયર બ્રિગેડ દ્વારા આગ બુઝાવવામાં આવી હતી અને ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ''અમે વિસ્ફોટનો અવાજ સાંભળ્યો અને ઘરમાં દોડી ગયા. અમે પાણી ફેંકીને ઘરના એક ભાગમાં પ્રવેશ કરવામાં સફળ રહ્યા અને કેટલાક લોકોને બહાર કાઢ્યા હતાં.'' બચાવેલા ત્રણ વ્યક્તિ ખરાબ રીતે બળી ગયા હતા અને કદાચ બચાવ્યા પહેલા જ મૃત્યુ પામ્યા હોવાનો દાવો કરીને તેમણે કહ્યું કે બળી ગયેલા બે વ્યક્તિ બહાર રસ્તા પર પડેલા હતા અને કણસતા હતા. ■

## ટીએમસી નેતા જહાંગીર ખાનને પાંચ દિવસની પોલીસ કસ્ટડી

ડાયમંડ હાર્બર : 'ખંડણી' અને અન્ય આરોપોમાં ધરપકડ કરાયેલા તૃણમૂલ કોંગ્રેસના નેતા જહાંગીર ખાનને અહીંની એક કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. ઉત્તર બંગાળના પાણીટાંકી વિસ્તારમાં સોમવારે ભારત-નેપાળ સરહદ નજીકથી ખાનની ધરપકડ કરવામાં આવી હતી. ડાયમંડ હાર્બર સબ-ડિવિઝનલ કોર્ટે ફરિયાદ પક્ષની વિનંતી પર ફાલ્ટા પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ દાખલ કરાયેલી સાત એફઆઈઆરના સંદર્ભમાં ખાનને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યો. કલકત્તા હાઈ કોર્ટે ૨૬ મેના રોજ તેને આપેલી વચગાળાની સુરક્ષા રદ કરી હતી. ૧૮ મેના રોજ હાઈ કોર્ટે તેને બળજબરીથી રક્ષણ આપ્યું હતું, ફક્ત ખાનને ૨૧ મેના રોજ ફાલ્ટા ખાતે મતદાનમાં ભાગ લેવા માટે રક્ષણ અપાયું હતું, જેનું પરિણામ ૨૪ મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ખાને ૧૮ મેના રોજ મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા અને તેના માટે પ્રચાર કરવા માટે અરજી કરી હતી અને હાઈ કોર્ટ તરફથી વચગાળાની સુરક્ષા મેળવી હતી. ■

## તૃણમૂલ કોંગ્રેસના નેતા સબ્યસાચી દત્તની ધરપકડ

કોલકાતા : તૃણમૂલ કોંગ્રેસના નેતા સબ્યસાચી દત્તની મંગળવારે પશ્ચિમ બંગાળના નોર્થ ૨૪ પરગણા જિલ્લામાંથી ખંડણી અને ફોજદારી ધાકધમકી બદલ ધરપકડ કરવામાં આવી હતી. દત્ત બિધાનનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ ચેરમેન છે અને તેમની રાયગાચીમાં તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ એક (જુઓ પાનું ૨) ▸▸

## વીબી-જી રામ જી હેઠળ ૯૫,૬૯૨ કરોડ રૂપિયા ફાળવાયા

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ગુરુવારે નવી દાખલ કરાયેલી વિકસિત ભારત ગેરન્ટી ફોર રોજગાર એન્ડ આજીવીકા મિશન (ગ્રામીણ) (વીબી-રામ જી) યોજના કોઈ અંતરાય વિના દાખલ કરાય એ માટે ૯૫,૬૯૨ કરોડ રૂપિયાની વચગાળાની ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત કેન્દ્રના ગ્રામીણ વિકાસ ખાતાના પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કરી ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ રાજ્યને ભંડોળના અભાવનો સામનો નહીં કરવો પડે.

રાજ્યના ગ્રામીણ વિકાસ ખાતાના પ્રધાનો સાથે વાતચીત કર્યા બાદ શિવરાજ સિંહ ચૌહાણે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે નવી યોજનાના મુસદ્દાના નિયમો હજી ઘડવામાં આવી રહ્યા છે અને ૩૦ જૂન બાદ વિકાસની પ્રવૃત્તિ બેરોકટોક ચાલ્યા કરે એ માટે વચગાળાની ફાળવણી કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે કામદારોને કોઈ અસુવિધા ન થાય એ રીતે અમે મહાત્મા ગાંધી નેશનલ રૂરલ (જુઓ પાનું ૨) ▸▸

## ઓમાન દરિયાકાંઠે મર્ચન્ટ ટેન્કર પર મિસાઈલ હુમલો

### ભારતીય કોસ્ટ ગાર્ડે ૨૪ ભારતીય ક્રૂ મેમ્બરને બચાવ્યા

નવી દિલ્હી : ઓમાનના દરિયાકાંઠે એક મર્ચન્ટ ટેન્કર પર મિસાઇલ હુમલા બાદ ભારતીય કોસ્ટ ગાર્ડે ૨૪ ભારતીય ક્રૂ સભ્યને બચાવી લીધા હતા. તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને કોઈને ઈજાના અહેવાલ નથી. ભારતીય કોસ્ટ ગાર્ડ (આઈસીજી)એ મંગળવારે જણાવ્યું હતું કે, ઓમાનના દરિયાકાંઠે પલાઉનો જહાજ ધરાવતા એક મર્ચન્ટ ટેન્કર પર મિસાઈલ હુમલો થયો હતો. બાદમાં ઓમાનના અધિકારીઓ સાથે મળીને ટેન્કર પર સવાર ૨૪ ભારતીય ક્રૂ સભ્યને બચાવી લેવામાં આવ્યા છે.

આઈસીજીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ૮ જૂનના રોજ મુંબઈ સ્થિત મેરીટાઈમ રેસ્કયૂ કોઓર્ડિનેશન સેન્ટર (એમઆરસીસી)ને ટેન્કર 'એમટી મેરીવેક્સ' પર મિસાઇલ હુમલો થયાની જાણકારી મળી હતી. તે સમયે આ જહાજ ઓમાનના મસિરાહ પાસે ઊભું હતું. જહાજ પર ૨૪ કર્મચારી હતા જે તમામ ભારતીય નાગરિકો છે. આઈસીજીએ જણાવ્યું હતું કે, બોર્ડ પર રહેલા ક્રૂ (જુઓ પાનું ૨) ▸▸

## સંજીવ અરોરા કેસઃ ઈડીએ પંજાબ, ઉત્તર પ્રદેશમાં દરોડા પાડ્યા

જલંધરઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે મંગળવારે પંજાબના પ્રધાન સંજીવ અરોરા અને બીજાને સંડોવતા મની લોન્ડરિંગ કેસના સંબંધમાં નવેસરના દરોડા પંજાબના જલંધર અને લુધિયાણા અને ઉત્તર પ્રદેશના નોઈડાના છ સ્થળોએ પાડ્યા હતા. મૂળ કેસ મોબાઈલ ફોનના વેચાણમાં ૧૦૦ કરોડ જીએસટીની છેતરપિંડીનો છે. આમાં અરોરા સાથે સંકળાયેલી કંપની હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ કેસની તપાસ હેઠળના ઈસમ અને કંપનીઓના નિવાસસ્થાન અને બિઝનેસ ઑફિસમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

ગયા મહિને કેન્દ્રીય એજન્સીએ એક દિવસના દરોડા બાદ ૬૨ વર્ષના અરોરાની ચંડીગઢના તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી. (એજન્સી) ■

## ધોરણ નવ માટેના ત્રણ ભાષાના સીબીએસઈના નિયમને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને પડકાર્યો

નવી દિલ્હી : પહેલી જુલાઈથી શરૂ થતી સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની નવમા ધોરણ માટે બે દેશી ભાષાઓ સહિત ત્રણ ભાષા ભણાવવાની નીતિને પડકારતી નવી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવી છે. મહારાષ્ટ્રનાં ભૂતપૂર્વ પ્રધાન અને કેળવણીકાર ડૉક્ટર ફોઝિયા ખાને અરજીમાં દલીલ કરી હતી કે સીબીએસઈનો ૧૫ મેનો પરિપત્ર આપખુદ અને ગેરવાજબી છે. મુખ્ય બાબતમાં હસ્તક્ષેપ કરવા માટેની અરજીમાં ડૉક્ટર ફોઝિયા ખાને કહ્યું હતું કે આ પરિપત્રમાં એ વાત સ્વીકારવામાં આવી હતી કે શિક્ષકોની અછત (જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીઓકેમાં પાકિસ્તાન આર્મીનો હત્યાકાંડ, ભારતે હથોડો મારી દેવો જોઈએ

**પાકિસ્તાને** પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ફરી ભડકો થયો છે અને પ્રજાએ પાકિસ્તાન આર્મી સામે સીધો જંગ છેડી દીધો છે. પીઓકેની પ્રજાના આક્રોશને દબાવવા માટે પાકિસ્તાને દર વખતની જેમ દમન અને અત્યાચાર શરૂ કર્યા છે તેથી લાંબા સમયથી લોકો મરી રહ્યાં છે પણ સોમવારે પાકિસ્તાન આર્મીએ પાશવીપણાની બધી હદ વટાવી દીધી. પીઓકેમાં પાકિસ્તાન સામેના જનાક્રોશને વાચા આપવાનું કામ જોઈન્ટ અવામી એક્શન કમિટી જેએએસી કરી રહી છે તેથી પાકિસ્તાન આર્મીને જેએએસીના સભ્યોને શોધી શોધીને ઉપર પહોંચાડવા ફરમાન કરાયું છે. પાકિસ્તાન આર્મી તો આવી તકની રાહ જોઈને જ બેઠી હોય છે તેથી કાળો કેર વર્તાવી રહી છે ને જે હાથે ચડે તેને ગોળી મારીને ઉપર પહોંચાડી દે છે. તેમાં શાહઝૈબ હબીબ નામના યુવકનો વારો પડી ગયો ને પાકિસ્તાની રેન્જર્સે તેને ગોળીથી ઉડાવી દીધો.

સોમવારે પીઓકેના રાવલકોટમાં શાહઝૈબ હબીબની દફનવિધિ હતી તેથી મોટી સંખ્યામાં લોકો એકઠાં થયેલાં. દફનવિધી પતાવીને લોકો શાહઝૈબ હબીબ માટે પ્રાર્થના કરી રહ્યાં હતાં ત્યાં અચાનક પાકિસ્તાની સૈનિકો કબ્રસ્તાનમાં ઘૂસી ગયા ને લોકો કંઈ સમજે એ પહેલાં તો બેફામ ગોળીબાર શરૂ કરી દીધો. શોકસભામાં ભાગદોડ મચી ગઈ ને લોકો જયાંથી ભાગવા મળે ત્યાંથી ભાગ્યાં છતાં ૨૭ લોકો ગોળીનો ભોગ બનીને ઉપર પહોંચી ગયાં ને ૨૦૦ કરતાં વધારે લોકો ઘાયલ થઈ ગયાં.

કબ્રસ્તાનમાંથી ભાગી રહેલાં લોકોને ઘેરવા માટે બહાર સૈનિકો તૈયાર જ ઊભા હતા. લગભગ ૧૦૦ જેટલાં લોકોને ઉઠાવી ઉઠાવીને આર્મીનાં વાહનોમાં નાખ્યાં ને જેલમાં ધકેલી દેવાયાં. જેએસીસીએ આ મુદ્દે વિરોધ કર્યો છે, સોશ્યલ મીડિયા પર પાકિસ્તાન આર્મીના અત્યાચારના વીડિયો મૂક્યા છે પણ પાકિસ્તાન સરકારે જવાબ આપવાની તસદી સુધ્ધાં નથી લીધી. પીઓકેમાં કશું ના બન્યું હોય એ રીતે પાકિસ્તાન સરકાર વર્તી રહી છે.

પાકિસ્તાન તો નાલાયક છે તેથી તેની પાસેથી બીજા વર્તનની અપેક્ષા ના રખાય પણ આખી દુનિયા આ અત્યાચારો સામે ચૂપ છે. ભારતમાં કોઈ મુસ્લિમ પર અંગત કારણોસર પણ હુમલો થઈ જાય તો તરત દેકારો મચાવી દેવાય છે. ભારતમાં અસહિષ્ણુતાનો માહોલ છે, મુસ્લિમોને નિશાન બનાવાય છે એવો બકવાસ શરૂ થઈ જાય છે. દંભી માનવાધિકારવાદીઓ મોદી સરકાર અને હિંદુવાદીઓના નામનાં છાજિયાં લેવા માંડે છે પણ અહીં પાકિસ્તાન લોકોની લાશો પાડી રહ્યું છે ત્યારે સૌની બોલતી બંધ છે.

ભારતમાં મુસ્લિમોને સંડોવતી નાની પણ ઘટના બને ત્યારે મુસ્લિમોના પાંચસો હમદર્દો ઉભા થઈ જાય છે. મુસ્લિમ રાષ્ટ્રોથી શરૂ કરીને અમેરિકા-યુરોપમાં બેઠેલા માનવાધિકારવાદીઓ ભારત મુસ્લિમો માટે સૌથી ખરાબ દેશ હોય એવું ચિતરામણ કરવા મચી પડે છે, ભારતમાં મુસ્લિમો સલામત નથી એવાં રોદણાં શરૂ કરી દે છે. પીઓકેમાં મુસ્લિમો જ મુસ્લિમોને મારી રહ્યા છે ત્યારે બધા હમદર્દો ગાયબ છે. મરી રહેલા મુસ્લિમો માટે બોલવા કે પાકિસ્તાન આર્મીની વિરુધ્ધ બોલવા પણ કોઈ તૈયાર નથી. શોકસભામાં એકઠાં થયેલાં નિર્દોષ લોકો પર ગોળીઓ છોડનારા પાકિસ્તાન સામે સૌ ચૂપ છે.

વાસ્તવમાં આ સ્થિતિ લાંબા સમયથી છે. પાકિસ્તાન પીઓકેને લશ્કરના જોરે પોતાની એડી હેઠળ રાખીને બેઠું છે. પાકિસ્તાનને પીઓકેને કબજા હેઠળ રાખવામાં રસ છે, પીઓકેનાં લોકોનું ભલું કરવામાં રસ નથી તેથી કોઈ વિકાસ કર્યો નથી કે લોકોનું ભલું કરવા માટે કશું કર્યું નથી. આ કારણે વરસોથી પીઓકેમાં સ્થિતિ અત્યંત વિસ્ફોટક છે અને સમયાંતરે જનાક્રોશ ફાટી નિકળે છે, લોકો રસ્તા પર આવી જાય છે. અત્યારે પણ આવો જ પ્રચંડ જનાક્રોશ ફાટી નિકળ્યો છે અને લોકો રસ્તા પર આવીને પાકિસ્તાન આર્મીને નિશાન બનાવી રહ્યાં છે.

પીઓકેનાં લોકો આ રીતે ૨૦૨૫માં પણ ભડકેલાં. એ વખતે જનાક્રોશ એટલો પ્રચંડ હતો કે, પાકિસ્તાનની સરકાર હલી ગયેલી. અત્યાચારો કરીને લોકોને નહીં દબાવી શકાય એવું લાગ્યું એટલે પાકિસ્તાન સરકારે પેંતરો બદલીને જોઈન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) સાથે મુઝફ્ફરાબાદ સમજૂતી કરેલી. આ સમજૂતી હેઠળ પીઓકેનાં લોકોને ઘઉં સહિતના અનાજ અને વીજળી પર સબસિડી આપવી, આંદોલનમાં માર્યા ગયેલાં લોકોના પરિવારમાંથી એક વ્યક્તિને સરકારી નોકરી અને વળતર, વહીવટી સુધારા સહિતનાં વચનો અપાયેલાં.

પીઓકેનાં લોકોએ ભોળવાઈને સરકાર તેમનું ભલું કરશે એમ માનીને આંદોલન સંકેલી લીધું એટલે રાત ગઈ બાત ગઈ. પાકિસ્તાન સરકારે કોઈ વચન પૂરું ના કર્યું ને પીઓકેનાં લોકો હજુય બદતર સ્થિતિમાં જીવી રહ્યાં છે તેથી આક્રોશ પાછો પજરવા માંડેલો. એવામાં ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ૭ જૂને ને પીઓકેમાં ૨૭ જુલાઈએ ચૂંટણી જાહેર કરી દેવાઈ તેથી લોકો રસ્તા પર આવી ગયાં. સરકાર લોકોને ખાવા માટે અનાજ ના આપી શકે કે વીજળી ના આપી શકે ને બીજી તરફ લોકશાહી છે એવું બતાવવા માટે બંદૂકની અણીએ ચૂંટણી કરાવવાના તાયફા કરે તો બીજું શું થાય ? પાકિસ્તાન આ જનાક્રોશને બંદૂકના જોરે જ દબાવી દેવા માગે છે ને સામે લોકો પણ આર યા પારના મૂડમાં છે એ જોતાં રાવલકોટ જેવા બીજા પણ ઘણા હત્યાકાંડો થશે.

કમનસીબે પીઓકેમાં આટલો મોટો હત્યાકાંડ થઈ ગયો તેની સામે ભારતમાં કોઈ રીએક્શન જ નથી. પીઓકે ભારતનો જ ભાગ છે એ જોતાં પીઓકેમાં રહેનારા ભારતીયો જ કહેવાય. પાકિસ્તાન આર્મી ભારતીયોને ગોળીએ મારે ને હત્યાકાંડો કરે તેની સામે ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર હોહા કરી નાંખવી જોઈએ પણ એવું કશું થતું નથી. ભારત સરકારે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ને પીઓકેમાં ચૂંટણી યોજવા સામે વિરોધ કર્યો છે પણ પાકિસ્તાન પર તેની કોઈ અસર થઈ નથી. પાકિસ્તાન પોતાની ગતિમાં મસ્ત છે ને ગોળીઓથી લાશો ઢાળીને લોકશાહીનું નાટક કરી રહ્યું છે ત્યારે ભારતે વધારે ઉગ્ર વિરોધ કરવો જોઈએ.

પીઓકેમાં જનાક્રોશનો લાભ લેવા માટેની ભારતની રણનીતિ શું છે એ જાહેર ના કરી શકાય પણ રાજદ્વારી સ્તરે તો તમામ મંચ પર આ મુદ્દાને ઉગ્રતાથી ઉઠાવી જ શકાય. પાકિસ્તાન હત્યારું છે એવું લેબલ લગાવવા માટે પૂરી તાકાત લગાવી જ શકાય. પાકિસ્તાનનું આર્મી પોતાનું વર્ચસ્વ જાળવવા મુસ્લિમોની જ હત્યા કરી રહ્યું છે એ મુદ્દાને પણ આખી દુનિયા સામે અસરકારકતાથી મૂકવો જોઈએ.

પીઓકેમાં લોકો લાંબા સમયથી પાકિસ્તાનથી ખફા છે પણ ભારત તેનો લાભ લઈને પૂર્વ બંગાળમાં પેદા કરાયેલું એવું આંદોલન ઊભું કરી શકતું નથી. ભારત એ દિશામાં પ્રયત્ન કરતું જ હશે પણ તેનાં ધાર્યાં પરિણામો નથી મળી રહ્યાં એ જોતાં ભારતે અસરકારક વ્યૂહરચના બનાવવી પડે. પીઓકેની પ્રજા ભારત સાથે જોડાઈ જશે એવી વાતો કરવાથી નહીં ચાલે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ,
બુધવાર, તા. ૧૦-૬-૨૦૨૬, પંચક, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૪મો,માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૦૯-૨૧ સુધી, પછી રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા. ● સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટદ્ધ

- ભરતી : સવારે ક. ૦૭-૨૯, રાત્રે ક. ૧૯-૦૫
- ઓટઃ બપોરે ક. ૧૩-૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – દસમી. પંચક, ભદ્રા ક. ૧૩-૫૧ થી ૨૪-૫૭. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો. ● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવા વસ્રો, આભૂષણ, વાસણ, હજામત, પશુ લે-વેંચ, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરીના કામકાજ, ધાન્ય ભરવું, માલ લેવો, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- પુરુષોત્તમ માસ મહિમાઃ પંચાંગ અનુસાર આ મહિનો આપણને પ્રકૃતિ અને બ્રહ્માંડની ગતિના તાલમેલની સાથે જીવવાની પ્રેરણા આપે છે.
- આચમનઃ બુધ-શનિ ચતુષ્કોણ કઠોર, ચંદ્ર-શનિ યુતિ બહુ પહોંચેલા, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ બુધ-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પીએમએલએ કેસઃ ઈડીએ પિનરાઈ વિજયનની પુત્રીને સમન્સ પાઠવ્યા

કોચીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કેરળમના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનની પુત્રી વીણા ટી અને રેતી ખાણ કંપની કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઇલ લિમિટેડ (સીએમઆરએલ) ના અધિકારીઓને મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે.

ઇડી આરોપની તપાસ કરી રહી છે કે સીએમઆરએલ એ આઇટી કન્સલ્ટન્સી સર્વિસીસના નામે એક્સાલોજિક સોલ્યુશન્સને રૂ. ૨.૭૮ કરોડની છેતરપિંડીથી ચૂકવણી કરી હતી.

એજન્સીએ જણાવ્યું હતું કે વીણાને ૧૨ જૂને અહીં કેન્દ્રીય એજન્સીના ઝોનલ ઓફિસમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. તેનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ નોંધવામાં આવશે.

સીએમઆરએલના મેનેજિંગ ડિરેક્ટર શશિધરન કાર્થા અને કંપનીના અન્ય અધિકારીઓનો સમાવેશ નવ અન્ય લોકોમાં થાય છે જેમને આ અઠવાડિયાથી શરૂ થતી અલગ અલગ તારીખે પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યા છે, તેવું એજન્સીએ જણાવ્યું હતું.

આ તપાસ સીએમઆરએલના નાણાકીય વ્યવહારોમાં કથિત અનિયમિતતાઓ અને વીણાની હવે બંધ થયેલી કંપની એક્સાલોજિક સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ સાથેના તેના સંબંધો સાથે સંબંધિત છે.

કાર્થા દ્વારા સંચાલિત એમ્પાવર ઇન્ડિયા કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ નામની બીજી કંપનીએ પણ સમયસર ચુકવણી કરવામાં નિષ્ફળતા છતાં એક્સાલોજિક સોલ્યુશન્સને ૫૦ લાખ રૂપિયાની લોન આપી હતી, એમ ઇડીએ જણાવ્યું હતું.

એજન્સીએ જણાવ્યું હતું કે સીએમઆરએલ મેનેજમેન્ટ અને વીણાએ આ પ્રક્રિયામાં ''ગુનાની આવક'' ઊભી કરી હતી અને તે તેમની પાસેથી આ વ્યવહારો પાછળનો તર્ક સમજવા માગે છે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલયની તપાસ શાખા એસએફઆઈઓ દ્વારા નોંધાયેલી ફરિયાદની નોંધ લીધા પછી ઇડીએ માર્ચ ૨૦૨૪માં પીએમએલએ કેસ દાખલ કર્યો હતો, જેણે બાદમાં એપ્રિલ ૨૦૨૫ માં એર્નાકુલમ કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી.

જાન્યુઆરી ૨૦૧૯માં આવકવેરા વિભાગના દરોડા બાદ સીએમઆરએલ કેન્દ્રીય તપાસ એજન્સીઓના નિશાના પર આવી ગયું હતું, જેમાં ૧૩૦ કરોડ રૂપિયાના કથિત ખોટા ખર્ચનો પર્દાફાશ થયો હતો.

કોર્ટના દસ્તાવેજો દર્શાવે છે કે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૮-૧૯ વચ્ચે 'પરિવહન' અને 'કાદવ હેન્ડલિંગ' ના શીર્ષક હેઠળ 'બોગસ' રોકડ ખર્ચ બુક કરીને તેના ખર્ચમાં ₹૧૩૩.૮૨ કરોડનો વધારો કર્યો હતો, અને રોકડ ઉત્પન્ન કરી હતી જેનો ઉપયોગ રાજકારણીઓ, પક્ષો, મીડિયા હાઉસ અને જાહેર સેવકોને ગેરકાયદેસર ચુકવણી કરવા માટે કરવામાં આવ્યો હતો. ■

# ભારત એ ધર્મશાળા નથીઃ યોગી

લખનઊઃ જે લોકો દેશમાં આસ્થા ધરાવતા નથી અને તેની પરંપરાનો આદર કરતા નથી એવા લોકોની ધર્મશાળા ભારત નથી, એમ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું. તેમણે 'લવ જેહાદ' અને લૅન્ડ જેહાદ' સામે સાવધાન રહેવા કહ્યું હતું. જગતગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્યની લખનઊમાં નવ દિવસની શ્રીરામ કથા મહોત્સવના સમાપન સમારોહમાં બોલતા યોગીએ કહ્યું હતું કે રાજકીય ધ્યેય અને પૂર્વગ્રહથી પ્રેરાઈને જૂજ લોકોના અપવાદ સિવાયના બીજા બધા લોકો જેમનામાં ભારતનો ડીએનએ છે તેઓ કોઈ પણ સ્વરૂપમાં ભગવાન રામના આદર્શોને તેમના જીવનનો ભાગ બનાવે છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ભગવાન રામ એવી વિભૂતી છે કે જે ધર્મને ધ્યાનમાં રાખ્યા વિના દરેક ભારતીયને એક કરે છે. આથી જ રામજન્મભૂમિ ચળવળ સદીઓઓ સુધી ચાલી હતી. (એજન્સી) ■

# કાશ્મીરના પૂંછમાં ઘૂસ્યું પાકિસ્તાની ડ્રોન

મેંઢર/જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં પાકિસ્તાની ડ્રોને ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી કર્યા બાદ સેનાના જવાનોએ તેના પર ફાયરિંગ કર્યું હતું. પરંતુ થોડો સમય ભારતીય ચોકીઓ પર મંડરાયા બાદ પાકિસ્તાની ડ્રોન પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) પરત ફર્યું હતું, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે સોમવારે મોડી રાત્રે મેંઢર સેક્ટરના બાલાકોટ વિસ્તારમાં ભારતની કેટલીક ચોકીઓ પર ડ્રોન જોવા મળ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સેનાના જવાનોએ ડ્રોન પર લગભગ નવ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો, પરંતુ તે ઊંચાઈ પર ઊડતું હોવાથી જવાનો લક્ષ્યને હિટ કરવામાં નિષ્ફળ ગયા હતા. સુરક્ષા દળોએ મંગળવારે વહેલી સવારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું જેથી ખાતરી કરી શકાય કે ડ્રોને આ વિસ્તારમાં ઉડાન દરમિયાન કોઈ એરડ્રોપિંગ કર્યું હતું કે નહીં. ■

પાકિસ્તાની આતંકી શહઝાદ ભટ્ટી કેસ

# હરિયાણા-પંજાબમાં એનઆઈએના દરોડા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનએઆઈ) એ મંગળવારે પંજાબ અને હરિયાણામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડા પાકિસ્તાન સ્થિત આતંકવાદી શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા ત્રણ આતંકવાદી-ગેંગસ્ટર નેટવર્ક કેસોના સંદર્ભમાં પાડવામાં આવ્યા હતા. એનઆઈએની ટીમોએ બંને રાજ્યોના નવ જિલ્લાઓમાં ૧૮ સ્થળોએ એક સાથે શોધખોળ હાથ ધરી હતી. કેસ સંબંધિત માહિતી એકત્રિત કરવા માટે કેટલાક લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. દરોડા દરમિયાન એનઆઈએએ અસંખ્ય ડિજિટલ ડિવાઈસ અને દસ્તાવેજો જપ્ત કર્યા હતા. તપાસ એજન્સીએ ત્રણેય કેસોમાં વિવિધ કોમ્યુનિકેશન નેટવર્ક અને નાણાકીય ટ્રાન્ઝેક્શનના પુરાવા પણ શોધી કાઢ્યા હતા.

તપાસ દરમિયાન એકઠી કરવામાં આવેલી બધી માહિતી અને પુરાવાઓને ફોરેન્સિક અને ટેકનિકલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ કેસ સરહદ પારના કાવતરાનો ખુલાસો કરી શકે છે. એનઆઈએની અત્યાર સુધીની તપાસમાં શહઝાદ ભટ્ટીની માર્ચ ૨૦૨૫માં પંજાબના જલંધરમાં સોશ્યલ મીડિયા ઈન્ફ્લૂએન્સર રોજર સંધૂના ઘર પર થયેલા ગ્રેનેડ હુમલામાં સંડોવણી હોવાનો ખુલાસો થયો છે. એપ્રિલ ૨૦૨૬માં એજન્સીએ ભટ્ટીને ભાગેડુ જાહેર કર્યો અને કેસમાં અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. એનઆઈની તપાસમાં ખુલાસો થયો કે ભટ્ટીએ નવેમ્બર ૨૦૨૫માં હરિયાણાના સિરસા ખાતે મહિલા પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ અને જાન્યુઆરી ૨૦૨૬માં હરિયાણાના અંબાલામાં બલદેવ નગર પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ કરવાનું કાવતરું ઘડ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ત્રણ વર્ષ સુધી

જાતે લેવાનો રહેશે. યોજનામાં સામેલ થતી એરલાઇન્સે પ્રતિ લિટર ૮૬.૩૨ રૂપિયાની નિશ્ચિત ફ્રી-ઓન-બોર્ડ બેન્ચમાર્ક કિંમત ચૂકવવી પડશે. આમાં એરપોર્ટ ચાર્જ, ઓઇલ કંપની માર્જિન અને લાગુ કરનો સમાવેશ થાય છે.સૂત્રોએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ, એરલાઇન્સ પ્રતિ લિટર ₹૮૬.૩૨ના મૂળ ભાવે અઝઋ મેળવશે. પેટ્રોલિયમ માર્કેટિંગ કંપનીઓ દ્વારા થતા નુકસાનની ભરપાઈ કરવા અને એરલાઇન્સને ખર્ચની અસ્થિરતાથી બચાવવા માટે સરકારે આ પગલું ભર્યું છે. કેન્દ્રીય મંત્રીમંડળે આ હેતુ માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી આપી છે. આ યોજનામાં જોગવાઈ છે કે જો વૈશ્વિક ભાવ આધાર દરથી ઉપર જાય છે તો સરકાર તેલ કંપનીઓને વ્યાજમુક્ત નાણાં આપીને તફાવતની ભરપાઈ કરશે. જો કે, જો ભાવ ઘટશે તો આ તફાવત કંપનીઓ પાસેથી વસૂલ કરવામાં આવશે અને ભારતના કોન્સોલિડેટેડ ફંડમાં જમા કરવામાં આવશે.એરલાઇન્સના કુલ સંચાલન ખર્ચમાં એટીએફનો હિસ્સો આશરે ૪૦ ટકા છે અને ભાવમાં વધુ વધઘટ દરમિયાન આ ૬૦ ટકા સુધી પહોંચી શકે છે. મે મહિનામાં આંતરરાષ્ટ્રીય જેટ ઇંધણના ભાવ પ્રતિ લિટર ૧૪૨ રૂપિયા જેટલા વધી ગયા જેના કારણે એરલાઇન ખર્ચ અને ભાડા પર દબાણ આવ્યું હતું. ■

### મોદીના

ઉત્તરાર્ધમાં અશાંતિ સર્જાતા કાશ્મીરમાં ફિલ્મોનું શૂટિંગ ઓછું થઈ ગયું. જોકે હવે એ પાછું વધવા માંડ્યું છે. ગયા વર્ષે કાશ્મીર ખીણમાં ૪૦૦ ફિલ્મનું શૂટિંગ થયું. વડા પ્રધાન હંમેશાં કાશ્મીર અને ઈશાન ભારતની મુલાકાત લેવાનો આગ્રહ રાખે છે. આપણું ભારત કાશ્મીરથી કન્યાકુમારી સુધી એક જ છે. સંજયે કહ્યું હતું કે હું ૧૯૭૯ના દાયકાથી કાશ્મીરની નિયમિત મુલાકાત લઉં છું. એ દિવસોના કાશ્મીર અને હાલના કાશ્મીરમાં મોટો ફેરફાર છે. કાશ્મીરમાં ઘણો વિકાસ થયો છે. અને છેલ્લાં ૧૨ વર્ષ તો અજોડ રહ્યા છે. તેમણે વધુમાં માહિતી આપી હતી કે કાશ્મીરમાં તાજેતરના વર્ષોમાં ક્રિકેટ બેટનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. ભારતે ૩૦ લાખ બેટ બ્રિટન, ઑસ્ટ્રેલિયા અને સઉદી અરેબિયા જેવા દેશોમાં નિકાસ કર્યા છે. તેમણે એઈમ્સ પ્રકલ્પ વિશે બોલતા કહ્યું હતું કે આ મોદી તરફથી કાશ્મીરના લોકોને ભેટ છે. હવે લોકોને સારવાર માટે દિલ્હી કે ચંડીગઢ નહીં જવું પડે. (એજન્સી) ■

### અમિત શાહે

આધુનિક એક્સપ્રેસવેના નિર્માણનો પણ ઉલ્લેખ કર્યો. ભારતના આર્થિક વિકાસનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે મોદીના નેતૃત્વમાં દેશ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની ગઈ છે. ''મોદીજીએ આ ૧૨ વર્ષોમાં એક પણ દિવસની રજા લીધા વિના રાષ્ટ્ર અને તેના નાગરિકોની અથાક સેવા કરી છે,'' એવું તેમણે કહ્યું. શાહે કહ્યું કે આવા પરિવર્તન ત્યારે જ શક્ય બને જ્યારે નેતૃત્વનો ઇરાદો શુદ્ધ હોય, લક્ષ્યો રાષ્ટ્રીય હિતમાં હોય અને સમર્પણ સંપૂર્ણ હોય. ૨૦૨૪ની સંસદીય ચૂંટણીમાં બીજી નિર્ણાયક જીત બાદ, ૯ જૂન, ૨૦૨૪ના રોજ મોદીએ સતત ત્રીજી વખત વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા. તેમણે ૨૬ મે, ૨૦૧૪ના રોજ પ્રથમ વખત વડા પ્રધાન તરીકે શપથ લીધા. તેમનો બીજો કાર્યકાળ ૩૦ મે, ૨૦૧૯ના રોજ શરૂ થયો. ■

### તૃણમૂલ કૉંગ્રેસના

વેપારીની ફરિયાદના આધારે કરાઈ છે. વેપારીએ ફરિયાદ કરી હતી કે બિધાનનગરના ભૂતપૂર્વ મેયરે ૨૦૧૮માં મારી પાસેથી એક કરોડ રૂપિયની માગણી કરી હતી. આ ફરિયાદના આધારે દત્તની સામે એફઆઈઆર લખવામાં આવ્યો હતો અને તેમની ધરપકડ કરાઈ હતી. દત્તે તબીબી તપાસ માટે તેમને લઈ જતી વખતે પત્રકારોને કહ્યું હતું કે જો તેઓ સાબિત કરે કે મેં એક રૂપિયો પણ લીધો છે તો મને ફાંસી અપાય. (એજન્સી) ■

### ઓમાન દરિયા

સભ્યોમાંથી એકના સંબંધીએ આ જાણકારી એમઆરસીસીને આપી હતી. નિવેદનમાં કહ્યું કે જાણકારી મળ્યા બાદ એમઆરસીસીએ મિસાઇલ હુમલા પછી ભારતીય ક્રૂને બચાવવા માટે ઓમાનના અધિકારીઓ સાથે મળીને કામ કર્યું હતું. એમઆરસીસી મુંબઈએ તાત્કાલિક ઓમાન મેરીટાઇમ સર્ચ ઍન્ડ રેસ્ક્યૂ સેન્ટર સાથે વાત કરી અને જહાજ અને તેના ક્રૂને તાત્કાલિક સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી. જહાજ હાલમાં ઓમાનના મસિરાહ પાસે ઊભું છે. ■

### ઝોજિલા ટનલ

'એસ્કેપ ટનલ' (કટોકટીના સમયમાં બહાર નીકળવા માટેનો રસ્તો) પણ તૈયાર કરવામાં આવી છે, એટલે કે કુલ મળીને ૨૮ કિલોમીટરથી વધુ ખોદકામ કરવામાં આવ્યું છે.

આ ટનલ સમુદ્ર સપાટીથી લગભગ ૧૧,૫૭૫ ફૂટની ઊંચાઈ પર આવેલી છે, બરાબર એ જ ઝોજીલા પાસની નીચે, જે શિયાળામાં છ મહિના માટે બરફમાં દટાઈ જાય છે અને આખો લદાખ વિસ્તાર બાકીની દુનિયાથી કપાઈ જાય છે.

તેને એશિયાની સૌથી લાંબી 'સિંગલ-ટ્યુબ, બાય-ડાયરેક્શનલ' રોડ ટનલ એટલા માટે કહેવામાં આવે છે, કારણ કે તેમાં એક જ મોટી નળી (ટનલ) છે જેમાં બંને તરફથી વાહનોની અવરજવર ચાલુ રહેશે. આના કારણે સામસામેથી આવતો ટ્રાફિક એકસાથે ચાલી શકશે અને કટોકટીની સ્થિતિમાં લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે 'એસ્કેપ ટનલ' રસ્તો પૂરો પાડશે. આ બંને ટનલને દર ૫૦૦ મીટરના અંતરે 'ક્રોસ-પેસેજ'થી જોડવામાં આવી છે, જેથી એક ટનલમાંથી બીજી ટનલમાં ઝડપથી પહોંચી શકાય.

આ ટનલ વ્યૂહાત્મક (સુરક્ષાની) દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ ધરાવે છે. આનાથી લદાખમાં સેના અને જરૂરી સમાન વધુ ઝડપથી અને સરળતાથી પહોંચાડી શકાશે. આ ટનલ સેનાને પાકિસ્તાન સાથેની એલઓસી અને ચીન સાથેની એલએસી પર પોતાની સૈન્ય તૈયારીઓ મજબૂત કરવામાં મદદ કરશે.

શિયાળામાં અને ખરાબ હવામાનના કારણે ઝોજીલા પાસ અવારનવાર બંધ થઈ જતો હતો. જેના લીધે સૈન્ય સામાન અને જરૂરી સામગ્રી પહોંચાડવામાં મોટી મુશ્કેલીઓ ઊભી થતી હતી. મે-જૂન ૨૦૨૦માં પૂર્વી લદાખમાં ચીન સાથેના વિવાદ અને ગલવાન ખીણની હિંસક ઝડપ પછી, ખરાબ અને મુશ્કેલ રસ્તાઓને કારણે સેના અને ભારે હથિયારો તહેનાત કરવા ભારત માટે એક મોટો પડકાર બની ગયો હતો. અધિકારીઓનું કહેવું છે કે ઝોજીલા ટનલને સત્તાવાર રીતે ખલ્લી મૂકવામાં આવે તે પહેલાં જ, કટોકટીની સ્થિતિમાં સેના અને સામાન્ય નાગરિકો આનો ઉપયોગ કરી શકશે. ■

### ગુજરાતથી

ત્યારે ગમખ્વાર અકસ્માત થયો હતો.

કહેવાય છે કે કાર પહેલાં સામેથી આવેલી બાઈક સાથે ટકરાઈ હતી અને પછી એસટી બસ સાથે ભટકાઈ હતી. બસ અમળનેરથી ધુળે તરફ જઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જેને પગલે બાઈકસવાર તાવડે અને ફાલ્ગુનીનાં પણ મૃત્યુ થયાં હતાં.

અકસ્માત થતાં જ સ્થાનિક રહેવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. કારમાં ફસાયેલા એક બાળકને મહામુશ્કેલીએ બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે ગંભીર જખમી કાર ડ્રાઈવર આદિત્યને સારવાર માટે નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેના પગમાં ફ્રેક્ચર થયું હતું. અકસ્માતમાં બસના અમુક પ્રવાસીને પણ ઇજા થઈ હોવાનું કહેવાય છે. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

### વીબી-જી રામ જી હેઠળ

એમ્પલોયમેન્ટ ગેરન્ટી ઍક્ટ (મનરેગા)થી વીબી-જી રામ જીમાં વળી રહ્યા છે. કાર્યની ઉપલબ્ધિમાં એક દિવસનો પણ અંતરાય નહીં આવે. ચૌહાણના જણાવ્યા પ્રમાણે ઉત્તર પ્રદેશને સૌથી વધારે ફાળવણી ૯,૭૨૧.૪૮ કરોડ રૂપિયાની કરાઈ છે. ત્યાર બાદ પશ્ચિમ બગાળને ૮,૫૦૮ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. રાજસ્થાનને ૭,૫૮૧.૮૭ કરોડ રૂપિયાની, આંધ્ર પ્રદેશને ૭,૭૦૭.૨૧ કરોડ રૂપિયાની અને બિહારને ૬,૭૧૫.૮૩ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. રાજ્યોને ૯૨,૫૫૦.૧૭ કરોડ રૂપિયાની અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૧,૨૯૧.૫૨ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. (એજન્સી) ■

### સીઆઈડીની ટીમ

હતી. ઘટનાસ્થળે હાજર સીઆઈડી અધિકારીઓના જણાવ્યા અનુસાર ટીએમસીના મહામંત્રી અભિષેક બેનરજીએ અગાઉની નોટિસ પર આપેલા જવાબના આધારે સેન્ટ્રલ ઑફિસમાં તપાસ કરવા સીઆઈડીની ટીમ આવી ગઈ હતી. અભિષેકે નોટિસના જવાબમાં કહ્યું હતું કે વિધાનસભ્યોની સહી પક્ષની મધ્યસ્થ કચેરીમાં લેવામાં આવી હતી. આ નિવેદનના સંબંધમાં મંગળવારે અમારી ટીમે કચેરીમાં શોધ કરી હતી. જોકે તપાસ ટીમને ઑફિસની અંદર આવવા દેવાઈ નહોતી અને આને લીધે ઑફિસના મેનેજમેન્ટ અને પોલીસ વચ્ચે બોલાચાલી થઈ હતી.

ટીએમસીના નેતા અને ભૂતપૂર્વ સાંસદ સુભાશિષ ચક્રવર્તીએ કહ્યું હતું કે મેં અભિષેકની ગેરહાજરીમાં કચેરીમાં શોધ ચલાવાની ના પાડી હતી. અને કહ્યું હતું કે અભિષેક આવે ત્યારે સીઆઈડીની ટીમ આવી શકે છે. (એજન્સી) ■

### ધોરણ નવ માટેના

છે અને આમ છતાં તેનો અમલ ફરજિયાત બનાવામાં આવ્યો છે. આનું વ્યવહારિક પરિણામ એ છે કે પરિપત્રને લીધે દક્ષિણના રાજ્યમાં હિન્દી ફરજિયાત રીતે દાખલ થશે અને ઉત્તરના રાજ્યોમાં સંસ્કૃત ફરજિયાત રીતે દાખલ થશે.

ફોઝિયા ખાન રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી-એસસીપીનાં છે. તેમણે કહ્યું હતું કે બિનહિન્દી રાજ્યોમાં હિન્દી કે સંસ્કૃત દાખલ કરવાથી નેશનલ એજ્યુકેશન નીતિ-૨૦૨૦નો ભંગ થાય છે.

સર્વોચ્ચ અદાલતે ૨૭ મેએ સીબીએસઈની ત્રણ ભાષાને ફરજિયાત બનાવતી નીતિને પડકારતી અરજી પર નોટિસ ફટકારી હતી.

સીબીએસઈના તાજેતરના પરિપત્રમાં ઓછામાં ઓછી બે દેશી ભાષા સહિત ત્રણ ભાષા પહેલી જુલાઈથી નવમા ધોરણના વિદ્યાર્થીને ભણાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. (એજન્સી) ■

# ૮૯ વર્ષીય દાદીની સંભાળ ન રાખતા લાતુર ટ્રિબ્યૂનલે ગિફ્ટ ડીડ રદ કરી

લાતુરઃ મહારાષ્ટ્રના લાતુર જિલ્લાની ટ્રિબ્યુનલે ૮૯ વર્ષીય મહિલાની સંભાળ અને ભરણપોષણ પૂરું પાડવામાં નિષ્ફળ પૌત્ર અને પ્રપૌત્રને વૃદ્ધાએ કરેલી ગિફ્ટ ડીડ રદ કરી નાખી હતી.

વરિષ્ઠ નાગરિકોની સંભાળ રાખવી માત્ર નૈતિક જવાબદારી નથી, પરંતુ મિલકત ટ્રાન્સફર કરતી વખતે આવી ખાતરીઓ કાયદેસર રીતે લાગુ પાડી શકાય તેવી શરત છે, એમ સિનિયર સિટીઝન્સ ટ્રિબ્યુનલના પ્રિસાઇડિંગ ઓફિસર રોહિણી નરહે-વિરોલેએ આદેશમાં જણાવ્યું હતું.

૧૮ માર્ચે જારી કરાયેલા આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ કેસ લાતુર જિલ્લાના કારસા ગામમાં ત્રણ હેક્ટર ખેતીની જમીનનો હતો.

કેસના રેકોર્ડ મુજબ, હૌસાબાઈ લહાડેએ તેમના પૌત્ર અને પ્રપૌત્રના નામે રજિસ્ટર્ડ ગિફ્ટ ડીડ દ્વારા મિલકત ટ્રાન્સફર કરી હતી. આ ટ્રાન્સફર એ સમજૂતી પર કરવામાં આવ્યું હતું કે લાભાર્થીઓ તેમની સંભાળ રાખશે. જોકે, એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે લાભાર્થીઓ તેમની જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા, જેના કારણે વૃદ્ધ મહિલાએ વાલીઓ અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ હેઠળ કાનૂની હસ્તક્ષેપ કરવાની ફરજ પડી.

ટ્રાન્સફર સાથે જોડાયેલી શરતોનું ઉલ્લંઘન થયું હોવાનું નોંધીને, ટ્રિબ્યુનલે રજિસ્ટર્ડ ગિફ્ટ ડીડ રદ કરવાનો આદેશ આપ્યો. વધુમાં ડીડના આધારે કરવામાં આવેલી રેવન્યુ મ્યુટેશન એન્ટ્રીઓને તાત્કાલિક રદ કરવાનો પણ નિર્દેશ આપ્યો, જેનાથી મૂળ માલિકી હકોનું રક્ષણ થયું.

ટ્રિબ્યુનલે વિવાદિત સમયગાળા દરમિયાન જમીનમાંથી મેળવેલા કોઈપણ સરકારી લાભો, સબસિડી, પાક વીમાના દાવાઓ અથવા અન્ય નાણાકીય લાભો વ્યાજ સાથે પરત કરવાનો પણ આદેશ આપ્યો હતો.

વધુમાં સૂચના આપી હતી કે ભવિષ્યમાં મિલકતના સંબંધમાં કોઈ દખલગીરી કે અવરોધ ન આવે. ટ્રિબ્યુનલે મિલકત ટ્રાન્સફર દસ્તાવેજોમાં જાળવણી અને સંભાળની જવાબદારીઓને સ્પષ્ટ રીતે સમાવિષ્ટ કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. (પીટીઆઈ)■

# લગ્ને લગ્ને કુંવારો ઠગ નવી દિલ્હી ઍરપોર્ટ પર પકડાયો

**▸ મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્ક સાધી યુવતીઓ સાથે લગ્ન કરી રૂપિયા પડાવતો ▸ પબ-હૉટેલમાં મોજશોખ માટે ૯૦ લાખની છેતરપિંડી ▸ અશ્લીલ વીડિયોથી યુવતીઓને બ્લૅકમેઈલ પણ કરતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગ્ને લગ્ને કુંવારા એવા તેલંગણાના ઠગને થાણે પોલીસે નવી દિલ્હી ઍરપોર્ટ પરથી પકડી પાડ્યો હતો. મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્ક સાધીને પ્રેમજાળમાં ફસાવી યુવતીઓ સાથે લગ્ન કર્યા પછી આરોપી રૂપિયા પડાવતો. દેશ-વિદેશનાં પબ-હોટેલમાં મોજશોખ માટે ૯૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરનારા આરોપીએ નાણાં પાછાં માગનારી યુવતીને બ્લૅકમેઈલ પણ કરી હોવાનું કહેવાય છે.

કાસારવડવલી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સુરેશ રવીન્દ્ર (૩૭) તરીકે થઈ હતી. પોલીસે તેની વિરુદ્ધ લૂક આઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કર્યું હતું. રશિયાથી પાછા ફરેલા આરોપીને નવી દિલ્હી ઍરપોર્ટ પરથી તાબામાં લેવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ તેલંગણામાં રહેતો આરોપી મેટ્રિમોનિયલ સાઈટ પરથી યુવતીઓનો સંપર્ક સાધતો હતો. વિવિધ પ્રલોભનો અને વાતોમાં ફસાવી આરોપી પ્રેમનું નાટક કરતો. પછી યુવતી સાથે મંદિરમાં લગ્ન કરી તેની પાસેથી નાણાં પડાવતો હતો. રૂપિયા લઈને આરોપી રફુચક્કર થઈ જતો હતો. થાણેમાં રહેતી યુવતી સાથે પણ આ જ રીતે પ્રેમનું નાટક કરી આરોપીએ મંદિરમાં લગ્ન કર્યાં હતાં. પછી ઑસ્ટ્રેલિયા, રશિયામાં નોકરીએ લગાવવા સહિતનાં અન્ય વચનો આપી ફૉર્ચ્યુનર કાર અને ૪૮ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ રકમ દેશ-વિદેશમાં પબ, હોટેલમાં મોજમજા પાછળ આરોપીએ ઉડાવી હતી. આ દરમિયાન આરોપીએ યુવતી સાથેના શારીરિક સંબંધના વીડિયો બનાવી લીધા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીએ કોઈ વચન ન પાળતાં યુવતીએ રૂપિયા પાછા માગ્યા તો અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આરોપીએ આપી હતી. આખરે યુવતીએ કાસારવડવલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ તેલંગણા રાજ્યમાં પણ એક યુવતી સાથે લગ્ન કરીને તેનું શારીરિક શોષણ કર્યું હતું. યુવતી પાસેથી ૧૫ લાખ અને તેના ફ્રેન્ડ્સને યુરોપમાં નોકરી અપાવવાની લાલચે આરોપીએ ૧૮ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ મામલે ૩૩ લાખ રૂપિયાની છેતરપિંડીનો ગુનો અલ્લાપુર રાજ્યમાં નોંધાયો હતો. ત્યાંની પોલીસ આરોપી સુરેશની શોધ ચલાવી રહી હતી.

વિશાખાપટ્ટનમમાં એક મહિલા સાથે નવ લાખની છેતરપિંડી કરનારો આરોપી અન્ય મહિલાઓના સંપર્કમાં હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. જોકે આરોપી રશિયામાં હોવાથી પોલીસે તેની સામે એલઓસી ઈશ્યુ કર્યું હતું. મહિનાના પ્રારંભમાં આરોપી નવી દિલ્હી ઍરપોર્ટ પર પહોંચતાં જ ઈમિગ્રેશન વિભાગના અધિકારીએ તેને તાબામાં લીધો હતો અને કાસારવડવલી પોલીસને જાણ કરી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીએ અન્ય ચાર યુવતીને આ રીતે છેતરી હોવાની કબૂલાત કરી હતી. ■




# લગ્નની લાલચે મહિલા પર બળાત્કારઃ રિક્ષાચાલકની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં લગ્નની લાલચે મહિલા પર બળાત્કાર ગુજારવાના આરોપસર ૩૨ વર્ષના રિક્ષાચાલકની ધરપકડ કરવામાં આવી હતી. ભિવંડી વિસ્તારમાં રહેનારી ૩૨ વર્ષની મહિલા સાથે આરોપીએ મિત્રતા કરી હતી અને ત્યાર બાદ લગ્નનું તેને આશ્વાસન આપ્યું હતું. આરોપી પંદરમી ઑક્ટોબર, ૨૦૨૩થી ૧૭ મે, ૨૦૨૬ દરમિયાન મહિલા પર ઘણીવાર બળાત્કાર ગુજાર્યો હતો, એવો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. મહિલાએ આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને રવિવારે તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પાણીથી ભરેલા ખાડામાં સ્વિમિંગ કરવા ઊતરેલો યુવક ડૂબી ગયો

થાણેઃ થાણે જિલ્લામાં પથ્થરની ખાણમાં પાણીથી ભરેલા ખાડામાં સ્વિમિંગ કરવા ઊતરેલા ૨૦ વર્ષના યુવકનું ડૂબી જવાથી મૃત્યુ થયું હતું.

દિવા વિસ્તારમાં બેતાવડે ગામમાં સોમવારે રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, એમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું.

મૃત્યુ પામેલા યુવકની ઓળખ મોનુ સોલંકી તરીકે થઇ હતી, જે સોમવારે રાતે પાણી ભરેલા ખાડામાં સ્વિમિંગ કરવા માટે ઊતર્યો હતો. જોકે ઊંડાણનો ખયાલ ન રહેતા તે ડૂબી ગયો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ તેમ જ અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને એક કલાક સુધી સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. જોકે અંધારાને કારણે તે બંધ કરી દેવાયું હતું.

બીજે દિવસે સવારે ફરી મોનુ સોલંકીની શોધ ચલાવવામાં આવી હતી અને તેનો મૃતદેહ આખરે મળી આવ્યો હતો, જેને પોસ્ટમોટમ માટે હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)■







# અજિતદાદા પર અપમાનજનક નિવેદન

## કોર્પોરેટરની પક્ષમાંથી હકાલપટ્ટી

પુણેઃ અજિત પવારના નિધનને ૪ મહિના થયા હોવા છતાં કાર્યકર્તાઓ તેમને યાદ કરે છે, પરંતુ બારામતીના નગરસેવક કિશોર માસલની એક વાંધાજનક ઓડિયો ક્લિપ વાઇરલ થઈ રહી છે. આ ક્લિપમાં તેમણે ‘‘રૂપાલી તાઈ મરવી જોઈએ અને અજિત પવાર મરી ગયો તેનાથી મને કોઈ ફરક નથી પડ્યો‘‘ એવું ઘૃણાસ્પદ નિવેદન કર્યું હતું. આ નિવેદનની ગંભીર નોંધ લઈને એનસીપી પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ કિશોર માસલને પક્ષમાંથી કાઢી મૂક્યા હતા. સામે આવેલી માહિતી મુજબ, કિશોર માસલ અજીત પવારના ખૂબ નજીકના ગણાતા હતા. તેઓ અજિત પવારના માનીતા લોકોની યાદીમાં સામેલ હતા. તાજેતરમાં તેમની ઓડિયો ક્લિપ વાઇરલ થયા બાદ હવે રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાંથી તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે. ક્લિપ વાઇરલ થયા બાદ કિશોર માસલે માફી માગી હતી. માસલે કહ્યું હતું કે, ચાર દિવસ પહેલા મારી ઓડિયો ક્લિપ વાઇરલ થઈ હતી. તેમાં મેં અજિત પવાર વિશે ખોટું નિવેદન આપ્યું હતું. હું અજિત પવારના પરિવારની માફી માગું છું. (પીટીઆઇ)■




# શ્રી સિદ્ધિવિનાયક મંદિરનો ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કરાશે પુનર્વિકાસ

મુંબઈઃ મુંબઈના પ્રસિદ્ધ શ્રી સિદ્ધિવિનાયક મંદિરનો ઉજ્જૈનના મહાકાલ મંદિરના આધારે પુનર્વિકાસ કરવામાં આવનાર છે. આ માટે મુંબઈ પાલિકા દ્વારા અંદાજે ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

મંદિરનો પુનર્વિકાસ તબક્કાવાર કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૦૦થી ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સુશોભીકરણ કરવામાં આવશે. કેટલાક લોકો આ પ્રકલ્પમાં મુશ્કેલી ઊભી કરી રહ્યા છે, પરંતુ આ યોજના હેઠળ સ્થાનિક રહેવાનીઓને થતી તકલીફો દૂર કરવામાં આવશે તથા વિકાસકામને ગતિ આપવા માટે પ્રયત્ન થઇ રહ્યા છે. તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા આ પ્રકલ્પ અંગેની ચર્ચા થઇ રહી હોવાનું શ્રી સિદ્ધિવિનાયક ટ્રસ્ટના સદા સરવણ કરે જણાવ્યું હતું.

લોકોમાં ચર્ચા છે કે આ પ્રકલ્પ માટે સિદ્ધિવિનાયક ટ્રસ્ટને ૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે, પરંતુ આ વાત તદ્દન ખોટી છે. આ વિકાસકાર્ય માટે પાલિકા દ્વારા ખર્ચ કરવામાં આવશે. તે નાણાં સીધા ટ્રસ્ટના ખાતામાં જમા થવાના નથી, એમ સરવણકરે જણાવ્યું હતું.

રાજ્યના અનેક ધાર્મિકસ્થળોની કાયાપલટ કરવામાં આવી રહી છે અને તેની માટે સરકાર ભંડોળ પૂરું પાડી રહી છે. તેના આધારે જ સિદ્ધિવિનાયક મંદિરનો પણ વિકાસ કરવામાં આવી રહ્યો છે.

પ્રથમ તબક્કામાં મંદિરના બહારના વિસ્તારનું સુશોભીકરણ કરવામાં આવશે જેના હેઠળ મંદિરની બહાર મોટો પ્રવેશ દ્વાર બનાવવામાં આવશે. (પીટીઆઇ)■

# ગુટકા માફિયાઓ દ્વારા મહિલા અધિકારીને કાર નીચે કચડી નાખવાનો પ્રયાસ

## સરકારે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો

મુંબઈઃ છત્રપતિ સંભાજીનગરમાં ગુટકા સામેની કાર્યવાહીમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન ગુટકા માફિયાએ પોતાની કાર દ્વારા ફૂડ એન્ડ સેફ્ટી મહિલા અધિકારને પોતાની કાર નીચે કચડી કાઢવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ સરકાર તરફથી સંબંધિત લોકો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પ્રધાન નરહરિ જિરવાલે સોમવારે બનેલી આ ઘટનાને વખોડી કાઢી હતી અને સંબંધિતો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યોહતો.

ગેરકાયદે ગુટકાની હેરાફેરી સામેની કાર્યવાહી દરમિયાવ ગુટકા માફિયાઓએ મહિલા અધિકારને કાર નીચે કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

મહિલા અધિકારી પોતાની ફરજ બજાવી રહી હતી ત્યારે ગુટકા માફિયાઓએ તેની કાર નીચે તેમને કચડી કાઢી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ઝિરવળે તે મહિલા અધિકારી સાથે ફોન પર વાત કરી હતી અને સંબંધિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવવાની ખાતરી આપી હતી. ‘પોતાની ફરજ બજાવી રહેલા અધિકારીઓની સલામચી માટે સરકાર અને વહીવટીતંત્ર બહુ ગંભીર છે. સંપૂર્ણ વહીવટીતંત્ર તે મહિલા અધિકારીની સાથે છે’, એમ ઝિરવળે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પુણેમાં દારૂગોળાની ફેક્ટરીના પરિસરમાં વિસ્ફોટક વસ્તુ ફાટતાં મજૂરનું થયું મૃત્યુ

પુણેઃ પુણેમાં એમ્યુનેશન ફેક્ટરી ખડકી (એએફકે)ના પરિસરમાં શંકાસ્પદ વિસ્ફોટક વસ્તુ ફાટતાં કોન્ટ્રેક્ટ પરના ૨૦ વર્ષના મજૂરનું મૃત્યુ થયું હતું.

સોમવારે બપોરે આ ઘટના બની હતી અને મજૂરનું સારવાર દરમિયાન મંગળવારે મૃત્યુ થયું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એએફકેના પરિસરમાં સિવિલ વર્ક પ્રોજેક્ટ હેઠળ ટોઇલેટનું બાંધકામ ચાલી રહ્યું હતું અને કાર્તિક બરમન નામનો મજૂર ત્યાં કામ કરી રહ્યો હતો.

બપોરના ત્રણ વાગ્યાની આસપાસ કન્સ્ટ્રક્શન સાઇટ નજીક કાર્તિક પાણી પીવા માટે ગયો હતો, જ્યાં પ્લમ્બિંગ મટિરિયલ રાખવામાં આવ્યું હતું.

કાર્તિક પગથિયાં પર બેઠો હતો અને શંકાસ્પદ વસ્તુને હાથમાં લઇ તેને જોઇ રહ્યો હશે ત્યારે તેમાં ધડાકો થયો હતો, એવું કહેવાય છે. ધડાકામાં કાર્તિકને ગંભીર ઇજા પહોંચી હતી.

ખડકી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર વિક્રમ કદમે જણાવ્યું હતું કે મજૂરને ત્વરિત સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં મંગળવારે તેનું મૃત્યુ થયું હતું.

કાર્તિક કયા પ્રકારની વિસ્ફોટક વસ્તુ હાથમાં લઇને જોઇ રહ્યો હતો તે જાણી શકાયું નહોતું. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)■




# લાતુરમાં ‘મધર ઈન્ડિયા’

## બળદ મૃત્યુ પામ્યો એટલે દંપતીએ પોતે હળ ઊંચકીને ખેતર ખેડવાનું શરૂ કર્યું

લાતુરઃ લાતુર જિલ્લામાં ફિલ્મ ‘મધર ઈન્ડિયા’ જેવું એક દશ્ય જોવા મળ્યું હતું જેમાં દંપતી બળદ ન હોવાને કારણે ખેતરમાં પોતે હળથી ખેતર ખેડતા જોવા મળે છે. વીજળી પડવાની ઘટનામાં એક દંપતીનો બળદ મૃત્યુ પામ્યો હતો. તેથી દંપતીને પોતે વજનદાર હળ ઊંચકીને ખેતર ખેડવાની ફરજ પડી હતી.

ખેડૂત કાશીનાથ અને તેની પત્ની ઔસાબાઇ પૈસા ન હોવાને કારણે નવા બળદ ખરીદી કરી શકતા નહોતા. તેથી હિંમત હાર્યા વગર બન્ને જણે પોતે જ હળ ઊંચકીને ખેતર ખેડવાનું શરૂ કર્યું હતું. આ અંગેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો જેમાં ઔસાબાઇ ખભા પર હળ ઊંચકીને તથા કાશીનાથ પાછળથી ખેડર ખેડતા નજરે પડે છે.

આ દંપતી લાતુર જિલ્લાના દેવની તહેસિલના રહેવાસી હતા.

આ ઘટનાની જાણ થતા જ એનસીપી-એસપીના વિધાનસભ્યએ સરકાર પાસે તે ખેડૂતનો તાત્કાલિક નાણાકીય સહાય કરવાની માગણી કરી હતી. તેમણે કહ્યું હતું કે જરૂરતમંદ ખેડૂતોને બિનશરતી કૃષિ લોનમાફી કરવાની જરૂર છે. (પીટીઆઇ)■










# બેંકને નિવેદનો આપવાથી રોકવાની લીલાવતી ટ્રસ્ટની અરજીને હાઇ કોર્ટે ફગાવીઃ ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે મંગળવારે લીલાવતી હોસ્પિટલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી વચગાળાની અરજીને ફગાવી દીધી હતી, જેમાં એચડીએફસી બેંક, તેના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શશિધર જગદીશન અને અન્ય લોકોને ટ્રસ્ટ અને તેના સભ્યો વિરુદ્ધ કોઈપણ બદનક્ષીભરી ટિપ્પણી કરવાથી રોકવાની માંગ કરવામાં આવી હતી. લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટે બેંક પાસેથી રૂ. ૧,૦૦૦ કરોડના નુકસાનની માંગણી કરતા માનહાનિના દાવામાં વચગાળાની અરજી દાખલ કરી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેણે અને તેના વરિષ્ઠ અધિકારીઓએ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કથિત રીતે બદનક્ષીભર્યા નિવેદનો પ્રકાશિત કર્યા હતા અને ટ્રસ્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું. બેંકે અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટીઓએ બેંક પાસેથી પૈસા ઉધાર લીધા હતા અને ચુકવણીમાં ડિફોલ્ટ થયા હતા.

અરજી ફગાવતા ન્યાયાધીશ સોમશેખર સુંદરેશનની બેન્ચે નોંધ્યું હતું કે નિવેદનો બદનક્ષીભર્યા નહોતા અને હકીકતમાં સચોટ હતા.

કોર્ટે ટ્રસ્ટ પર ૫ લાખ રૂપિયાનો દંડ પણ લાદ્યો હતો, જે તેણે એચડીએફસી બેંકને ચૂકવવો પડશે, સાથે નોંધ્યું હતું કે આ અરજી ટ્રસ્ટ દ્વારા કાર્યવાહીને પાટા પરથી ઉતારવા માટે એક બીજી અરજી હતી. બેન્ચે ઉમેર્યું હતું કે એચડીએફસી બેંક દ્વારા ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટી પ્રશાંત મહેતા દ્વારા બેંકના નાણાં ચૂકવવાના નિવેદનો હકીકતમાં સાચા હતા. એચડીએફસી અને તેના વરિષ્ઠ અધિકારીઓ વિરુદ્ધ સતત મીડિયા અભિયાનને કારણે જ આ નિવેદનો જરૂરી બન્યા હતા, એમ હાઇકોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# મુસાફરો માટે ખુશખબરઃ મુંબઈ મેટ્રો-૧૪ માટે ગેમ ચેન્જર પ્લાનઃ મેટ્રો ખાડી નીચે દોડશે

મુંબઇ : મુંબઇ મહાનગરની વધતી જતી વસ્તી અને પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, મેટ્રો ૧૪ પ્રોજેક્ટને ગતિ આપવા માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવાનું આયોજન છે અને હવે એવી શક્યતા છે કે પ્રથમ તબક્કામાં શિલ્ફાટાથી બદલાપુર રૂટને પ્રાથમિકતા આપવામાં આવશે. તેથી ભવિષ્યમાં બદલાપુર અને આસપાસના વિસ્તારોના લાખો નાગરિકોને મોટી રાહત થશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનના મહત્ત્વપૂર્ણ મેટ્રો પ્રોજેક્ટ્સમાંના એક, મેટ્રો ૧૪ના પ્રથમ તબક્કામાં, શિલફાટાથી બદલાપુર સુધીનો લગભગ ૨૫ કિલોમીટરનો માર્ગ વિકસાવવામાં આવી શકે છે. એવું પણ જાણવા મળ્યું છે કે આ માર્ગનો કેટલોક ભાગ મેટ્રો ૧૨એ માર્ગને સમાંતર હશે. આ પ્રસ્તાવિત માર્ગ ભવિષ્યમાં બદલાપુર, નીલજે, ઘનસોલી, મહાપે અને શિલફાટા વિસ્તારોના નાગરિકોને વધુ ઝડપી અને આરામદાયક જાહેર પરિવહન સુવિધાઓ પૂરી પાડશે તેવી અપેક્ષા છે. બીજા તબક્કામાં, શિલફાટાથી કાંજુરમાર્ગ સુધીના મહત્ત્વપૂર્ણ માર્ગને વિકસાવવાનો પ્રસ્તાવ છે. જોકે, આ તબક્કો પ્રમાણમાં વધુ પડકારજનક માનવામાં આવે છે. કારણ કે આ માર્ગમાં , થાણે ખાડી હેઠળ મેટ્રો લાઇન વિકસાવવી પડશે. પર્યાવરણીય મંજૂરી સહિત વિવિધ તકનીકી પ્રક્રિયાઓને કારણે, આ તબક્કામાં વધુ સમય લાગી શકે છે.

દરમિયાન, પ્રોજેક્ટનો વિગતવાર અભ્યાસ કરવા માટે એક સલાહકાર સમિતિની નિમણૂક કરવાની તૈયારી ચાલી રહી છે.

# મહારાષ્ટ્રે ડુંગળીના ભાવમાં ઘટાડો, નિકાસ નીતિની અસરનો અભ્યાસ કરવા માટે નિષ્ણાત પેનલની રચના કરી

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે મંગળવારે ડુંગળીના ભાવમાં થઈ રહેલા ઘટાડાને પહોંચી વળવા અને આ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે તાત્કાલિક અને લાંબા ગાળાના પગલાં લેવાની ભલામણ કરવા માટે એક નિષ્ણાત પેટા-સમિતિની રચના કરી. એપ્રિલમાં સહકાર, માર્કેટિંગ અને કાપડ વિભાગ દ્વારા રચવામાં આવેલી સચિવ-સ્તરની સમિતિ હેઠળ આ પેટા-સમિતિની રચના કરવામાં આવી છે. મંગળવારે જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ પેનલ ડુંગળીના ભાવમાં ઘટાડા પાછળનાં પરિબળોની તપાસ કરશે, છેલ્લા સાતથી આઠ વર્ષમાં કેન્દ્રની ડુંગળી નિકાસ નીતિની અસરનું મૂલ્યાંકન કરશે અને પાકની મૂલ્ય શૃંખલા સુધારવા માટે પગલાંની ભલામણ કરશે. આ પેટા સમિતિમાં ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર (ડૉ. બાલાસાહેબ સાવંત કોંકણ કૃષિ વિદ્યાપીઠ,દાપોલીના) ડૉ. કિસનરાવ લવાન્ડે, ભૂતપૂર્વ માર્કેટિંગ ડિરેક્ટર સુનિલ પવાર, ઇન્ડો વેજિટેબલ્સ ડેવલપમેન્ટ એસોસિએશનના પ્રમુખ સારંગ નિર્મલ, ઉદ્યોગસાહસિક નરેન્દ્ર પવાર અને મહારાષ્ટ્ર માર્કેટિંગ ડિરેક્ટર શરદ જારેનો સમાવેશ થાય છે, જે સભ્ય સચિવ તરીકે સેવા આપશે.

# અકસ્માતમાં જીવ ગુમાવનારા ટેક્નિશિયનના પરિવારને ૫૪ લાખનું વળતર આપવાનો આદેશ

થાણેઃ ટ્રકે અડફેટે લેતાં જીવ ગુમાવનારા સ્કૂટરસવાર ટેક્નિશિયનના પરિવારને ૫૪.૬૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ થાણેની ધ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો હતો.

એમએસીટીના સભ્ય આર. વી. મોહિતેએ છઠ્ઠી જૂને આપેલા આદેશમાં ટ્રકની વીમા કંપનીને દાવેદારોને ભરપાઈ ચૂકવવા અને ત્યાર પછી વીમાના નિયમોના ઉલ્લંઘનને કારણે વાહની માલિક એવી ટ્રાન્સપોર્ટ કંપની પાસેથી રકમ વસૂલવાનો નિર્દેશ આપ્યો હતો.

અકસ્માતમાં જીવ ગુમાવનારો ઉદયભાન બંસરાજ ગુપ્તા ઍર-કન્ડિશનર ટેક્નિશિયન તરીકે કામ કરતો હતો. ૨૩ માર્ચ, ૨૦૨૧ના રોજ તે ડોમ્બિવલીથી નવી મુંબઈના તુર્ભે સ્કૂટર પર જતો હતો ત્યારે પુરપાટ વેગે આવેલી ટ્રકે તેને અડફેટે લીધો હતો. આ ઘટના મ્હાપે-ઈન્દિરા નગર રોડ પર બની હતી. અકસ્માતમાં ગુપ્તાનું મૃત્યુ થયું હતું અને તુર્ભે પોલીસે ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ટ્રકની વીમા કંપનીએ દાવાનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે મૃતક બેદરકારીથી સ્કૂટર ચલાવતો હતો અને તેની પાસે પ્રમાણિત ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું. જોકે ટ્રિબ્યુનલે આ દલીલ નકારી કાઢીને નોંધ કરી હતી કે મૃતક પાસે ૨૦૨૫ સુધી પ્રમાણિત લાઈસન્સ હતું અને ટ્રક ડ્રાઈવર પાસે અકસ્માત ટાળવા છેલ્લી તક હતી.

ટ્રક માલિકે પૉલિસીના નિયમો અને શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. આવા સંજોગોમાં વીમા કંપનીએ પ્રથમ કિસ્સામાં ભરપાઈની રકમ ચૂકવવી જોઈએ અને ત્યાર પછી વાહન માલિક પાસેથી તે વસૂલ કરવી જોઈએ, એમ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું.

ટ્રિબ્યુનલે આ સાથે રકમની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી ત્યાં સુધી અરજીની તારીખથી વાર્ષિક નવ ટકા વ્યાજ દર સાથે ૫૪,૬૨,૭૩૦ રૂપિયાની ભરપાઈ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આમાંથી ૨૯,૬૨,૭૩૯ રૂપિયા ગુપ્તાની પત્નીને, ૨૦ લાખ રૂપિયા તેના પુત્રને અને પાંચ લાખ રૂપિયા માતાને આપવા જણાવ્યું હતું. (પીટીઆઈ)

## જૈન મરણ

**ખંભાત દશા શ્રીમાળી જૈન**

હાલ મુંબઇ સ્વ. કાંતિલાલ મૂળચંદ ધીયા તથા સ્વ. લલીતા કાંતિલાલ ધીયાના પુત્ર નરેન્દ્ર કાંતિલાલ ધીયા (ઉં. વ. ૮૦) તે સ્વ. આશા ધીયાના પતિ. મોહિનીના દિયર. વસંત, સ્વ. વિદ્યા, જયોત્સના, જયશ્રી અને અનીલના ભાઇ. હિમાંશુ અને સમીરના પિતા. શેફાલી અને ધરાના સસરા. સોમવાર, તા. ૮-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાડરસિંગા નિવાસી હાલ મુલુંડ કપૂરબેન છગનલાલ મહેતાના સુપુત્ર ભુપતભાઇ (ઉં. વ. ૮૭) તા. ૫-૬-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ઉર્મિલાબેનના પતિ. અતુલના પિતાશ્રી. જાગૃતિના સસરા. સાગર, જય વિધિ શ્વેતા અર્હુમના દાદા. ભાઇચંદભાઇ, મણીભાઇ તેમ જ મહેતા-ગુલાબબેન કાંતિલાલ, કમળાબેન પ્રભુદાસ સાવડીયા, લીલાવતીબેન ન્યાલચંદભાઇ દોશી, તારાબેન નંદલાલ મહેતાના ભાઇ. શ્વસુર પક્ષે સૌભાગ્યચંદ ફૂલચંદ દોશી મહુવાવાળાના જમાઇ. ગુરુવાર તા. ૧૧-૬-૨૬ના શ્રીશત્રુંજય ભાવયાત્રા ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. પેલેસ બેન્કવેટ, નેતાજી સુભાષ રોડ, મુલુંડ (વેસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન,**

કનાસાના પાડાના હાલ મુંબઈ, દીનાબેન ધીરજભાઈ શાહ (ઉં. વ. ૮૨) તા. ૬-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. જે ચીમનલાલ જેસંગલાલ શાહની પુત્રી. સ્વ. ધીરજભાઈ (ધીરૂભાઈ) ચીમનલાલ શાહના ધર્મપત્ની. પરાગ-જીજ્ઞા, હિતેન(રાજા)-હેતલના માતુશ્રી, કવિન-મીલોની, હેત્વી, સ્મીતના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીપરાળી નિવાસી હાલ ડોમ્બીવલી, સ્વ. વનમાળીદાસ હીરાચંદ મહેતાના સુપુત્ર નગીનદાસ (ઉં.વ. ૮૯) રવિવાર તા. ૦૭.૬.૨૬ના અવસાન પામેલ છે. તે કૈલાસ (કાંતા) બેનના પતિ. સ્વ. પરમાણંદદાસ, સ્વ. કમળાબેન દલીચંદભાઈ શાહ, સ્વ. પ્રભાબેન પરમાણંદદાસ શાહના ભાઈ. રાજેશ, નવીન અને હેતલના પિતા. હિરલબેન, ભાવનાબેનના સસરા. શ્વસુરપક્ષ ચભાડિયાવાળા ગાંધી મોહનલાલ વેલચંદના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નવીનભાઈ મહેતા અજંઠા દર્શન, ગાવદેવી કોમ્પ્લેક્સની પાછળ, જીજાઈ નગર, ગોગ્રસવાડી, ડોમ્બીવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાંગલપર હાલે માંડવી (કચ્છ)ના મુલચંદભાઈ કરમશી ગાલા/શાહ (ઉં. વ. ૯૨) તા. ૮-૬-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન કરમશી રતનશી ગાલા/શાહના પુત્ર. સ્વ. ઈંદિરાબેનના પતિ. સ્વ. હરનીષ, અનિલા, રાજેન, હેમનના પિતા. સ્વ. રમણીકલાલ, અમૃતલાલના મોટાભાઇ. નાંગલપરના અમૃતબેન પોપટલાલ ખીમજી ઝવેરીના જમાઇ. મુંબઇમાં પ્રાર્થના સભા રાખેલ નથી. માંડવી (કચ્છ)માં તા. ૯-૬-૨૬ના પ્રાર્થના યોજાયેલ હતી. નિ. રાજેન ગાલા/શાહ, ૨, સુંદરવન સોસાયટી, એસ.વી. કોલેજની સામે, માંડવી (કચ્છ)-૩૭૦૪૬૫.

સમાઘોઘાના શ્રી હસમુખ હીરજી ગાલા (ઉં. વ. ૭૭) તા. ૭-૬-૨૬નાં અવસાન પામેલ છે. પાંચીબાઈ (બુધ્ધીબાઈ) હીરજીનાં પુત્ર. જયોતિનાં પતિ. કેયુર, પ્રતિકનાં પિતા. ભવાનજી, પ્રવિણ, શાંતિલાલ, મુકેશનાં ભાઈ. મીઠીબાઈ મગનલાલનાં જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જ્યોતિ ગાલા, ૬૨/૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, ત્રિવેણી બિલ્ડીંગ, જૈન સોસાયટી, સાયન વેસ્ટ-૨૨.

મોટી રાયણના દિપક લક્ષ્મીચંદ ગડા (નાકાવાલા) (ઉં. વ. ૬૧) તા. ૭-૬-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ભગવતીબેન લક્ષ્મીચંદના પુત્ર. હિનાબેનના પતિ. ચાર્મી, વિશેષના પિતા. વિજય, કેતન, જશુ જયંત ભગત, નવાવાસ ઉષા કિશોર દેઢિયાના ભાઇ. રાયણના માતુશ્રી મણીબેન ખેતશી કારૂભાઈના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામિ નારાયણ મંદિરની પાછળ, સ્વામિ જ્ઞાન જીવનદાસ માર્ગ, દાદર (પૂ.) મું. ૧૪. બપોરે ૪ થી ૫.૩૦. માંસપેશીઓ, હાડકા, ત્વચા અને નેત્રદાન કરેલ છે.

બિદડા (ખાખરીયો ફરીયો)ના હેમલતા વિશનજી દેઢિયા (ઉં. વ. ૭૪) તા. ૮-૬-૨૬ ના અવસાન પામેલ છે નેણબાઈ કેશવજી (મઠુ જખુ)ના પુત્રવધૂ. વિશનજીના પત્ની. કેતન, અલ્કા, ડિમ્પલ, રિતેશના માતુશ્રી. નાનાભાડીયા ખેતબાઈ ખીમજી છેડાના પુત્રી. ચાંપશી. પ્રેમજી, જયંતીલાલ, ટુંડા ગંગાબાઈ મુરજી, મોટી ખાખર મંજુલા ચુનીલાલ, તલવાણા રૂક્ષ્મણી ખુશાલના બેન. પ્રા. શ્રી.વ. સ્થા.જૈન શ્રા. સં. કરશન લધુ નીસર હોલ. દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦, ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર શશીકાંત નૌતમલાલ કામદારના ધર્મપત્ની ગીતાબેન (ઉં. વ. ૭૭) તા. ૯-૬-૨૬ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે રાખી ચેતન શેઠ, તૃપ્તિ યોગેન આશર, માનસી અમિત દોશીના મમ્મી. સ્વ. કનકભાઇ, ગિરીશભાઇ, સ્વ. પ્રફુલભાઇ અને બીપીનભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. વિમલાબેન તથા પ્રભુદાસ દેસાઇના દીકરી. મહેન્દ્રભાઇ, રજનીભાઇ, જયેશભાઇ, સ્વ. અનસુયાબેન, સ્વ. સાધનાબેન, અ. સૌ. કલ્પનાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

લીમડીનો પાડો તા. ૯-૬-૨૬ના મંગળવારના ઉમાબેન અશોકભાઇ જયંતીલાલ શાહનું મરણ થયેલ છે (ઉં. વ. ૭૮) સ્વ. લીલાવતીબેન જયંતીલાલ શાહના પુત્રવધૂ. સ્વ. સુભદ્રાબેન ચીમનલાલ શાહના સુપુત્રી. બિરેન-ફાલ્ગુનીના માતુશ્રી. વૈશાલી-દિવ્યેશકુમારના સાસુ. ભવ્ય-કિયાના દાદી. ધૈર્યના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

વીલુ દીનશા સીધવા તે મરહુમો પેરીન દીનશા સીધવાના દીકરી. તે મરહુમે ગુલ, બોમી, ને સીલ્લુ માસ્તરના બહેન. તે શાહરુખ ને અદીસના માસી. તે મરહુમ જહાંગીર માસ્તરના સાલી. તે મરહુમ મની સી સીધવાના નણંદ. તે મરહુમો બાનુ ઉદવાડીયા ને મની મિસ્ત્રીના ભત્રીજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ડી-બ્લોક, રૂમ નં-૯, નવરોઝ બાગ, ડો. એ. એસ. રાવ રોડ, ગણેશ ગલી આગળ, લાલબાગ, પરેલ- મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૬-૨૬ના દીને ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

તેહમતન માનેકજી દાવર તે પરવીનના ધની. તે મરહુમો પુતલા માનેકજી દાવરના દીકરા. તે તુગશાદ ને તેહનાઝના પપ્પા. તે ખુશનમના સસરા. તે પરવેઝ તથા મરહુમો અદી કેટી, રુસી, રોદા, ને જરુના ભાઇ. તે મઝદા ને માહફરીનના બપાવા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૬૯૨ ચીનોઇ બિલ્ડિંગ, ફ્લેટ નં.૧૬, ૪થે માળે, દીનશા માસ્તર રોડ, દાદર પારસી કોલોની, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૬-૨૬ને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં.

## હિન્દુ મરણ

**પરજીયા સોની**

મૂળ ગામ ઠળીયા હાલ મુંબઇ અ. સૌ. સોની ભાવિકાબેન તે સૂરજભાઇ થડેશ્વરના ધર્મપત્ની (ઉં. વ. ૪૭) તા. ૮-૬-૨૬ને સોમવારે અવસાન પામેલ છે. તે સ્વ. ચંપાબેન જિતેન્દ્રભાઇ વાલજીભાઇ થડેશ્વરના પુત્રવધુ. તે સ્વ. સુભાષચંદ્ર ભગવાનદાસ ચૌહાણના દીકરી. દ્રીશાના માતુશ્રી. તે બીનાબેન ભૂપેશભાઇ ધકાણ તથા પ્રીતીબેન અરવિંદભાઇ સાગરના ભાભી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા નિમા વણિક સમાજ**

વિરપુર નિવાસી હાલ મુંબઇ સ્વ. રસિકલાલ મણીલાલ સુરા તથા ગં. સ્વ. પ્રેમલતા (બચીબેન)ના સુપુત્ર દિનેશ રસિકલાલ સુરા શનિવાર, તા.૬-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧-૬-૨૬ના રોજ સાંજે ૪થી ૬. રાકેશ - સુરેખા (જયોતીકા)ના ભાઇ. દિક્ષીતા (મુન્ની) ના દિયર. તથા સુનિલકુમારના સાળા. પાર્થ (ચિંકુ) પિંછીના કાકા. દેવાંશી-હાર્દિકકુમારના કાકાજી. તેમ જ દિયાન-જીયાનના મામા-દાદા. પ્રાર્થનાસભા ઠે. ભાટીયા ભાગીરથી મંદિર, દાદીશેઠ અગિયારીલેન, મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૦૨.

**મોઢ દશા ઘોઘવા અમદાવાદી વૈષ્ણવ વણિક**

મુંબઈ નિવાસી, સ્વ. રતિલાલ નાથુભાઈ કાપડિયાના પુત્ર દિલીપભાઈ કાપડિયા (ઉં. વ. ૭૮) તે સ્વ. રોહિણીબેનના પતિ. પિંકી અશોક વાગડીયા તથા કૃપા કેયુર પરીખના પિતા. મહેશભાઈ, ધનબેન, સ્વ. લતાબેન, સ્વ. શોભનાબેન તથા લતાબેનના ભાઈ. સ્વ. નિર્મળાબેન ઇન્દ્રવદન મરચન્ટના જમાઈ. ૮/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૧/૬/૨૬ના ૫ થી ૭. વિશ્વલાડ પરિષદ, ક્રોસ રોડ નં ૪, અંકુર બિલ્ડીંગ, લીબર્ટી ગાર્ડન, મામલતદારવાડી, મલાડ વેસ્ટ.

**કડવા પાટીદાર**

મૂળગામ અગતરાય હાલ દહિસર વેસ્ટ, સ્વ. અમૃતલાલ લક્ષ્મીદાસ પટેલ (છત્રાળા) (ઉં. વ. ૭૭) તે પ્રભાબેનના પતિ. સમીરભાઈ અને કાશ્મીરાબેનના પિતાશ્રી. માલવિકા અને કલ્પેશકુમારના સસરા. વિવિધા, નુપુર તથા કથનના દાદા. ધીરુભાઈ, ચંદુ ભાઈ, જેન્તીભાઇ, રશ્મિબેન, સોનલબેનના ભાઈ. તા. ૫-૬-૨૬ને શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૬-૨૬ને ગુરુવાર રોજ ૮.૩૦ થી ૧૦.૩૦. શ્રી પાટીદાર સેવા સમાજ, વીર સાવરકર નગર, સંત જ્ઞાનેશ્વર રોડ, નેન્સી કોલોની એસ. ટી. ડેપો સામે, બોરીવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર**

ચોટીલા નિવાસી હાલ મીરારોડ, રસિકલાલ ગોરધનદાસ ચાવડા (ઉં. વ. ૭૫) ૫/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. રાજેશ તથા યોગિતાના પિતા. અનીશા તથા ભાવિકકુમાર વિનોદભાઈ સોલંકીના સસરા. સ્વ. વ્રજલાલ, સ્વ. રમેશચંદ્રના ભાઈ. સાયલા નિવાસી સ્વ. મગનલાલ જીવનલાલ ચાવડાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૧/૬/૨૬ના ૪ થી ૬. મીની પાર્ટી હોલ, સેક્ટર ૭, ઈ/૪ શાંતિનગર, સ્વામિનારાયણ મંદિર સામે, હેલ્પવેલ કેમિસ્ટની ઉપર મીરારોડ ઈસ્ટ.

**દશા મોઢ માંડલિયા વણિક**

ગં. સ્વ. કાંતાબેન મનહરલાલ પટેલ (ઉં. વ. ૯૭) મુંબઇ મુકામે સોમવાર, ૮ જૂન, ૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પુત્રો / પુત્રવધૂઓ અંબરિષ - આશા. નિકુંજ-નલીની પુત્રી, રાજલ કપિલ કાનાણી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ ખાખરીયા હાલ મુંબઇ (ગોવંડી) મુકેશ ભીમજીભાઇ રાઠોડના ધર્મપત્ની સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૬૫) તા. ૪-૬-૨૬ ગુરુવારના રામશરણ પામ્યા છે. તે સ્વ. ધુડીબેન અને સ્વ. દાનજીભાઇ ખોડાભાઇ બોરીચાના દીકરી. ધવલ અને ફાલ્ગુનીના માતુશ્રી. પરેશ વિશ્રામ ચૌહાણના સાસુ. હિતાંશના દાદીમા. બારમું (કારજ) તા. ૧૧-૬-૨૬ ગુરુવારના સાંજે ૫.૦૦ કલાકે. ઠે. નીલકંઠ ગાર્ડન્સ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી કલબ હાઉસ, ગોવંડી (પૂર્વ).

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી સ્વ. રમણીકલાલ છોટાલાલ દોશીના પુત્ર રજનીકાંત (ઉં. વ. ૮૪) તે ભારતીબેનના પતિ. શેફાલી તથા સ્વ. ચિરાગના પિતા. સ્વ. ચંદ્રીકાબેન અજિતરાય મહેતા, સ્વ. દમયંતીબેન નરેન્દ્રકુમાર સંઘવી, શકુંતલાબેન બળવંતરાય વોરાના ભાઇ. સ્વ. પ્રિતમલાલ કેશવજી મહેતાના જમાઇ. અશોકભાઇ, વિજયભાઇ તથા ચિત્રાબેનના બનેવી સોમવાર, તા. ૧-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## અમે ખુરશી માટે

એમ જણાવી શિવસેનાના વિધાનસભ્ય બચ્ચુ કડુએ ઉમેર્યું હતું કે ૧૫ - ૨૦ દિવસ અમે પક્ષ માટે વિદર્ભમાં ઘણી જગ્યાએ પ્રવાસ કર્યો, લોકો સાથે વાત કરી. ચાર દિવસમાં, મેં વિદર્ભમાં ૨૦ સભાઓ કરી છે. મને ખાતરી છે કે આ જ વિદર્ભ એકનાથ શિંદેને મુખ્ય પ્રધાન બનાવશે, શિવસૈનિકો હવે શાંતિથી નહીં બેસે. અમે શાંત અને સેવાભાવી એવા એકનાથ શિંદેને સીએમ બનાવીશું.

## કુંભ કનેક્ટ

આસિસ્ટન્સ, એસઓએસ ઇમર્જન્સી સપોર્ટ, ફરિયાદ રજિસ્ટ્રેશન, હોસ્પિટલો, પોલીસ સ્ટેશન, ટ્રોન્સપોર્ટ પોઇન્ટ્સ અને જાહેર સેવાની માહિતીઓનો સમાવેશ થાય છે. આ 'કુંભ કનેક્ટ' અંગ્રેજી, મરાઠી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ હશે, એમ એક નિવેદનમાં જણાવાયું હતું.

## ભાજપ નેતાની

સરોદેએ માંગ કરી છે કે સંજય ગાયકવાડ સામે પોક્સો, અત્યાચાર અને માનવાધિકાર ઉલ્લંઘન જેવા ગંભીર કેસ નોંધવામાં આવે. બુલઢાણાથી શિવસેના શિંદે જૂથના વિધાન સભ્ય સંજય ગાયકવાડે ૬ એપ્રિલ અને ૧૦ એપ્રિલના રોજ એક પત્રકાર પરિષદમાં બુલઢાણા ભાજપ જિલ્લા પ્રમુખ અને ભૂતપૂર્વ વિધાન સભ્ય વિજયરાજ શિંદે પર ઘણા ગંભીર આરોપ કરતા જિલ્લાના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. હવે, આ મામલે, ભાજપ જિલ્લા પ્રમુખ વિજયરાજ શિંદેએ વકીલ અસીમ સરોદે દ્વારા સંજય ગાયકવાડને ૧૦૦ કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ મોકલી પંદર દિવસમાં જાહેરમાં માફી માગવા પણ કહ્યું છે.

દરમિયાન નોટિસ સાથે વકીલ અસીમ સરોદેએ બુલઢાણા પોલીસ અધિક્ષકને એક પત્ર લખીને જણાવ્યું છે કે સંજય ગાયકવાડે પોક્સો, અત્યાચાર અને માનવ અધિકાર જેવા કાયદાઓનું ઉલ્લંઘન કર્યું હોવાથી એની હેઠળ તેમની સામે કેસ નોંધવાની વિનંતી પણ કરી છે. હવે જોવાનું એ છે કે સંજય ગાયકવાડ આ નોટિસનો શું જવાબ આપે છે, શું તેઓ જાહેરમાં માફી માંગે છે કે નહીં એ પણ અટકળનો વિષય છે.

## અગાઉની લોન માફી

પાક લોન/પુનર્ગઠિત નોન-પર્ફોર્મિંગ લોનને લોન માફીનો લાભ આપતી વખતે, નોન-પર્ફોર્મિંગ લોનની તારીખ મુજબ લોન બેલેન્સના ટકાવારી તરીકે ડિસ્કાઉન્ટની રકમ નક્કી કરવામાં આવશે. આ માટે અધિક મુખ્ય સચિવ (નાણાં)ની અધ્યક્ષતામાં મુખ્ય સચિવ (સહકાર), મેનેજિંગ ડિરેક્ટર (મહા-આઇટી), એડમિનિસ્ટ્રેટર મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંક, સંયોજક, રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ અને સહકારી કમિશનર અને રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની એક સમિતિ બેંકો સાથે વાટાઘાટો કરીને ડિસ્કાઉન્ટની રકમ નક્કી કરશે. આ યોજના રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો તેમજ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા તેમના પોતાના ભંડોળમાંથી આપવામાં આવતી લોન પર લાગુ પડશે.

## એકનાથ શિંદેને

સીએમ સમક્ષ નારાજગી વ્યક્ત કરી હતી. સેનાના પ્રધાનોએ સિડકો, રાજ શિષ્ટાચાર અને એરપોર્ટ ઓથોરિટીના સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહીની માગ કરી હતી. શિવસેનાની આ માગણી પછી ફડણવીસે પણ આ બાબતની ગંભીર નોંધ લઈ તપાસના આદેશ આપ્યા છે. આ મામલે સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહી થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

નવી મુંબઈ એરપોર્ટ પર આ પ્રતિમાનું ઉદ્ઘાટન તાજેતરમાં જ થયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ફડણવીસની સાથે વન્ય પ્રધાન ગણેશ નાઈક, મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરે અને સંબંધિત મંત્રાલયના અન્ય નેતાઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં શિંદેની ગેરહાજરીને કારણે રાજકીય ચર્ચાઓ શરૂ થઈ હતી. શિવસેનાના ઘણા નેતાઓએ પણ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી. હવે એ જોવાનું રહેશે કે મુખ્ય પ્રધાનના આદેશ બાદ સંબંધિત અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવે છે.

## વાહનોની ગતિ વધી

જાણવા મળ્યું છે કે કોરિડોરમાં વાહનોની સુગમ અવરજવરને કારણે વાર્ષિક ૨.૭ કરોડ લીટર ઇંધણની બચત સાથે ફ્યુઅલ પાછળ થતા ખર્ચમાં અંદાજે ૨૭૨ કરોડ રૂપિયાનો ઘટાડો થશે.

### સર્વેમાં ૧,૮૪૯ વાહનો ટ્રેક કરાયા

આ રિપોર્ટ મુજબ થ્રી-એક્સલ ગાડીઓમાં મુસાફરીના સમયમાં સૌથી વધુ ૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે બસોમાં દરેક ટ્રિપ દીઠ ઇંધણના વપરાશમાં ૨૪ ટકાની બચત થઈ હતી. મલ્ટિ-એક્સલ ટ્રકોની સ્પીડ, ટ્રાવેલ ટાઇમ અને ઇંધણના ઉપયોગમાં પણ સકારાત્મક બદલાવ આવ્યો છે.

આ વિશ્લેષણમાં બસો, એમસીવી (ખઈટ) ટ્રકો, ૩-એક્સલ ગાડીઓ અને મલ્ટિ-એક્સલ ટ્રકો સહિત ૧,૮૪૯ અનોખા (ગ્રક્ષશીય) કમર્શિયલ વાહનોને ટ્રેક કરવામાં આવ્યા હતા, જે અંતર્ગત મુંબઈ-પુણે કોરિડોરના ઘાટ સેક્શનમાંથી ૨,૨૦૦થી વધુ ટ્રિપ્સ કવર કરવામાં આવી હતી.

### એન્જિનિયરિંગની અદભુત અજાયબી

મુંબઈ-પુણે વચ્ચેની મુસાફરીને રોમાંચક બનાવે તેવો ૧૩.૩ કિલોમીટર લાંબો અને દેશનો સૌથી ઊંચો (૧૮૦ મીટર) કેબલ-સ્ટે બ્રિજ (ઈફબહય-જીફુંયમ ઇશિમલય) આ કનેક્ટિંગ લિંક પર બનાવવામાં આવ્યો છે. સહ્યાદ્રીના બે વિશાળ પર્વતો વચ્ચે બનેલો આ કેબલ-સ્ટે બ્રિજ આધુનિક એન્જિનિયરિંગનું એક શાનદાર મૉડેલ છે, જે દુર્ગમ પહાડોને જોડીને મુસાફરીને અત્યંત સરળ બનાવે છે.

## સરકારની કાર્યક્ષમતા

યુનિવર્સિટી એક્ટ, ૨૦૧૬ માં સુધારાને મંજૂરી આપી છે. આ નિર્ણયને કારણે નવી કોલેજોને અંતિમ મંજૂરી આપવાની પ્રક્રિયા સુવ્યવસ્થિત બનશે તેમજ નવી ફેકલ્ટી, અભ્યાસક્રમો, વિષયો અને વધારાના વિભાગો દ્વારા વિસ્તરણ માટેના પ્રસ્તાવો પણ મંજૂર કરવામાં આવ્યા હતા. પ્રધાન મંડળએ મહારાષ્ટ્ર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ માં સુધારાઓને પણ મંજૂરી આપી જેથી તેને સેન્ટ્રલ જીએસટી એક્ટ, ૨૦૧૭ ની જોગવાઈઓ સાથે સુસંગત બનાવી શકાય. મહારાષ્ટ્ર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (સુધારા) ખરડા, ૨૦૨૬ માં વધુ ફેરફારોને મંજૂરી આપી છે. રાજ્ય સરકારે મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી)ની બહારથી પૈસા લેવાની શક્તિ વધારવા ઔદ્યોગિક વિકાસ પ્રવૃત્તિઓ માટે વધારાના ભંડોળ એકત્ર કરવા સક્ષમ બનાવવા માટે મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૧ માં એક વટહુકમ અને સુધારાને પણ મંજૂરી આપી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

## ખાતું એકનાથ શિંદેનું

મહારાષ્ટ્રની બધી સમસ્યાઓ હલ થઈ ગઈ હોય અને હવે ફક્ત શક્તિપીઠ હાઇવે જ બાકી છે એમ એનસીપી શરદ પવાર જૂથના નેતા અને વિધાનસભ્ય જયંત પાટીલે જણાવ્યું હતું. આ સંદર્ભમાં ખાતું એકનાથ શિંદે પાસે છે અને નિર્ણય મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ લઈ રહ્યા હોવાની ટીકા કરી જયંત પાટીલએ જણાવ્યુ હતું કે આ મોર્ચામાંથી બોધપાઠ લઈને સરકારે શક્તિપીઠનો આગ્રહ છોડી દેવો જોઈએ. કોલ્હાપુર જિલ્લાની તાકાત રાજ્યના અન્ય કોઈપણ જિલ્લા કરતા અલગ છે. રાજ્ય સરકાર પછી કેન્દ્ર સરકાર સામે તોપ તાકી જયંત પાટીલે જણાવ્યું કે ભારત સરકાર આજકાલ પોતાનો નિર્ણય નથી લઈ રહી. અમેરિકા રાત્રે વેનેઝુએલાના રાષ્ટ્રપતિની ધરપકડ કરે છે અને તેમને લઈ જાય છે. આવો ડર બીજા કોને છે? આપણા દેશના વડાપ્રધાન નક્કી નથી કરી શકતા કે ઓઈલ કોની પાસેથી ખરીદવું. છેલ્લા કેટલાક વર્ષોમાં રૂપિયાનું મૂલ્ય જે હદે ઘટ્યું છે એટલું તો આઝાદી પછી ક્યારેય નથી થયું. એશિયામાં બધા ચલણ સ્થિર છે. આપણા ચલણનું જ અવમૂલ્યન થઈ રહ્યું છે. દેશનું દેવું વધ્યું છે, અને સામાન્ય માણસ કંગાળ બની રહ્યો છે.

## ઉમરખાડીની

ઇમારત સહિત સેસની અને કેટલીક ખાનગી ઇમારતોનો સમાવેશ થાય છે. આ ઇમારતમાં કુલ ૧,૯૨૮ રેસિડેન્શિયલ અને ૨૬૮ નોન રેસિડેન્શિયલ ગાળા છે. મોટાભાગની ઇમારતો જર્જરિત હાલતમાં છે. પ્રાથમિક માળખા પ્રમાણે ૮૧ ઇમારતની જગ્યાએ ૪૦થી ૮૧ માળની સાત ગગનચુંબી ઇમારત બનાવવાની યોજના છે જેથી તે વિસ્તારની કાયાપલટ થઇ જશે. અહીં આધુનિક સુવિધા અને નિયોજન બદ્ધ પાયા સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ માટે અંદાજે ૪,૫૦૧.૯૭ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આ પ્રકલ્પ દ્વારા સરકારની તિજારીમાં ૧,૦૪૧.૭૪ કરોડ રૂપિયાનો મહેસૂલ જમા થશે. પાત્ર રેસિડેન્શિયલ રહેવાસીઓને દર મહિને ૨૫,૦૦૦ ભાડુ, જ્યારે બીજા વર્ષે ૨૭,૫૦૦ અને ત્રીજા દિવસે ૩૦,૨૫૦ ભાડું આપવામાં આવશે. આ સિવાય નોન-રેસિડેન્શિયલ ગાળાધારકોને પ્રતિ ચો. ફૂટ ૧૦૦ રૂપિયાના દરે ભાડું ચૂકવવામાં આવશે અને તેમાં દર વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે.

## મેટ્રો વનની

આશાવાદ સેવ્યો હતો. છેલ્લા ૧૨ વર્ષોમાં મુંબઈ મેટ્રો-૧એ શહેરની પરિવહન વ્યવસ્થામાં મોટો બદલાવ લાવીને લોકો, વ્યવસાયો અને રોજગારની તકોને જોડવાનું કામ કર્યું છે. મેટ્રોએ અત્યાર સુધીમાં ૧૫ લાખથી વધુ ટ્રિપ્સનું સંચાલન કર્યું છે, જ્યારે એક જ દિવસમાં ૫.૭૯ લાખ પ્રવાસીની દૈનિક મુસાફરીનો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.ડિજિટલ ઇન્ડિયા અભિયાન અંતર્ગત એમએમઓપીએલએ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી)ના માધ્યમથી એકીકૃત ટિકિટિંગ સેવા શરૂ કરીને ડિજિટલ યાત્રાના અનુભવને પ્રોત્સાહન આપ્યું છે. મુંબઈ મેટ્રો-૧ ના સ્થાપના દિવસ નિમિત્તે પ્રશાસન દ્વારા એરટેલ પેમેન્ટ્સ બેંક સાથે મળીને કો-બ્રાન્ડેડ રૂપે 'ઓન-ધ-ગો' નેશનલ કોમન મોબિલિટી કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ એક જ માધ્યમ દ્વારા અલગ-અલગ જાહેર પરિવહન સેવાઓમાં યાત્રા અને ડિજિટલ ચુકવણીની સુવિધા આપશે. શરૂઆતમાં આ સેવાનો ઉપયોગ મુંબઈ મેટ્રો લાઇન-૧, મેટ્રો લાઇન-૨એ અને ૭, મેટ્રો લાઇન-૩, બેસ્ટ (બેસ્ટ) બસો અને આગામી મોનોરેલ નેટવર્કમાં કરી શકાશે. એમએમઓપીએલના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૨૫ કરોડથી વધુ પ્રવાસીઓનો ભરોસો કંપનીને વધુ ઉત્તમ સેવાઓ આપવા માટે પ્રેરિત કરે છે.'' જ્યારે અન્ય એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આ પગલું 'વન નેશન, વન કાર્ડ'ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

## ઓપરેશન બ્લુ સ્ટાર

પ્રતિનિધિ બન્યા હતા. સભાને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે 'અમારા માટે તો ઓપરેશન બ્લુ સ્ટાર એક કાળો દિવસ છે. એ દિવસે આપણા ભાઈઓ અને બહેનો શહીદ થયા અને માર્યા ગયા હતા.'

ઓપરેશન બ્લુ સ્ટારને શીખ સમુદાયના પવિત્ર મંદિર પર લશ્કરી હુમલો ગણાવી મહાજને આરોપ કર્યો હતો કે તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ બળજબરીથી પંજાબ અને પવિત્ર સ્થાનના પરિસરની અંદર લશ્કર મોકલ્યું હતું. અફઘાન શાસક અહમદ શાહ અબ્દાલીના સુવર્ણ મંદિર પરના આક્રમણ સાથે સરખામણી, કરી મહાજને કહ્યું હતું કે ૧૯૮૪માં પવિત્ર શીખ ધર્મસ્થાન પર થયેલા હુમલાથી સમુદાયને તીવ્ર પીડા થઈ હતી. શીખોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી અને જવાબદારોને ક્યારેય સજા નથી કરવામાં આવી એવો દાવો કર્યો હતો. ઓપરેશન બ્લુ સ્ટાર સશસ્ત્ર દળો દ્વારા ૧ જૂન થી ૧૦ જૂન, ૧૯૮૪ દરમિયાન કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહી હતી. એનો ઉદ્દેશ દમદમી ટકસાલના નેતા જર્નૈલસિંહ ભિંદરાનવાલે અને આતંકવાદીઓને સુવર્ણ મંદિરના પરિસરમાંથી દૂર કરવાનો હતો.

કૉંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપી હતી અને મહારાષ્ટ્રના નેતાઓએ ભાજપ પર પંજાબમાં ચૂંટણી પહેલા ખાલિસ્તાનનો મુદ્દો ઉઠાવવાનો અને ચૂંટણીલક્ષી વિચારણા માટે પક્ષ પર બેવડા ધોરણોનો આરોપ મૂક્યા હતા. શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય સંજય રાઉતે કહ્યું હતું કે મહાજનને રાજ્ય પ્રધાનમંડળ અને ભાજપમાંથી કાઢી મૂકવા જોઈએ.

કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે ઈન્દિરા ગાંધીના લશ્કરી કાર્યવાહીના નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે ભારતને અખંડ રાખવા એ જરૂરી હતું.

મહાજનની ટીકા કરતા, કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતએ ભાજપ પર રાજકીય લાભ માટે આ મુદ્દા પર વિરોધાભાસી વલણ અપનાવવાનો આરોપ મૂક્યો હતો.

સંજય રાઉતએ સવાલ કર્યો હતો કે શું ઓપરેશન સિંદૂરને કાળો દિવસ ગણવો જોઈએ અને ઉમેર્યું હતું કે 'જો તમે એને (ઓપરેશન બ્લુ સ્ટારને) દેશની અખંડિતતા અને રક્ષણ જાળવવા ઉઠાવેલા પગલાંને કાળો દિવસ માનતા હો તો તમે દેશદ્રોહી છો. એના માટે વડાં પ્રધાન (ઇન્દિરા ગાંધી) એ જીવનું બલિદાન આપ્યું, યુદ્ધ કર્યું અને આતંકવાદને હરાવ્યો જેથી પંજાબ દેશમાં જળવાઈ રહે.' (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

TRUSTED SINCE 1980

BRIGHT™
OUTDOOR MEDIA LIMITED

India's 1st BSE Listed OOH Media Company




BRIGHT OUTDOOR MEDIA LIMITED ANNOUNCES STRONG

FY 2026 RESULT

TOTAL REVENUE ₹155.43 Cr UP BY 21.38% YOY

NET PROFIT ₹24.05 Cr UP BY 26.06% YOY

EBITDA ₹35.23 Cr UP BY 28.68% YOY



Our FY2026 performance reflects the strength of our brand, client trust, and our bold Digital OOH vision as Bright continues to redefine outdoor advertising in India. Evolving into a 360° Media Company, Bright now delivers integrated solutions across OOH, digital, print, radio, PR, influencer marketing, and on-ground activations, while expanding a stronger and more impactful media network.



DR. YOGESH LAKHANI, CMD BOML

# ઘટ્યા મથાળેથી ચાંદીમાં ₹ ૧૬૩૮નો અને સોનામાં ₹ 1030નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોનો ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ સાથે આજે ક્રૂડતેલમાં પીછેહઠ જોવા મળતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો નહીં કરે તેવો શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા અને વાયદામાં ધીમો ઘટાડો આવ્યો હતો.

જ્યારે ચાંદીમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં ઘટ્યા મથાળેથી સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૨૬થી ૧૦૩૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬૩૮નો સુધારો આવ્યો હતો. આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૩૮ના સુધારા સાથે રૂ. ૨,૪૫,૯૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ચાંદીમાં છૂટીછવાઈ માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ સોનામાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૨૬ વધીને રૂ. ૧,૫૧,૯૦૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૨,૫૧૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

ક્રૂડતેલના ભાવમાં ઘટાડા અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં બે સત્રના ઘટાડાને બ્રેક લાગતા હાજરમાં ભાવ ઔંસદીઠ ૪૩૨૭.૪૨ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ સાધારણ ૦.૩ ટકાના ઘટાડા સાથે ૪૩૫૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૬૮.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વૈશ્વિક સોનામાં બે સત્રના ઘટાડામાં ભાવ ટેકાની સપાટીની અંદર ઊતરી ગયા બાદ બાદ આજે ભાવમાં સ્થિર વલણ જોવા મળ્યું છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા સોનાની તેજી સામેનો એક મોટો પડકાર હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઑલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની અરજને ધ્યાનમાં લેતા ઈઝરાયલ અને ઈરાન એક બીજા પર હુમલા ન કરવા સહમત થતાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો. સામાન્યપણે ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવતા સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે, પરંતુ હાલના સંજોગોમાં જો ફુગાવો વધે તો કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદર વધારે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે રોકાણકારોની નજર બુધવારે અને ગુરુવારે જાહેર થનારા અમેરિકાના અનુક્રમે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. તેમ જ ફુગાવાની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ કેવી પ્રતિક્રિયા આપે છે તેના પર બજારની નજર રહેશે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ ડિસેમ્બર અંત આસપાસ વ્યાજદરમાં વધારો કરે તેવી ૭૦ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. ■

# ઈરાન-ઈઝરાયલની શાંતિ સહમતી વચ્ચે ક્રૂડ ઑઈલના ભાવના ઘટાડા સાથે શૅરબજારમાં બે દિવસની પીછેહઠને બ્રેક

મુંબઇઃ ગ્લોબલ માર્કેટમાં રિકવરી અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા વચ્ચે બેંકિંગ અને ફાઇનાન્શિયલ શેરોમાં તીવ્ર લેવાલીને કારણે છેલ્લા બે સત્રમાં ઘટાડા બાદ મંગળવારે બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી મજબૂત બન્યા હતા. ઇરાન અને ઇઝરાયલની સીઝફાયરની સહમતી બાદ પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થવાના સંકેતોએ બજારોના આશાવાદમાં વધારો કર્યો, પરંતુ વિદેશી ભંડોળના અવિરત પ્રવાહે આગેકૂચને મર્યાદિત રાખી હતી.

સત્રને અંતે સેન્સેક્સ ૩૯૪.૫૦ પોઇન્ટ (૦.૫૪ ટકા) વધીને ૭૩,૯૧૮.૭૬ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૧૧૯.૧૦ પોઇન્ટ (૦.૫૨ ટકા) વધીને ૨૩,૨૪૨.૧૦ પર બંધ થયો હતો. ઇન્ટરગ્લોબ એવિએશન, સ્ટેટ બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, એક્સિસ બેન્ક, બજાજ ફાઇનાન્સ અને એશિયન પેઇન્ટ ટોપ ગેઇનર રહ્યાં હતા, જ્યારે ટાઇટન, એનટીપીસી, પાવર ગ્રીડ અને ટેક મહિન્દ્રા ટોપ લુઝર શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૬ ટકાના કડાકા સાથે બેરલદીઠ ૯૨.૬૯ ડોલર બોલાયું હતું.

ભારતીય શેરબજારમાં નવમી જૂનના રોજ નિફ્ટીના વીકલી એક્સપાઇરીના દિવસે અસ્થિરતા જોવા મળી હતી, પરંતુ તે સકારાત્મક નોંધ સાથે બંધ થવામાં સફળ રહ્યું. આ રિકવરીને મુખ્યત્વે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ભારતીય રૂપિયામાં મજબૂતાઈ દ્વારા ટેકો મળ્યો હતો, જેના કારણે બજારના એકંદર સેન્ટિમેન્ટમાં સુધારો થયો અને બેંકિંગ શેરોમાં ખરીદીમાં મજબૂત રસ જાગ્યો. પરિણામે, બેંકિંગ ક્ષેત્ર બજારના મુખ્ય ચાલક તરીકે ઉભરી આવ્યું. સત્ર દરમિયાન નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ ૩.૬૨ ટકા અને નિફ્ટી પ્રાઇવેટ બેંક ઇન્ડેક્સ ૧.૬૪ ટકા વધ્યો હતો.

ક્ષેત્રીય મોરચે, ખરીદીનો રસ વ્યાપક રહ્યો, જેમાં નિફ્ટી પીએસયુ બેંકો, ખાનગી બેંકો, રિયલ્ટી અને ઓટો શેરો તરફથી મુખ્ય ટેકો મળ્યો. બીજી તરફ, નિફ્ટી આઇટી અને મીડિયા મુખ્ય નબળા પ્રદર્શન કરનારા તરીકે ઉભરી આવ્યા અને નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા. વ્યાપક બજારે બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો, જે લાર્જ-કેપ શેરો ઉપરાંત મજબૂત ભાગીદારી દર્શાવે છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૨૩ ટકા વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૬૯ ટકા વધ્યો હતો.

વ્યક્તિગત શેરોમાં કોલકાતા ડોક ખાતે કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટ માટે કંપની સફળ બોલી લગાવનાર તરીકે ઉભરી આવ્યા પછી, જેએસડબલ્યુ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના શેરમાં ૫% થી વધુનો વધારો થયો. સ્ટડ્સ એસેસરીઝના શેર લગભગ ૧૭ ટકા વધીને રૂ. ૫૧૩.૫૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. નિફ્ટીમાં ઇન્ટરગ્લોબ એવિએશન ૩.૯૫ ટકા વધીને રૂ. ૪,૫૩૨ પર બંધ થયો હતો. જિયો ફાઇનાન્શિયલ સર્વિસિસ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એક્સિસ બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, એપોલો હોસ્પિટલ્સ, આઇશર મોટર્સ, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ અને શ્રીરામ ફાઇનાન્સ પણ ૧.૭૦ ટકાથી ૨.૩૦ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી બાજુ, નિફ્ટી ઇન્ડેક્સમાં ટાઇટન, ઓએનજીસી, એનટીપીસી, પાવર ગ્રીડ, ઇટરનલ, ટેક મહિન્દ્રા, સિપ્લા, ભારતી એરટેલ અને એચડીએફસી લાઇફ વેચવાલીના દબાણ વચ્ચે ગબડ્યા હતા. મજબૂત અંડરટોન વચ્ચે એનએસઇ પર ૨,૩૮૦ શેર વધીને બંધ થયા, જ્યારે ૯૦૪ શેર નીચા સ્તરે બંધ થયા હતા.

આગામી સત્રોમાં રોકાણકારો પશ્ચિમ એશિયાના તણાવ, ક્રૂડ ઓઇલના ભાવ, એફઆઇઆઇના વલણ અને મુખ્ય આર્થિક ડેટા પર નજર રાખીને આગળ વધવાનું પસંદ કરશે. યુએસ ફુગાવાના આંકડા, ભારતના ફુગાવાના આંકડા, ચોમાસાની પ્રગતિ અને વૈશ્વિક બજારના વલણો રોકાણકારોના સેન્ટિમેન્ટને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સ્થાનિક રોકાણકારો મે મહિનાના ભારતના ફુગાવાના ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ૧૨ જૂને જાહેર થવાનો છે. વિદેશી વિનિમય અનામત ડેટા, જે તે જ દિવસે રજૂ થવાનો છે, તે દેશની બાહ્ય નાણાકીય સ્થિતિ વિશે વધુ સંકેતો આપશે. વૈશ્વિક સ્તરે, બજારના સહભાગીઓ યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીનના મહત્વપૂર્ણ આર્થિક ડેટા પર નજર રાખશે. આ અઠવાડિયે એક મોટી ઘટના યુએસ ગ્રાહક ફુગાવાના ડેટાની જાહેરાત છે. અપેક્ષા કરતાં ઓછું ફુગાવાનું સ્તર ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવી શકે છે, જે વૈશ્વિક ઇક્વિટી બજારોને ટેકો આપી શકે છે. જોકે, ફુગાવો ઊંચો હશે તો ઇક્વિટી બજારમાં અનિશ્ચિતતા અને વેચવાલીનું દબાણ વધારી શકે છે. વૈશ્વિક ચિંતાઓ છતાં, વિશ્લેષકો ભારતીય બજારો માટે કેટલાક સકારાત્મક પરિબળો તરફ નિર્દેશ કરે છે. મજબૂત જીડીપી વૃદ્ધિ, આરબીઆઇના તાજેતરના નીતિગત નિર્ણય પછી રૂપિયામાં મજબૂતી અને ક્રૂડ ઓઇલના નીચા ભાવ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો આપી શકે છે. જોકે, આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) દ્વારા રેપો રેટમાં ફેરફાર ન કરવાની અને તટસ્થ નીતિ વલણ જાળવી રાખવાની જાહેરાત સાથે વિકાસદર અંગે ચિંતા વ્યક્ત કરી છે. એ જ સાથે આરબીઆઇએ પશ્ચિમ એશિયાની અથડામણો ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૭ના જીડીપીનો અંદાજ ઘટાડીને ૬.૬ ટકા જાહેર કર્યો છે, જે એપ્રિલમાં ૬.૯ ટકા જાહેર કરાયો હતો. એકંદરે, કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો અને નાણાં પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે.

બજારની સ્થિરતા સામે જોખમ ઊભું કરી શકે એવી ઘટનામાં પાંચમી જૂને સમાપ્ત થયેલા સપ્તાહે જેમ અને જ્વેલરી સેકટરની રાજેશ એક્સપોર્ટ પર સેબીએ રૂ. ૧૫ લાખ કરોડના મિસરિપોર્ટીંગના કરેલા આરોપ સાથે જાહેર કરેલા આદેશને કારણે તેના શેર ગુરુવાર અને શુક્રવાર બાદ સોમ અને મંગળવારે સતત ચોથા દિવસે પણ, એનએસઇ અને બીએસઇ પર નીચલી સર્કિટમાં પટકાયા હતા. આ કંપનીમાં એલઆઇસીનું ૧૦ ટકાથી વધુ રોકાણ હોવાથી તેના શેરમાં પણ વેચવાલીનું દબાણ વધી રહ્યું છે.

દરમિયાન, ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સે જૂનના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઇક્વિટીમાંથી લગભગ રૂ. ૪૩,૦૦૦ કરોડ ઉપાડી લીધા હતા, જે ૨૦૨૬માં કુલ આઉટફ્લો રૂ. ૨.૬૭ લાખ કરોડ સુધી પહોંચાડી છે. નિષ્ણાતો વૈશ્વિક એઆઇ-સંબંધિત રોકાણની તકો, નબળી કોર્પોરેટ કમાણી અને રૂપિયાના અવમૂલ્યનને વલણ પાછળના મુખ્ય કારણો તરીકે ટાંકે છે.

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા અનુસાર, વિદેશી પોર્ટપોલિયો ઇન્વેસ્ટર્સે જૂન મહિનાના પહેલા સપ્તાહમાં સપ્તાહ દરમિયાન રૂ. ૪૨,૯૨૭ કરોડ શેર વેચી નાખ્યા હતા. ■

# ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલની પીછેહઠ સાથે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલમાં વધ્યા મથાળેથી જોવા મળેલા ઘટાડા તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઊંચી સપાટીએથી પાછી ફરી હતી. તેમ જ સ્થાનિક સ્તરે આજે હાજર બજારમાં સંભવીતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો હસ્તક્ષેપ અને ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના સુધારા સાથે ૯૫.૪૧ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૪૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૬૭ અને ઉપરમાં ૯૫.૨૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૦ પૈસાના સુધારા સાથે ૯૫.૪૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૪૩ પૈસાનું ધોવાણ થયું હતું.

એકંદરે પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થવા બાબતે અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો ૯૫.૧૦થી ૯૫.૮૦ આસપાસની રેન્જમાં રહેશે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા ઘટીને ૯૯.૮૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૯૨.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૯૪.૫૦ પૉઈન્ટનો અને ૧૧૯.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૫૫.૬૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૮૩૫થી ૩૮૬૫માં થયા હતા. જોકે, મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે બજારમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો.

દરમિયાન વિવિધ રાજ્ય સરકાર તથા ખાંડ મિલો તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમમાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત મોસમના ૫૪.૩ લાખ હેક્ટર સામે ઘટીને ૫૪.૧ લાખ હેક્ટર આસપાસ રહ્યો છે. જેમાં ઉત્તર પ્રદેશનો વાવેતર ગત મોસમની સમકક્ષ ૨૮ લાખ હેક્ટર, મહારાષ્ટ્રનો વાવેતર વિસ્તાર વધીને ૧૧.૮ લાખ હેક્ટર (૧૧.૫ લાખ હેક્ટર), કર્ણાટકનો વાવેતર વિસ્તાર ઘટીને ૪.૩ લાખ હેક્ટર (૪.૩ લાખ હેક્ટર) ગુજરાતનો વાવેતર વિસ્તાર ગત સાલની સમકક્ષ બે લાખ હેક્ટર, બિહારનો વાવેતર વિસ્તાર ઘટીને ૧.૯ લાખ હેક્ટર (બે લાખ હેક્ટર), તમિળનાડુનો વાવેતર વિસ્તાર ઘટીને ૧.૩ લાખ હેક્ટર (૧.૪ લાખ હેક્ટર) અને અન્ય રાજ્યોનો વાવેતર વિસ્તાર વધીને ૫.૮ લાખ હેક્ટર (૫.૧ લાખ હેક્ટર)ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ છે.

# ટીન સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક, નિકલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના અનુરોધને ધ્યાનમાં લેતા ઈરાન અને ઈઝરાયલ બન્ને દેશો એકબીજા ઉપર હુમલો ન કરવા સહમત થતાં આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બાવનનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવન વધીને રૂ. ૫૧૬૯ અને રૂ. ૧૪ વધીને રૂ. ૧૩૮૬ના મથાળે રહ્યા હતા. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RATION | બડબડાટ |
| RATIONAL | ખડખડવું |
| RATTLE | જહાજની સીડી |
| RATLIN | તર્કસંગત |
| RANT | અન્નસામગ્રી |

## માતૃભાષાની મહેક

રમતથી તંદુરસ્ત અને ચેતનવંતા નાગરિકોનો સમાજ ઘડાય છે. રમત કરવી - રમવી - માંડવી એટલે આનંદ કરવો, કામની રીતે કામ ન કરતાં તેની સાથે ખાલી ખેલવું કે વખત બગાડવો. ઈચ્છા વિરુદ્ધ કામ કરવું એવો પણ અર્થ છે. રમત રમવા બોલાવવું એટલે પરણ્યા પછી પહેલીવાર જમાઈને જમવા બોલાવવા એવો અર્થ છે. રમત રમવી એટલે ખેલ ખેલવો, દાવ નાખવા. યુક્તિ વડે છેતરવું એવો પણ અર્થ છે.

## ગુજરાત મોરી મોરી રે

‘જરાક અમથી મશ્કરીમાંથી કજિયો થાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

રોગનું હાંસી મૂળ ખાંસી મૂળ ને કજિયાનું

## ઈર્શાદ

*હસે રમે ભમે જમે લડે વઢે પડે ખડે,*
*તથાપિ રોષ ચિત્તમાં કદી ના બાળકો ધરે.*
*-- કે. કા. શાસ્ત્રી*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | | ■ | ૧૫ | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | ■ | ■ | ૧૮ | | ■ | ■ |
| ■ | ■ | ૧૯ | | ■ | ■ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ■ | | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | | |
| ૨૫ | | ■ | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | |
| | ■ | ૨૯ | | | ■ | ૩૦ | ૩૧ | ■ | |
| ૩૨ | | | ■ | ૩૩ | | ■ | ૩૪ | | |

### આડી ચાવી

૧. છળ, કપટ (૩)
૩. તાબે, શરણે (૨)
૫. હિલચાલ, આંદોલન (૩)
૭. રૂઢિ, પદ્ધતિ (૨)
૯. ઝટ ભાંગી જાય તેવું (૩)
૧૦. મીણબત્તી (૨)
૧૨. ચક્ષુ (૩)
૧૩. તેલ જુઓ તેલની --- જુઓ (૨)
૧૪. શ્રીકૃષ્ણની રાજધાની (૩)
૧૬. નસ (૨)
૧૮. ન્યૂનતા, અછત (૨)
૧૯. ઉતાવળ (૨)
૨૦. ખપત, માગણી (૨)
૨૪. ફક્ત વા જ પેસી શકે એવી તરડ (૩)
૨૫. તમાકુ પીવાની ચલમ (૨)
૨૬. કારીગરી, કસબ (૩)
૨૮. મારું (૨)
૨૯. સમૃદ્ધિ (૩)
૩૦. જનની (૨)
૩૨ સકંજો, એક જાતની પકડ (૩)
૩૩. એક ગ્રહ (૨)
૩૪. દુર્દશા કે ખરાબ સ્થિતિમાં આવી પડેલું (૩)


### ઊભી ચાવી

૧. દાખલ થવાનો દરવાજો (૫)
૨. પરેજી (૨)
૪. ઝાકળ (૪)
૫. જૂથ, ટોળું (૨)
૬. દુષ્ટતા (૪)
૮. દેહ, શરીર (૨)
૧૧. હરિનો --- છે શૂરાનો નહીં કાયરનું કામ (૩)
૧૫. સાથી, સોબતી (૨)
૧૭. શારીરિક ખામી (૨)
૧૮. જિદ્દ, મમત (૨)
૧૯. મોટું, ટોળું (૨)
૨૦. શોક, રડાકૂટ (૩)
૨૧. ફાંફા, ઘાલમેલ (૫)
૨૨. હિંમત વગરનું, ભોળું (૪)
૨૩. ચારે દિશામાં, સર્વત્ર (૪)
૨૭. લક્ષ્મી (૨)
૨૯. ટેવ (૨)
૩૧. શરણે, અંકુશમાં (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ વા | ૨ કે | ફ | ■ | ૩ હ | ૪ રા | મ | ૫ ખો | ૬ ર |
| ૭ કે | સ્તુ | રી | ■ | ૮ આ | ડ | શ | ■ | ૯ ખ | ણ |
| ■ | શા | ■ | ૧૦ હ | ■ | તા | ■ | ૧૧ ધે | લું | ■ |
| ૧૨ શ | સ્ત્ર | ક્રિ | યા | ■ | ૧૩ લ | ઘ | રા | ■ | ૧૪ સ |
| ત | ■ | ■ | ૧૫ તી | વ્ર | ■ | ■ | ૧૬ વ | સ | મું |
| ૧૭ પ | શ | ૧૮ મ | ■ | ■ | ૧૯ શો | ૨૦ ફ | ■ | ■ | ન |
| દ | ■ | ૨૧ ક | ડ | ૨૨ પ | ■ | ૨૩ સ | ર | ૨૪ ના | મું |
| ■ | ૨૫ ક | ર | ■ | ગ | ■ | લ | ■ | બા | ■ |
| ૨૬ ફાં | ટ | ■ | ૨૭ તા | ર | ક | ■ | ૨૮ ન | લિ | ન |
| ૨૯ સ | મ | રાં | ગ | ણ | ■ | ૩૦ ફા | ર | ગ | ■ |

## ઓળખાણ પડી?



આજથી ૧૦૦ વર્ષ પહેલા મનોરંજનની દુનિયામાં અનોખી ભેટ આપનારા જોન લોગી બૈર્ડે કયા ઉપકરણની શોધ કરી હતી એ કહી શકશો?

અ) રેડિયો  બ) કેસેટ પ્લેયર  ક) ટેલિવિઝન  ડ) ગિટાર

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૩ | | ૯ | | | | |
| | | | ૬ | | | | | |
| | | ૫ | ૧ | | ૩ | | | |
| ૨ | ૩ | | | | | | | ૪ |
| | ૪ | | ૨ | | ૬ | | ૫ | |
| ૮ | | | | | | | ૧ | ૭ |
| | | | ૯ | | ૧ | ૭ | | |
| | | | | | ૭ | | | |
| | | | | ૩ | | ૯ | ૪ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ | ૯ | ૮ | ૬ | ૭ |
| ૭ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ |
| ૨ | ૩ | ૧ | ૮ | ૯ | ૬ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૭ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૮ |
| ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૮ | ૪ | ૭ | ૩ |
| ૩ | ૫ | ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૪ | ૮ | ૬ | ૭ | ૩ | ૨ | ૫ | ૧ | ૯ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAT | ઉંદર |
| RATE | દર |
| RATHER | ચોક્કસ |
| RATIFY | બહાલી |
| RATIO | પ્રમાણ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
દિલ્હીનો છેડો આવે પણ દિલનો ન આવે

**ઓળખાણ પડી?**
જેમ્સ વોટ

**માઈન્ડ ગેમ :**
મેલોની

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
આતુરતા

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘તેમને લોકોને અનુષ્ઠાનની વિગતો આપી’ વાક્યમાં અનુષ્ઠાન શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અનુવાદ  બ) પરવાનગી  ક) ધાર્મિક વિધિ  ડ) કાર્યક્રમ

## માઈન્ડ ગેમ

૧૧ જૂનથી પ્રારંભ થઈ રહેલા ફૂટબોલ વર્લ્ડ કપ - ફિફા વર્લ્ડ કપનું આયોજન યુએસ અને કેનેડા ઉપરાંત કયા ત્રીજા દેશમાં થઈ રહ્યું છે?

અ) આર્જેન્ટિના  બ) ઉરુગ્વે  ક) મેક્સિકો  ડ) બ્રાઝીલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ સંઘવી (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા (૪૬) હેમાંગી કે. મારુ (૪૭) કલ્પના આશર (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) વિરલભાઈ ઉદય શેઠ (૫૦) મહેશ દોશી



# મેઘને કહો, વરસે અનરાધાર

**આભ જો સાંબેલાધાર નહીં વરસશે, તો મોંઘવારીના વિકરાળ વાદળ મંડરાશે એવી ભીતિ સાથે પર્યાપ્ત બફર સ્ટોક અને વૈકલ્પિક પાકના કવચનો આશાવાદ પણ છે!**

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

આપણું ધ્યાન અત્યારે ક્રૂડ ઓઇલની ઉપલબ્ધતા પર મંડાયેલું છે, પરંતુ આપણા અર્થતંત્ર માટે આજે પણ જળવર્ષા ઇંધણનું કામ કરે છે. વરસાદ ભારતીય અર્થતંત્રના સ્વાસ્થ્ય સાથે આંતરિક રીતે જોડાયેલો છે, મજબૂત ચોમાસું ગ્રામીણ આવકમાં વધારો કરે છે અને ફુગાવાને હળવો કરે છે જ્યારે અપર્યાપ્ત વરસાદ કૃષિ ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચશક્તિને નુકસાન પહોંચાડી શકે છે.

હવે ચિંતાનો વિષય એ છે કે અલ-નીનોની અસરને કારણે વરસાદમાં ઘટ રહેવાની આશંકા છે. હવામાન વિભાગે તેની ચોમાસાની આગાહીમાં હીટ વેવની સાથે વરસાદમાં ૧૦ ટકાની ખાધની આગાહી કરી છે જે સમગ્ર ભારતમાં, મુખ્યત્વે ઉત્તરપશ્ચિમ, મધ્ય અને દક્ષિણ પ્રદેશોમાં ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે. આના પરિણામે મુખ્ય છૂટક ફુગાવો પાંચ ટકાથી વધુ રહેશે, એવી ધારણા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે.

જોકે, આઇએમડીના એક અધિકારી કહે છે કે અલનીનો અંગે અગાઉ પણ ચેતવણી જાહેર થઇ હોવાથી આ વખતે ઓછા વરસાદને કારણે પાક નિષ્ફળ જવાની શક્યતા કદાચ અગાઉના વર્ષો જેવી તીવ્ર ન હોય એવી આશા રાખી શકાય છે, કારણ કે પ્રારંભિક આગાહીને કારણે ખેડૂતો તેમની વાવણીનું વધુ સારી રીતે આયોજન કરવા સાથે વૈકલ્પિક પાક તરફ વળી શકે છે.

જો ખેડૂતો વૈકલ્પિક પાક અને ટૂંકા ગાળાના પાક દ્વારા વ્યવસ્થાપન કરી શકે, તો નુકસાન ઘટાડી શકાય છે, એવી આશા વ્યક્ત કરતાં આઇએમડીના પ્રાદેશિક હવામાન કેન્દ્રના અધિકારીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે બાજરી, મકાઈ, કઠોળ અને તેલીબિયાંને વૈકલ્પિક પાક, ડાંગર જેટલા પાણીનો વધુ વપરાશ કરતા નથી.

એક અન્ય અર્થશાસ્ત્રીએ કહ્યું હતું કે, અછતવાળા ચોમાસાના ભૂતકાળના અનુભવોમાંથી સંકેતો જોતાં, ફક્ત આ પરિબળ ખાદ્ય ફુગાવા પર ૨૫ બેસિસથી વધુ અસર કરી શકશે નહીં. જો, ચોમાસાની અછત મુખ્ય ખરીફ પાક ઉગાડતા પ્રદેશોમાં દુષ્કાળની સ્થિતિ સાથે આવે, જેમ કે ગંભીર અલ નીનો ઘટના દરમિયાન થઈ શકે છે, તો મુખ્ય ખાદ્ય ફુગાવો ૫૦ બેસિસ પોઇન્ટ સુધી વધી શકે છે, જ્યારે ગ્રામીણ ગ્રાહકોને તેમના શહેરી સમકક્ષો કરતાં નોંધપાત્ર રીતે ઊંચા ભાવ દબાણનો સામનો કરવો પડી શકે છે.

> **અર્થતંત્રએ વરસાદની અછત ને હીટવેવનો સામનો કરવો પડશે**
>
> **વરસાદ સાથે ભારતીય અર્થતંત્ર સજ્જડ જોડાયેલું છે. અપૂરતા ચોમાસાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭માં ફુગાવો પાંચ ટકાથી ઉપર પહોંચી શકે છે અર્થશાસ્ત્રીઓ કહે છે કે વરસાદની ખાધ, ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે અને ફુગાવો વર્તમાન ૩.૪૮ ટકાથી વધીને પાંચ ટકા સુધી પહોંચી શકે છે. ઉત્તરપશ્ચિમ, મધ્ય અને દક્ષિણ પ્રદેશોમાં મુખ્ય પાક ઉત્પાદક પ્રદેશોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાથી આ વર્ષે ખાદ્ય ઉત્પાદનના અંદાજ પર નોંધપાત્ર જોખમ છે. ખાસ કરીને ડાંગર અને ઘઉંના ઉત્પાદનને અસર થઈ શકે છે.**

તેમણે એવી ધારણાં વ્યક્ત કરી હતી કે, વર્તમાન સમયે ખાદ્ય ફુગાવો ૫.૫૦ ટકા અને મુખ્ય ફુગાવો પાંચ ટકા રહેશે, જેમાં ચોમાસાના વાસ્તવિક પ્રદર્શનના આધારે સુધારો પણ શક્ય છે. સરવાળે ખાદ્ય અને ઊર્જાના ઊંચા ભાવને કારણે મુખ્ય ફુગાવો ૫ ટકાથી વધુ રહેશે.

ખાદ્ય ફુગાવો છૂટક અને જથ્થાબંધ બંને સૂચકાંકોમાં વધી રહ્યો છે, જેમાં માંસ, માછલી અને અન્ય સીફૂડ, ફળો, ખાદ્ય તેલ અને તૈયાર ઉત્પાદનો જેવા ઘણા ક્ષેત્રોમાં વધારો જોવા મળી રહ્યો છે. દેશના ઉત્તર અને મધ્ય ભાગોમાં ઉનાળામાં વધારો અને ભારે ગરમીની સ્થિતિને કારણે શાકભાજી અને ફળો જેવા નાશવંત પાકમાં ટૂંક સમયમાં વધારો જોવા મળી શકે છે.

જોકે, કેટલીક હકીકતોને નજરઅંદાજ કરી શકાય એમ નથી. ભારત હવામાન વિભાગ (આઇએમડી)ની ૨૯ મેના રોજ પ્રકાશિત થયેલી નવીનતમ આગાહીમાં જૂન-સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન વરસાદ સામાન્ય કરતાં ૧૦ ટકા ઓછો (લાંબા ગાળાના સરેરાશના ૯૦ ટકા) રહેવાની આગાહી કરવામાં આવી છે. આ અંદાજો સામાન્ય કરતાં આઠ ટકા ઓછો વરસાદ હોવાના અગાઉના અંદાજ કરતાં ઓછા છે. તાજેતરના અંદાજ મુજબ, ચોમાસામાં સામાન્યથી ઓછો વરસાદ થવાની સંભાવના ૮૪ ટકા છે, જ્યારે પહેલા લાંબા ગાળાના અંદાજમાં ૬૬ ટકા સંભાવના આપવામાં આવી છે.

આઇએમડીએ આગામી મહિનાઓમાં ભારે ગરમીની સ્થિતિ ચાલુ રહેવાનો સંકેત પણ આપ્યો છે. આ સાથે વિલંબિત અને શુષ્ક ચોમાસાની અપેક્ષાઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં વહેલી વાવણી પ્રવૃત્તિઓ માટે જોખમ ઊભું કરે છે, જે વિક્ષેપકારક અલ નીનો તબક્કા સાથે વધી શકે છે.

ચોમાસું મોડું પડ્યું છે અને સમગ્ર દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ જોવા મળ્યો છે. ઉત્તરપશ્ચિમ, મધ્ય અને દક્ષિણ પ્રદેશોમાં મુખ્ય પાક ઉત્પાદક પ્રદેશો હોવાથી, આ વર્ષે ખાદ્ય ઉત્પાદનના અંદાજ પર નોંધપાત્ર જોખમ છે. દેશમાં કુલ પાક ઉત્પાદનનો લગભગ ૪૦ ટકા ચોમાસાના મુખ્ય ક્ષેત્રમાં કેન્દ્રિત છે, જેમાં આ વર્ષે ઓછો વરસાદ પડવાની સંભાવના છે.

અર્થશાસ્ત્રીઓ કહે છે કે વરસાદ ઓછો પડે તો, કઠોળ, બરછટ અનાજ (કડ ધાન્ય), તેલીબિયાં અને મસાલા જેવા વરસાદ આધારિત પાકને અસર થઈ શકે છે. વધુમાં, ડાંગરનું ઉત્પાદન મુખ્યત્વે ઉત્તરપશ્ચિમ પ્રદેશ (કુલ ઉત્પાદનના ૨૭ ટકા) અને પૂર્વ અને ઉત્તરપૂર્વીય પ્રદેશ (૨૩ ટકા)માં કેન્દ્રિત છે, ત્યારબાદ મધ્ય અને દક્ષિણ ભારતમાં (પ્રત્યેકમાં કુલ ઉત્પાદનના ૧૫ ટકા) જેટલું થાય છે.

ડાંગર માટે સિંચાઈ કવરેજ વધુ હોવાથી, વિલંબિત અથવા સામાન્ય કરતા ઓછા વરસાદની આદર્શ રીતે પાક વાવણી પર ઓછી અસર થવી જોઈએ. ઘઉંનું પણ એવું જ છે, જે ઉત્તરપશ્ચિમ ભારતમાં (કુલ ઉત્પાદનના ૬૮ ટકા) અને મધ્ય ભારતમાં (૨૫ ટકા) ઉત્પન્ન થાય છે અને આ બંને પ્રદેશોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની શક્યતા હોવાનું હવામાન ખાતાના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

જો જમીનમાં ભેજ ઓછો હોય (વરસાદનો અભાવ) અને તે સમયે જળાશયોનું સ્તર પર્યાપ્ત ન હોય, તો ડાંગર અને ઘઉંના ઉત્પાદન પર થોડી અસર પડી શકે છે. ૨૯ મે સુધીમાં જળાશયોનું સ્તર કુલ ક્ષમતાના ૩૧ ટકા હતું, જે કુલ ક્ષમતાના લાંબા ગાળાના સરેરાશ ૨૬ ટકા કરતા વધારે છે. જોકે, એક સારી બાબત એ છે કે દેશમાં ૨૭૫ લાખ મેટ્રિક ટનના બફર ધોરણની આવશ્યકતા સામે હાલ ૫૧૩ લાખ મેટ્રિક ટન ઘઉંનો સ્ટોક છે. આમ બફર સ્ટોક સારો છે અને અલનીનોની નકારાત્મક અસરની સામે રક્ષણ મળવાનો આશાવાદ છે. હવે બધો આધાર મેઘરાજ કેવું વરસે છે અને સરકારનું આયોજન કેવું છે તેના પર રહેલો છે. ■

પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com

# હેં... વિનાશના આરે વિશ્વ?

**યુદ્ધના ગંભીર પડછાયા અને વૈશ્વિક અસ્થિરતા ચિતરે છે ધ્રુજાવી મૂકે એવું એક ભયપ્રેરક ચિત્ર**



વર્તમાન વૈશ્વિક પરિદૃશ્ય માનવ ઈતિહાસના સૌથી નાજુક અને જોખમી તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વના વિવિધ ખૂણે ભડકેલી સંઘર્ષની જ્વાળાઓ હવે માત્ર પ્રાદેશિક નથી રહી, પરંતુ તે એક વિશાળ વૈશ્વિક સંકટમાં પલટાવવાની તૈયારીમાં છે. રશિયા-યુક્રેન યુદ્ધ, મધ્ય પૂર્વમાં ઈરાન-અમેરિકા વચ્ચે વધતો તણાવ અને ઉત્તર કોરિયાનું વધતું જતું પરમાણુ આક્રમણ આ ત્રણેય પરિબળ એક સાથે મળીને વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધની ભયાનક ધાર પર લાવીને ઊભા કરી દીધા છે. આ સ્થિતિ માત્ર રાજકીય નથી, પરંતુ તે અર્થતંત્ર, માનવતા અને ભવિષ્યની સુરક્ષા માટે એક ગંભીર ચેતવણી છે.

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધે વૈશ્વિક સંતુલન ખોરવી નાખ્યું છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર-ઝેલેન્સ્કી દ્વારા કરવામાં આવેલી સીઝફાયરની અપીલને વ્લાદિમીર પુતિને સખત શબ્દોમાં નકારી કાઢી છે, જે દર્શાવે છે કે રશિયા કોઈ પણ સમાધાનના મૂડમાં નથી. સેન્ટ પીટર્સબર્ગ આર્થિક મંચ પર પુતિનનું વલણ સ્પષ્ટ હતું કે આ સંઘર્ષ લાંબો ચાલશે. બીજી તરફ, યુક્રેન દ્વારા રશિયન નેવલ બેઝ અને તેલ રિફાઇનરી પર કરવામાં આવેલા ડ્રોન હુમલાએ યુદ્ધની દિશા પલટી નાખી છે. રશિયાએ પણ તેના બદલામાં યુક્રેનના રહેણાંક વિસ્તારો પર ભીષણ મિસાઈલ હુમલા કર્યા છે, જેમાં નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાઈ રહ્યો છે. આ લાંબા સંઘર્ષને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગઈ છે. ખાસ કરીને અનાજ અને ખાતરના પુરવઠામાં વિક્ષેપ પડતા વિશ્વના ગરીબ દેશોમાં ભૂખમરાનું જોખમ ઊભું થયું છે.

આ સંઘર્ષની સૌથી વિનાશક અસર વૈશ્વિક ઊર્જા બજાર પર જોવા મળી રહી છે. રશિયા વિશ્વનો અગ્રણી તેલ અને ગેસ નિકાસકાર દેશ છે, જ્યારે યુક્રેન થઈને પસાર થતી પાઇપલાઇનો યુરોપની ઊર્જા સુરક્ષા માટે કરોડરજ્જુ સમાન છે. આ યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ સતત અસ્થિર રહ્યા છે, જેની સીધી અસર પરિવહન, વીજળી ઉત્પાદન અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પડી છે. ઊર્જા સંકટે યુરોપને આર્થિક મંદીની અણી પર ધકેલી દીધું છે અને એશિયાના ઊભરતાં બજારો પર પણ મોટું દબાણ સર્જ્યું છે. ઊર્જાના વધતા ભાવ ફુગાવાને પ્રોત્સાહન આપી રહ્યા છે, જેના કારણે સામાન્ય માનવીનું જીવન અત્યંત દુષ્કર બની ગયું છે.

આ પરિસ્થિતિમાં વધુ ઘી હોમવાનું કામ મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવે કર્યું છે. ઈરાન દ્વારા કુવૈત અને બહેરીન પર કરવામાં આવેલા મિસાઈલ હુમલાઓએ ખાડી વિસ્તારમાં યુદ્ધની શક્યતાઓને પ્રબળ બનાવી દીધી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, જે વૈશ્વિક તેલ પુરવઠાનો સૌથી મહત્ત્વનો માર્ગ છે, ત્યાં ઈરાની પ્રભુત્વ અને અમેરિકન સૈન્યની હાજરી વચ્ચે ઘર્ષણ સતત વધી રહ્યું છે. જો અહીં યુદ્ધ ફાટી નીકળે તો વૈશ્વિક તેલના ભાવ આસમાને પહોંચી જશે, જે વૈશ્વિક અર્થતંત્રને કડડભૂસ કરી શકે છે. અમેરિકાએ પોતાની વ્યૂહાત્મક મિલકતોના રક્ષણ માટે જે રીતે પગલાં લીધાં છે, તે દર્શાવે છે કે પરિસ્થિતિ કોઈપણ સમયે કાબૂ બહાર જઈ શકે છે.

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉનનું તાજેતરનું નિવેદન પણ ચિંતાજનક છે. પરમાણુ કાર્યક્રમને વેગ આપવાની તેમની જાહેરાત અને નવા યુરેનિયમ પ્લાન્ટનું નિરીક્ષણ એ અમેરિકા અને તેના મિત્ર દેશો દક્ષિણ કોરિયા તથા જાપાન માટે સીધો પડકાર છે. જ્યારે વિશ્વ પહેલેથી જ બે મોટા યુદ્ધ વચ્ચે અટવાયેલું છે ત્યારે ઉત્તર કોરિયાની આ પરમાણુ મહત્ત્વકાંક્ષા એક નવા અને ઘાતક મોરચાને જન્મ આપી રહી છે. છેલ્લાં પાંચ વર્ષમાં અણુ સામગ્રીમાં થયેલો બમણો વધારો કોઈ નાના સંઘર્ષનો સંકેત નથી, પરંતુ તે મોટા વિનાશની તૈયારી છે.

આવી ગંભીર સ્થિતિમાં સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોની ભૂમિકા અત્યંત નબળી સાબિત થઈ રહી છે. શાંતિ મિશનો અને કૂટનીતિક સંવાદો માત્ર કાગળ પર રહી ગયા હોય તેવું લાગે છે. સંયુક્ત રાષ્ટ્ર જેવી વૈશ્વિક સંસ્થાઓએ યુદ્ધ રોકવા માટે જે સક્રિયતા બતાવવી જોઈતી હતી, તેમાં તે નિષ્ફળ નીવડ્યા છે. રાષ્ટ્રસંઘે માત્ર નિવેદનો આપવાને બદલે સખત પ્રતિબંધો અને મધ્યસ્થી દ્વારા યુદ્ધગ્રસ્ત દેશોને ટેબલ પર લાવવા માટે દબાણ કરવું પડશે. ફૂટબોલ વર્લ્ડ કપ જેવા આંતરરાષ્ટ્રીય આયોજનો વચ્ચે પણ વિશ્વ સુરક્ષિત નથી, જે એ વાતનો પુરાવો છે કે રાજકીય નેતાઓની મહત્વાકાંક્ષા માનવીય મૂલ્યો કરતાં વધી ગઈ છે.

અંતે, ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધનો અંત ક્યારેય શાંતિમાં નથી આવતો. તે માત્ર રાખ અને વિનાશમાં પરિણમે છે. રશિયા-યુક્રેન, મધ્ય પૂર્વ અને ઉત્તર કોરિયાનો ત્રિકોણ વિશ્વને અંધકાર તરફ લઈ જઈ રહ્યો છે. જો સમયસર રાજકીય ઇચ્છાશક્તિ દાખવીને સંવાદનો માર્ગ નહીં અપનાવવામાં આવે તો માનવતા એક એવા વળાંક પર આવી જશે જ્યાંથી પાછા ફરવું અશક્ય હશે. વિશ્વના અગ્રણી દેશોએ સ્વાર્થ છોડીને વૈશ્વિક શાંતિ માટે એક થવું પડશે, અન્યથા આ નાનો એવો તણખો એક દિવસ સમગ્ર પૃથ્વીને સ્વાહા કરી નાખશે. શાંતિ એ કોઈ વિકલ્પ નથી, પણ અસ્તિત્વ ટકાવી રાખવાની અનિવાર્યતા છે. ■

## આ તો સ્કેમ છે...




# રોશનીને નામે કૌભાંડનું અંધારું

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

અતિશયોક્તિનું જોખમ લઈનેય કહેવું ગમે કે કૌભાંડની કલ્પના શક્તિમાં ભારત અવ્વલ નંબરે આવે. જાનવરના ઘાસથી લઈને માનવીના કફન સુધી સ્કૅમ કરી બતાવ્યાં છે મેરા ભારત મહાનના નેતા અને બાબુ લોગોએ. એક કૌભાંડ તો રોશની ઍક્ટ નામના કાયદાના ઓઠા હેઠળ આચરાયું હતું બોલો.

આપણામાંથી બહુ ઓછા લોકોને રોશની ઍક્ટ વિશે કોઈ જાણકારી હોવાની શક્યતા છે. તો આરંભ કરીએ રોશની ઍક્ટની માહિતીથી. જમ્મુ અને કાશ્મીર રાજ્યના મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાહની સરકારના કાળની વાત છે. ૨૦૦૧માં ફારૂક અબ્દુલ્લાહના કાર્યકાળ દરમિયાન અમલમાં મૂકવામાં આવ્યો હતો એક કાયદો,

જમ્મુ અને કાશ્મીર સ્ટેટ લૅન્ડ (વેસ્ટિંગ ઑફ ઓનરશિપ ટુ ઑક્યુપન્ટ્સ) ઍક્ટ, ૨૦૦૧.




આ કાયદાનો હેતુ ખૂબ ઉમદા હતો. એના હેઠળ જમ્મુ અને કાશ્મીર રાજ્યની જમીન પર ગેરકાયદે રીતે કબજો ધરાવતા લોકોને, જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા નક્કી કરાયેલી રકમ ચૂકવ્યા બાદ તે જમીનની માલિકી આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. કલ્પના કરો ગેરકાયદે જમીન પચાવી બેઠેલા લોકોને સજા કરવાને બદલે જમીનના કાયદેસરના માલિક બનાવવાને સ્કીમ હતી આ. પણ અગાઉ જણાવ્યા મુજબ આ કવાયત પાછળનો હેતુ વીજ પ્રોજેક્ટો માટે નાણાં એકઠાં કરવાનો હતો. રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાંથી મળનારી આવકનો ઉપયોગ વીજ પ્રોજેક્ટોને ભંડોળ પૂરું પાડવા માટે કરવાનો વિચાર હોવાથી આ કાયદાને બિનસત્તાવાર રીતે ‘રોશની ઍક્ટ’ નામ મળ્યું હતું. સરકારે અંદાજે ૨૦.૪૬ લાખ કનાલ (લગભગ ૧.૦૨ હેક્ટર) જમીનની માલિકી હસ્તાંતર કરીને ૨૫૦૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો.

**શરૂઆતમાં નૅશનલ કૉન્ફરન્સ પાર્ટીની**

ફારૂક અબ્દુલ્લાહ સરકારે આ યોજનાનું કટ-ઑફ વર્ષ ૧૯૯૦ રાખ્યું હતું. બાદમાં પીડીપી-કૉંગ્રેસ સરકાર દ્વારા પહેલાં કટ-ઑફ વર્ષ ૨૦૦૪ સુધી અને ફરી ૨૦૦૭ સુધી લંબાવવામાં આવ્યું હતું. વિચાર આવે કે સદીઓથી કાળા ડિબાંગ અંધકારમાં ગરકાવ કેટકેટલાં ગામોમાં રોશની જ રોશની થઈ હશેને?

પરંતુ રાજ્યમાં વીજ પ્રોજેક્ટોને નાણાકીય સહાય આપવા માટે ભંડોળ ઊભું કરવાના હેતુથી રાજ્યની જમીનના કબજેદારોને માલિકીના હક્કો આપવાની જોગવાઈ કરતો કાયદાના નામે મસમોટો ગોટાળો થયો હોવાનું ૨૦૧૪માં બહાર આવ્યું હતું.

હા, વર્ષ ૨૦૧૪માં રાજ્યના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કૅગ-કમ્પટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ)એ આ કાયદાના અમલમાં અનિયમિતતાઓ આચરાઈ હોવાના મુદ્દા ઉઠાવ્યા હતા. અને ૨૦૧૫માં સ્ટેટ વિજિલન્સ ઑર્ગેનાઇઝેશને ૨૦થી વધુ સરકારી અધિકારીઓ સામે આ કાયદાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે કમનસીબે કોઈની સામે કાર્યવાહી કરવામાં આવી નહોતી, પરંતુ ૨૦૧૫થી ગેરકાયદેસર રીતે હસ્તગત કરાયેલી કેટલીક જમીન પાછી મેળવવાના પ્રયાસો શરૂ થયા હતા.

અંતે ૨૦૧૮માં જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ સત્ય પાલ મલિકના કાર્યકાળ દરમિયાન આ કાયદો રદ કરવામાં આવ્યો હતો. તેમણે રોશની ઍક્ટ કૌભાંડની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપી દીધી હતી.

આમાં વળી કેવું કૌભાંડ થઈ શકે? હજી રોશની લૅન્ડ સ્કૅમની સપાટી ખોદાતાં મોટાં હાડપિંજર નીકળવાનાં હતાં. (ક્રમશઃ) ■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# અંગ્રેજ માનસિકતા... હવે તો ભારત છોડો!

**અંગ્રેજો ગયા પણ તેમની ક્લબ સંસ્કૃતિ છોડતા ગયા, જેમકે જિમખાના ક્લબ એટલે એવી જગ્યા જ્યાં દેશના ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ, રાજનેતાઓ, બ્યૂરોક્રેટ, સેનાના નિવૃત્ત અધિકારીઓ બેસીને વ્હિસ્કી પીતાં-પીતાં દેશનું ભવિષ્ય નક્કી કરે. દિલ્હી અને મુંબઈના જિમખાનાઓ પર ભાજપની રાજ્ય સરકારોએ નિશાન તાક્યું છે.**








દિલ્હી જિમખાના ક્લબને કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષા અને રક્ષા ઢાંચાને મજબૂત કરવા માટે જગ્યા ખાલી કરવાની નોટિસ આપી છે. કેસ ઉચ્ચ ન્યાયાલયમાં ગયો છે. જિમખાનાના વકીલ તરીકે અભિષેક મનુ સિંઘવી સાથે કપિલ સિબલ પણ છે. આ બેમાંથી માત્ર એક જ કોર્ટમાં ઊભા રહે તો પોતાના ગ્રાહક તરફીનિર્ણય મેળવી શકે, પણ અહીં તો કાયદાના બબ્બે મહારથી સાથે ઊભા છે... પ્રશ્ન એ થાય કે દિલ્હી જિમખાના ક્લબનું એવું શું મહત્ત્વ છે કે આ બે મોટા વકીલ તેના માટે કેસ લડવા પહોંચી ગયા?

મુંબઈમાં પણ ૧૬ જિમખાનાંને કહી દેવામાં આવ્યું છે કે તમારા બોર્ડમાં કલેક્ટરનો સમાવેશ કરો, નહીંતર....

એ તો સુવિદિત છે કે મોદી સરકાર અને એટલે રાજ્યોની ભાજપ સરકારો પણ અંગ્રેજોની અને મોગલોની દાસતાનાં પ્રતીકો ક્રમશઃ મિટાવી રહી છે. દિલ્હી કે મુંબઈનાં જિમખાના પણ કોલોનિયલ માઇન્ડસેટ (ગુલામીની માનસિકતા) નાં મોટાં પ્રતીક છે.

દિલ્હી જિમખાનાની વાત કરીએ તો, ક્લબની સ્થાપના ૩ જુલાઈ ૧૯૧૩એ થઈ હતી. તેનું નામ 'ઇમ્પિરિયલ દિલ્હી જિમખાના ક્લબ' હતું. આ ક્લબ ભારતીયોને નીચું દેખાડવા માટે હતી. આ ક્લબ માત્ર બ્રિટિશ અધિકારીઓ અને અન્ય ગણમાન્ય (સેલિબ્રિટી) માટે જ હતી. જોકે ક્લબ ચલાવવા માટે કેટલાક મહારાજાઓને તેમાં સભ્ય બનાવાયા હતા, કારણકે તે લોકો જ ભંડોળ પૂરું પાડી શકે તેમ હતા. તેના પહેલા અધ્યક્ષ સ્પેન્સર હારકોર્ટ બટલર હતા જે તે સમયના અગ્રગણ્ય અધિકારી હતા. ૧૯૪૭માં સ્વતંત્રતા પછી પણ પરંતુ ગુલામીનાં પ્રતીકો એમને એમ રહ્યા.

ક્લબના નામમાંથી માત્ર 'ઇમ્પિરિયલ' શબ્દ હટાવી દઈ સંતોષ માની લેવામાં આવ્યો.

સ્વતંત્રતા પછી આ ક્લબના સભ્યોની માનસિકતા અંગ્રેજોની જ હતી. આ ક્લબમાં રાજનેતાઓ, અગ્રણી આઈએએસ અધિકારીઓ, સેનાના નિવૃત્ત અધિકારીઓ, ન્યાયાધીશો અને અગ્રણી ઉદ્યોગપતિઓ સભ્યો છે. એક રીતે એમ કહી શકાય કે અહીંથી દેશ ચલાવાય છે. ક્લબનું વર્તમાન ભવન ઈ. સ. ૧૯૨૮માં બનાવાયું હતું. આ ક્લબ લુટિયન્સ વિસ્તારમાં છે. દિલ્હી જિમખાના ક્લબ ૨૭.૩ એકડ જેટલી વિશાળ ભૂમિમાં પથરાયેલી છે. તેમાં ઘાસનાં ૨૬ ટેનિસ મેદાન (ટેનિસ કોર્ટ) છે. માટીનાં સાત મેદાન (ક્લે કોર્ટ), ત્રણ સ્ક્વોશ મેદાન, બેડમિંટન મેદાન, બાસ્કેટબોલ મેદાન, બિલિયર્ડ્સ રૂમ છે. જિમખાનાં નામ અંગ્રેજ અને ઉર્દૂનું મિશ્રણ છે. આ ક્લબ નામથી પણ ઇસ્લામી અને અંગ્રેજ આક્રાંતાઓની દાસતાનું પ્રતીક છે. નામ જિમખાના છે એટલે તેમાં અત્યાધુનિક કાર્ડિયો અને વેટ ટ્રેનિંગ મશીનો પણ છે. સ્પા સેન્ટર છે.

સ્વિમિંગ પૂલનું નામ હજુ પણ અંગ્રેજ સમયનું છે : લેડી વિલિંગડન પૂલ, કારણકે તે સમયના વાઇસરોયનાં પત્નીએ સ્વિમિંગ પૂલ બનાવવા તે સમયે રૂ. ૨૧,૦૦૦નું દાન આપ્યું હતું. અહીં એક બોલરૂમ છે, જેમાં નૃત્યના કાર્યક્રમો થાય છે. ટહેલવા માટે અહીં થોડાં મેદાન છે.

ક્લબમાં ત્રણ મુખ્ય બાર (દારૂના અડ્ડા) છે. અહીં મોંઘામાં મોંઘો વિદેશી દારૂ મળે છે. અહીં ભારતીય અને વિદેશી (વધુ તો વિદેશી) વ્યંજનોવાળાં ડાઇનિંગ રૂમ્સ છે. બ્લુ ટોકાઈનો વિશેષ કોફી બાર અને ક્લબની પોતાની પેસ્ટ્રી અને બેકરી દુકાન પણ છે. ક્લબમાં ૪૩ ભવ્ય (લક્ઝરિયસ) કોટેજ (નિવાસ) છે. ફાઇવ સ્ટાર કે સેવન સ્ટાર હોટલ જેવા જ ભવ્ય રૂમ આ કોટેજમાં આવેલા છે. ઓરડાઓમાં ખાનગી બાલકની, કનેક્ટિંગ રૂમ અને ૨૪ કલાક ખાનગી બટલર સેવા છે.

અહીં એક ઐતિહાસિક પુસ્તકાલય છે, જે ઈ. સ. ૧૯૩૦ના દાયકાથી શરૂ થયું હતું અને દિલ્હીનું સૌથી સમૃદ્ધ પુસ્તકાલય મનાય છે. તેમાં ૩૫,૦૦૦થી વધુ પુસ્તકો, દુર્લભ દસ્તાવેજો, ડઝનથી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મેગેઝિન, અત્યાધુનિક સાઇબર સેન્ટર અને બાળકો માટે અલગ વાંચન કક્ષ છે.

દિલ્હી જિમખાના ક્લબને જગ્યા ખાલી કરવાની નોટિસ સામે કૉંગ્રેસે વાંધો ઉઠાવ્યો છે. કારણ એ છે કે સામાન્ય માણસને આ ક્લબમાં સભ્ય બનવું હોય તો લાંબો સમય પ્રતીક્ષા કરવી પડે છે એટલે સુધી કે ચાલીસ ચાલીસ વર્ષ રાહ જોવી પડે છે. અને લાખો રૂપિયાની ફી ભરવી પડે છે. એટલે સમજી શકાય કે આ ક્લબ કેવા લોકો માટે છે. આ ક્લબના એક સભ્ય કૉંગ્રેસના શીર્ષ નેતા રાહુલ ગાંધી પોતે પણ છે એટલે કૉંગ્રેસ માટે વટનો પ્રશ્ન બની જાય કારણ કે આ ક્લબ વડા પ્રધાન નિવાસની એકદમ નજીક જ આવેલી છે. આમ એ વડા પ્રધાનની સુરક્ષા માટે જોખમી છે. ૨૦૨૨માં અહીં એક રેલીનું આયોજન થયું ત્યારે ડ્રોન ઉડાડાયું હતું.!

આ ઉપરાંત આ ક્લબમાં નાણાકીય ગોટાળાઓના પણ આક્ષેપ ક્લબનાં પૂર્વ બોર્ડ સભ્ય નિજી સુપરાએ કર્યા છે.

બ્રિટિશરોના સમયમાં ફેબ્રુઆરી ૧૯૨૮માં આ ક્લબ માટે આટલી વિશાળ જમીન લીઝ પર અપાઈ હતી. લીઝની પૂર્ણ થવાની કોઈ અવધિ નથી. દાયકાઓ સુધી આટલી ૨૭.૩ એકડ જેટલી વિશાળ ભૂમિમાં પથરાયેલી ક્લબ માત્ર રૂ. ૪૦૯.૫૦ ભાડું ચૂકવતી હતી. તે પછી તેને વધારી રૂ. ૧૦૦૦ કરાયું, પરંતુ ૨૦૨૩માં મોદી સરકારે તેને વધારી રૂ. ૪.૧૦ કરોડ કર્યું છે ... પરંતુ ક્લબના અમુક પહોંચતા લોકોની દાદાગીરી જુઓ. તેમણે ભાડું નથી ચૂકવ્યું. હજુ રૂ. ૪૭.૫૯ કરોડ જેટલું બાકી છે! દેશમાં સૌથી વધુ કમાતા લોકોની ક્લબ આટલું ભાડું પણ ન ભરી શકે? ભરી જ શકે, પરંતુ તેમના માટે આ વટનો પ્રશ્ન છે. એવું નથી કે ક્લબને કોઈ આવક નથી. ક્લબના સભ્ય બનવાની ફી ઉપરાંત ક્લબની જગ્યા આ જગ્યા માલેતુજારોને લગ્ન માટે અને કોર્પોરેટ ઇવેન્ટ માટે ભાડે પણ અપાય છે. છતાંય સરકારી ભાડું ન ચૂકવીને થતી લુખ્ખાગીરીરૂપી દાદાગીરી!

જો સામાન્ય માણસનું આટલું સરકારી દેવું બાકી હોય તો? ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સેલફોનઃ એક હાથવગી દુનિયા, પણ કેટલી આઝાદીના ભોગે?




સવાર પડે ને આંખ ઉઘડતાંની સાથે જ આપણી આંખ અને હાથ સૌથી પહેલાં શું શોધે છે?

પત્ની, સંતાનો કે પરિવારનો ચહેરો નહીં, પણ ચાર્જિંગ માટે પાસે પડેલો 'મોબાઇલ ફોન'... આપણી જિંદગીના ૨૪ કલાક ૫-૬ ઇંચની સ્ક્રીનમાં કેદ થઈ ગયા છે. આજે વિશ્વમાં ૮.૬ અબજથી વધુ સેલ ફોનનાં કનેક્શન્સ છે, જે પૃથ્વીની કુલ માનવ વસ્તી કરતાં વધારે છે! ભારતમાં ૧.૨ અબજથી વધુ લોકોના હાથમાં આ જાદુઈ યંત્ર છે.

મોબાઇલ આપણો કીમતી સમય ખાઈ રહ્યો છે. આપણે જાણીએ છીએ કે તેનાથી એકાગ્રતા ઘટે છે છતાં આપણે તેને છોડી શકતા નથી. આ વિરોધાભાસ પાછળ માત્ર આપણી નબળાઈ નથી, પણ ટેક્નૉલૉજીની એવી 'ડિઝાઇન કરામત' છે જેણે માનવ મગજને ગીરવે મૂકવા મજબૂર કરી દીધું છે.

મોબાઇલને સમજવા તેના ઇતિહાસની ગલીઓમાં લટાર મારતા રહેવું જોઈએ. ૧૯૭૩માં માર્ટિન કૂપરે કરેલો પહેલો કૉલ કર્યો હતો. તે સમયે ફોનનું વજન એક કિલો હતું અને તેની કિંમત મોંઘીદાટ કાર જેટલી હતી! એ ફોનને લોકો 'બ્રિક ફોન' એટલે કે ઈંટ કહેતા. કોને ખબર હતી કે આ ઈંટ એક દિવસ આખું વિશ્વ પોતાનામાં સમાવી લેશે?

૧૯૯૨માં પહેલો મેસેજ 'મેરી ક્રિસમસ' ગયો ત્યારે કોઈને ખબર નહોતી કે SMS ક્રાંતિ લાવશે. સાદા મોબાઇલથી માંડીને લેટેસ્ટ ટચસ્ક્રીન (અને હવે તો AIની કરામતવાળા!) સુધીની સફર ટેક્નૉલૉજીના વિકાસની પરાકાષ્ઠા છે. માનવજાત માટે પ્રશ્ન એ છે કે આ વિકાસે આપણને આપ્યું શું? જ્ઞાનનો દરિયો કે પછી માહિતીનો કચરો?

તમને ક્યારેય વિચાર આવ્યો છે કે કેમ સોશ્યલ મીડિયાના આઇકોન કયા રંગના હોય છે? 'લાઇક' બટન દબાવતી વખતે કેમ નાનો અવાજ આવે છે? આને 'પર્સ્યુએઝિવ ડિઝાઇન' કહેવાય છે. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ કે વોટ્સએપ જેવી ઍપ બનાવનારા મનોવિજ્ઞાનની મદદ લે છે, જેથી માનવમગજને 'હૅક' કરી શકાય. આપણે સતત 'સ્ક્રોલ' કરીએ છીએ, કારણ કે આપણને સતત એવી આશા હોય છે કે હવે કંઈક નવું આવશે. સ્ક્રોલનો કોઈ 'અંત' જ નથી. તમે જેટલું સ્ક્રોલ કરશો એટલું જ તે નવું પીરસશે. આપણું મગજ અંત વગરની રમતમાં ખોવાઈ જાય છે.

મોબાઇલના નૉટિફિકેશન મગજમાં એ જ 'ડોપામાઇન' રસાયણ પેદા કરે છે, જે ડ્રગ્સ લેતી વખતે અનુભવાય છે. એક અભ્યાસ મુજબ વ્યક્તિ દિવસમાં ૨,૬૦૦થી વધુ વાર પોતાનો ફોન ટચ કરે છે! આ એક પ્રકારનું બાયોલૉજિકલ હાઇજેક છે, આપણી એકાગ્રતાનો ગ્રાફ એટલો નીચે ગયો છે કે આપણે ૩૦ સેકન્ડથી વધુ કોઈ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. આપણે માહિતીના મહાસાગરમાં ડૂબી રહ્યા છીએ, પણ જ્ઞાનના એક ટીપા માટે તરસ્યા છીએ. આપણી યાદશક્તિ હવે મોબાઇલની મેમરીમાં ટ્રાન્સફર થઈ ગઈ છે, પરિણામે આપણું મગજ સાવ આળસુ અને નિષ્ક્રિય બનતું જાય છે.

સંયુક્ત કુટુંબનાં ઘરોમાં હવે પાંચ વ્યક્તિ સાથે બેઠા હોય છે, પણ પાંચેય પોતપોતાના ફોનમાં મગ્ન હોય છે. ડિજિટલ સાક્ષરતાના અભાવે અફવાઓ અને ખોટી માહિતી ઇવન ભણેલા અને સમૃદ્ધ લોકોમાં આસાનીથી ફેલાય છે. પરંપરાગત જ્ઞાન અને લોકસંસ્કૃતિ ધીરે ધીરે વર્ચ્યુઅલ દુનિયામાં ઓગળી રહી છે. જે સંબંધો રૂબરૂ મળવાથી જીવંત રહેતા હતા, તે હવે વ્હોટ્સએપ મેસેજ પૂરતા મર્યાદિત થઈ ગયા છે.

આવતી કાલના મોબાઇલ કદાચ હાથમાં પણ નહીં હોય! મોબાઇલ સાથેના ફોટા જોઈને વીસ વર્ષ પછી મજાક ઉડાવશે. વિચારથી ચાલતા ફોન અને તમારી તબિયતનું પળ-પળ ધ્યાન રાખતા નવા AI સાથીઓ આવી રહ્યા છે, પણ આ ટેક્નૉલૉજી જ્યારે આપણા વિચારો પર જ નિયંત્રણ મેળવશે ત્યારે આપણું કહી શકાય એવું બચશે શું? જો આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ નક્કી કરશે કે આપણે શું ખરીદવું, શું વિચારવું અને કોને પ્રેમ કરવો તો માણસ હોવાની વ્યાખ્યા નવેસરથી ઘડવી પડશે? આપણે એક એવા યુગ તરફ જઈ રહ્યા છીએ જ્યાં માણસ પોતાનો નિર્ણય લેવાની ક્ષમતા પણ બહુ ઝડપથી ગુમાવી દેશે.

આપણે એક એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં માણસ કરતાં ડેટાની કિંમત વધી ગઈ છે. સવાર પડે અને આપણી આંખો ખૂલે એ પહેલાં આપણે આપણા મગજને ડિજિટલ ખોરાક આપવાનું શરૂ કરી દઈએ છીએ. શું તમે ક્યારેય વિચાર્યું છે કે છેલ્લા એક કલાકમાં તમે કેટલી વાર ફોન ચેક કર્યો? જો આ આંકડો દશથી વધુ હોય, તો સાવધાન થઈ જજો.

પહેલાં માણસ સારા કામ કરતો અને સંતોષ મેળવતો. હવે માણસ એ કામની લાઇક્સ અને કૉમેન્ટ્સ પર ધ્યાન આપતો થયો છે. એનો અર્થ એ થયો કે આપણી ખુશીનું રિમોટ કંટ્રોલ અજાણ્યા લોકોના હાથમાં છે. જો પોસ્ટ પર લાઇક્સ ઓછી આવે તો આપણે ઉદાસ થઈ જઈએ છીએ... આ તો ડિજિટલ ભીખ છે.!

ટેક્નૉલૉજીનો વિરોધ કરવાને બદલે તેનો સ્વીકાર કરતા શીખવું પડશે. ભવિષ્યમાં AI તમારી સાથે એક સાથીની જેમ કામ કરશે, તેને શત્રુ ગણવાને બદલે તમારા કામમાં વધુ કાર્યક્ષમ કેવી રીતે બની શકાય તે શીખો. આપણે હવે ગણતરીઓ મગજમાં કરવાની જરૂર નથી, પણ ગણતરીઓનો ઉપયોગ કરીને જીવનમાં કયા નિર્ણયો લેવા તે શીખવાની જરૂર છે. ભવિષ્યમાં ડેટા બધા પાસે હશે, પણ એ ડેટાનો ઉપયોગ કરીને સફળ થતા શીખવું પડશે.

આપણે એવી દુનિયા તરફ જઈ રહ્યા છીએ જ્યાં રોબો અને સૉફ્ટવેર બધાં જ કામ કરી લેશે. પ્રશ્ન એ છે કે તો પછી માણસ કામ શું કરશે? માણસનું કામ હશે પ્રેમાળ બનવું, લાગણીશીલ હોવું. ટેક્નૉલૉજી પાસે બધું જ હશે, પણ તેની પાસે કરુણાનો અભાવ હશે. ભવિષ્યમાં સફળતા તમારા ટેક્નિકલ નૉલેજ પર નહીં, પણ તમારા ઇમોશનલ ઇન્ટેલિજન્સ પર નિર્ભર રહેશે. તમે લોકો સાથે કેવી રીતે વર્તો છો, તમે મુશ્કેલીમાં કેટલા શાંત રહી શકો છો અને તમે બીજાના દુઃખને કેટલું સમજી શકો છો જેવા ગુણો જ વ્યક્તિને બનાવશે.

છેલ્લી વાત, ટેક્નૉલૉજી જ પૃથ્વી પર સહુને એકઠા રાખશે, દુનિયાને નાની કરશે. ટેક્નૉલૉજી વાપરનારા એક નહીં થાય તો નુકસાન થશે. ભવિષ્ય માટે તૈયાર થવાનો અર્થ એ છે કે તમે આજે જ નક્કી કરો કે મોબાઇલ તમારા ખિસ્સામાં હોવો જોઈએ, તમારા મગજમાં નહીં. ■

**ધ એન્ડ**

*તમે એકલા બેઠા હો અને ફોન વગર કંટાળો ન આવે. બસ.. તે દિવસે સમજજો કે ડિજિટલ ગુલામીમાંથી મુક્ત થયા છો. જો હવે નહીં જાગીએ, તો ભવિષ્યમાં આપણે માણસ હોવાના પુરાવા પણ સોશ્યલ મીડિયા પાસે માગવા પડશે!*

શરદ જોશી સ્પીકિંગ_સંજય છેલ
feedback@bombaysamachar.com

# સરકારી તપાસની રહસ્યમય હાસ્યકલા




એ તપાસ સમિતિવાળા લોકો એવાં તારણ પર પહોંચ્યા કે જ્યારે વિમાનને અકસ્માત થયો ત્યારે એ આકાશમાં ઊડી રહ્યું હતું એટલે હવે એમાં કોઈ શંકાને સ્થાન નથી. જો કે એવી ય શંકા કરી શકાય એ વિમાન જમીન પર જ ઊભું ઊભું તૂટી પડ્યું, પણ સદનસીબે કે એ લોકોને એવી શંકા નથી.

એમણે વિમાનના ટુકડાઓ બહાર કાઢીને જોયા અને દિવસોના મનોમંથન ને ચર્ચા બાદ, સૌ એક નિષ્કર્ષ પર પહોંચ્યા કે- 'હં, વિમાન ચોક્કસ તૂટી પડ્યું છે!' હવે એ બધા એ સમજવાની કોશિશ કરી રહ્યા હતા કે સાલું, પ્લેન તૂટ્યું તો ક્યાં તૂટ્યું? આકાશમાં, દરિયાની જળ-સપાટી પર કે જમીન પર ઊતર્યા પછી? અને જ્યારે એ તૂટી રહ્યું હતું, ત્યારે વિમાનમાં તૂટવા સિવાય બીજું શું થઈ રહ્યું હતું? વિમાનની અંદર લોકો શું કરી રહ્યા હતા? પેસેંજરો શું ખાઇ-પી રહ્યા હતા? કે પછી સૂઇ રહ્યા હતા? વળી વિમાનનો પાઈલટ શું કરી રહ્યો હતો? પાઈલટ, વિમાન ઉડાવા સિવાય બીજું શું કરી રહ્યો હતો? પાઈલટના મોંમાં 'વિમાન તૂટ્યા પહેલાં શું શબ્દો હતા?' અને એ 'તૂટ્યા પછી' કયા શબ્દો હતા? વળી વિમાન તૂટી રહ્યું હતું ત્યારે કેટલા વાગ્યા હતા?

જોકે સદનસીબે હજુ સુધી એ લોકોને સમુદ્રના તળિયેથી માંડ માંડ પેલા જે બે 'બ્લેક બોક્સ' મળી આવ્યા છે, એના પર શંકા નથી ગઈ. શક્ય છે કે એ બે 'બ્લેક બોક્સ' આ વિમાનના ન પણ હોય, બીજા કોઈ વિમાનના પણ હોય, અથવા એ 'બ્લેક બોક્સ' એ જ વિમાનના હોય પણ એમાં લાગેલી ટેપ બીજી હોય, પણ એવી બધી જટિલ વાતો પર એ લોકોએ શંકા ન કરી.

હવે ચલો, તૂટેલા વિમાનમાંની છેલ્લી ઘડીઓવાળી ટેપ પણ વાગી રહી હતી અને એ ધ્યાનથી લોકો સાંભળી પણ રહ્યા હતા, પણ તે શંકા કરી રહ્યા હતા કે એ ટેપમાં શું એ જ બોલવામાં આવ્યું હતું, જે એ લોકો સાંભળી રહ્યા હતા? કે પછી આ સિવાય બીજું કાંઈ તો બોલવામાં નથી આવ્યું ને? જે એ લોકો, એને સાંભળી શક્યા નથી.

પછી એમને થયું કે 'આપણે જે ટેપ સાંભળી રહ્યા છીએ એનો બીજો કોઈ ગૂઢ અર્થ તો નથી ને? બીજો અર્થ જો હોય શકે, તો પછી ત્રીજો અર્થ શું હશે? કઈ રીત કે પ્રક્રિયા, કયા વ્યાકરણની કે શબ્દકોશની મદદ લઈને અર્થ કાઢવો જોઈએ?'

એ તૂટતાં વિમાનની વાતચીતનો અર્થ સમજાયા પછી એ લોકો અકસ્માત સ્થળ પર જશે. ત્યાં ઊભા રહીને તે બધા વિચાર કરશે કે જે દિવસે આ ઘટના બની તે દિવસે આવા અર્થવાળાં વાક્યો કે અવાજો ત્યાં શક્ય છે કે નથી?

કોઈ પણ ઘટના, દુર્ઘટના કે રહસ્યમય બાબતની તપાસ કરવી એ ખરેખર તો અપને આપમાં એક અદ્ભુત રહસ્યમય કળા છે. જો તમે એમ કહેશો કે- 'અમે ફલાણી ઘટના અમારી આંખેથી જોઈ છે..' તો એ લોકો પહેલાં તો તમારી આંખોની તપાસ શરૂ કરશે ને એ જાણવાનો પ્રયત્ન કરશે કે જેનાથી એ ઘટના જોવામાં આવી એ ખરેખર 'આંખો' જ હતી કે નહીં? એ લોકોએ 'બ્લેક બોક્સ'ની ટેપ સાંભળી છે. હવે એ લોકો કાનની તપાસ કરશે.

જ્યારે ભોપાલમાં ઝેરી ગૅસ લીક થયો હતો ત્યારે બધા ભારતીય નિષ્ણાતો ત્યાં ભેગા થયા હતા- ઝેરી ગૅસકાંડ તપાસનું મહાન કામ કરવા માટે. બધી તૈયારી ને સરકારી વ્યવસ્થા મળ્યા પછી એક પછી એક દિવસ પસાર થવા લાગ્યા છતાં એ લોકો, ક્યારેય એક પ્રશ્નનો જવાબ આપી શક્યા નથી કે એ રાત્રે ગૅસ લીક થયો કેવી રીતે?

સ્ટોરના રજિસ્ટરથી લઈને ટેસ્ટિંગ લેબોરેટરી સુધીનું બધું જ ત્યાં સામે જ હતું, પણ એ લોકો કારણ જણાવી શક્યા નહીં. આજે વરસો થયા બાદ પણ એ જાંચ સમિતિવાળા નક્કી કરી શકતા નથી, ગૅસ કેમ લીક થયો? કે પછી થયો જ નથી?

સરકારી તપાસ કળા આને જ કહેવાય. અકસ્માત થયો, પણ જે બનાવ બન્યો એ અકસ્માત હતો કે નહીં એ શોધવું જરૂરી છે. બાકી બધું જાય ચૂલામાં. પણ એ ચૂલો હશે કે નહીં એના વિશે પાછી તપાસ કમિટી બેસશે! ■

તસવીરની આરપાર_ભાટી એન.
feedback@bombaysamachar.com

# ચિમનાબાઈ ન્યાય મંદિરઃ વડોદરાની કલાનો અદ્વિતીય વારસો



વડોદરા શહેરને સંસ્કારનગરી, કલાનગરી અને હેરિટેજ સિટીની ઓળખ અપાવનાર ગાયકવાડ શાસકોની કલા પ્રત્યેની અભિરુચિ આજે પણ શહેરનાં ભવ્ય સ્થાપત્યોમાં જીવંત છે. ગલી-ગલીમાં નજરે પડતી ઐતિહાસિક ઇમારતો વડોદરાના ગૌરવશાળી ભૂતકાળની સાક્ષી છે. આ સ્થાપત્યોમાં સુરસાગર તળાવ નજીક આવેલું ચિમનાબાઈ ન્યાય મંદિર તેની ભવ્યતા, કલાત્મકતા અને ઐતિહાસિક મહત્ત્વ માટે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની દૂરંદેશી અને કલાપ્રેમના પરિણામે આ ભવ્ય ઇમારતનું નિર્માણ થયું હતું. પ્રખ્યાત સ્થાપત્યકાર રોબર્ટ ચિશોલ્મને શરૂઆતમાં શહેરના મધ્યભાગમાં વિશાળ શાક માર્કેટના નિર્માણ માટે જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે બાંધકામ પૂર્ણ થયા બાદ તેને નગરગૃહ અને ત્યારબાદ કોર્ટ તરીકે ઉપયોગમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો. ૩૦ નવેમ્બર, ૧૮૯૬ના રોજ તત્કાલીન વાઇસરોય લોર્ડ એલ્ગિનના હસ્તે આ ઇમારતનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

લગભગ ચાર એકર વિસ્તારમાં ફેલાયેલું આ ન્યાયમંદિર તે સમયની સ્થાપત્ય કળાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાય છે. તેના નિર્માણ પાછળ અંદાજે સાત લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જે તે સમયગાળા માટે અત્યંત મોટી રકમ માનવામાં આવતી હતી. આ ઇમારત મુરિશ (Moorish) શૈલીના સ્થાપત્યનો સુંદર નમૂનો છે. ન્યાયમંદિરની મધ્યમાં આવેલો વિશાળ હોલ તેની ભવ્યતાને વધુ ઉજાગર કરે છે, જ્યાં મહારાણી ચિમનાબાઈની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. ઇમારતના આગળના ભાગમાં લગાવવામાં આવેલા ઇટાલિયન આરસપહાણના પથ્થરો, નાજુક કોતરણી, આકર્ષક ઝરૂખાઓ અને વૈભવી ડિઝાઇન આજેય મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરી દે છે. વડોદરા રાજ્યના અંતિમ શાસક મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડે પોતાનું અંતિમ જાહેર વક્તવ્ય પણ આ ઇમારતના ઝરૂખામાંથી આપ્યું હતું. તેમના આ ઐતિહાસિક સંબોધન સાથે મહારાણી ચિમનાબાઈ ન્યાય મંદિરના પાયાની શરૂઆત થઈ હતી, જે આ ઇમારતના ઐતિહાસિક મહત્ત્વને વધુ ગાઢ બનાવે છે.

સમયની સાથે ન્યાયાલયની કામગીરી અન્યત્ર ખસેડાતા આ ઐતિહાસિક ઇમારતના ભવિષ્ય અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. સંસ્કારનગરીના જાગૃત અને પ્રબુદ્ધ નાગરિકો લાંબા સમયથી આ ઇમારતને સિટી હેરિટેજ મ્યુઝિયમ તરીકે વિકસાવવાની માગ કરી રહ્યા છે. સાથે જ લાલકોર્ટ બિલ્ડિંગમાં આર્ટ ગેલેરી શરૂ કરવાની પણ માગ ઊઠી છે. જો આ માગ સાકાર થાય તો વડોદરાના સમૃદ્ધ ઇતિહાસ, સંસ્કૃતિ અને કલાત્મક વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનું એક ઉત્તમ માધ્યમ પ્રાપ્ત થશે, ચિમનાબાઈ ન્યાય મંદિર માત્ર એક ઇમારત નથી, પરંતુ વડોદરાની ગૌરવશાળી પરંપરા, કલાપ્રેમી ગાયકવાડ શાસકોની દૃષ્ટિ અને શહેરના સાંસ્કૃતિક વૈભવનું જીવંત પ્રતીક છે. તેની ભવ્યતા અને ઐતિહાસિકતા આજે પણ દરેક મુલાકાતીને ભૂતકાળના સુવર્ણ યુગની યાદ અપાવે છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બંટીભાઈનાં ‘બાળકો’ પર્યાવરણના રક્ષક





સરકારી નોકરી એટલે પારકે પૈસે ભાણું એવી વ્યાખ્યા વર્ષોથી રૂઢ થઈ છે. જોકે, જનતાને બદલે ખુદની જ રક્ષા કરવાને પ્રાધાન્ય આપતા સરકારી વિભાગમાં પર્યાવરણની રક્ષાનું મહત્ત્વ સમજી જનતાનું ઈષ્ટ ઇચ્છતા લોકો જોવા મળે ત્યારે ‘આપણે દેશ આનંદ ભયો જય ભારત માતા કી’ કહેવાનું મન જરૂર થઈ જાય.

સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલી એક સ્ટોરી અનુસાર હાથમાં દંડૂકો લઈ રોફ જમાવતા અને પ્રસંગોપાત સુરક્ષા પ્રદાન કરતા એક પોલીસ કર્મી નિસ્વાર્થ ભાવથી પર્યાવરણનું રક્ષણ પણ કરી રહ્યા છે. મધ્ય પ્રદેશમાં પોલીસ ખાતામાં નોકરી કરતા બંટીભાઈએ છેલ્લાં આઠ વર્ષમાં એક હજારથી વધુ છોડનું વાવેતર કરી પર્યાવરણ બહેતર બને એનું ધ્યાન રાખ્યું છે. સોશ્યલ મીડિયા પર એક ‘ગ્રીન આર્મી’ નામનું ગ્રુપ બનાવી એમાં જિલ્લા અધિકારી, સજાગ નાગરિકો અને વેપારી સમુદાયને જોડી પોતાના પ્રયાસને વ્યાપક અને હેતુપૂર્ણ બનાવ્યો છે. આજે એક લોક-અભિયાન બની ગયેલી પ્રવૃત્તિ પાછળ બંટી ભાઈની વર્ષો જૂની તપસ્યા છે. પોતાના નિવાસ્થાનની નજીક પાંચ - પચીસ છોડવા રોપી રોજ પોતે પાણી પીવડાવવાનું, ખાતર નાખવાનું અને અન્ય જરૂરી કામ જાતે કરતા હતા. એમની ભાવના આસપાસના રહેવાસીઓને સ્પર્શી ગઈ અને ધીરે ધીરે એક મિશન બની ગઈ. છોડ રોપવા અને પાણી પીવરાવવાની જવાબદારી પૂરતા બંટી ભાઈ સીમિત નથી રહ્યા. વિકસી રહેલા છોડની કાપણી - છાંટણી પણ જાતે જ કરે છે. એનો વિસ્તાર વધે એટલે ફરતે કાંટાળી વાડથી તેમજ રસીથી બાંધી એનું રક્ષણ સુધ્ધાં કરે છે. આવાસ સોસાયટીઓ, પોલીસ સ્ટેશન, સ્કૂલ-કૉલેજ કે રમતના મેદાન હોય, બંટી ભાઈનાં ‘બાળકો’ બધે ખીલી ઉઠ્યાં છે. અનેક છોડ આજે વટવૃક્ષ બની લોકોને છાંયડો અને અન્ય રાહત આપી રહ્યા છે.

## પ્રેગ્નન્ટ મહિલાઓના ‘એમ્બ્યુલન્સ ભૈયા’



મોસાળમાં મામા ભાણિયાઓને લાડ લડાવે એ આપણા સમાજની આગવી વિશેષતા અને પરંપરા છે. વેકેશન પડતાં જ ‘મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે’નું રટણ શરૂ થઈ જાય. જોકે, તીખી સેવ અને મધ્ય પ્રદેશના ‘ગોલ્ડ કૅપિટલ’ તરીકે પ્રખ્યાત રતલામમાં એક મામા તો ભાણી-ભાણિયાઓની કાળજી એમના જન્મ પહેલાં જ લઈ રહ્યા હોવાની હૃદયસ્પર્શી અને માનવતા કેવી મહેકે છે એનું ઉદાહરણ જાણવા મળ્યું છે.

‘ઍમ્બ્યુલન્સ ભૈયા’ તરીકે પ્રચલિત નરેન્દ્ર સિંહ ડોડિયા સ્વેચ્છાએ છેલ્લાં પાંચ વર્ષથી રાતી પાઈ લીધા વિના પ્રસવની પીડા ઊપડી હોય એવી પ્રેગ્નન્ટ મહિલાઓ તેમ જ અત્યંત નાજુક તબિયત હોય એવા દર્દીઓને હૉસ્પિટલ પહોંચાડવાનું નેક કાર્ય કરી રહ્યા છે. ૨૦૨૧ના કોવિડ ૧૯ની મહામારીના કાળમાં રતલામ જિલ્લાના ગુલબાલોદ ગામની સગર્ભા મહિલાઓ અને અન્ય દર્દીઓને ૧૧૫ કિલોમીટર દૂર આવેલી હૉસ્પિટલ સુધી પહોંચવામાં આપદા પડતી હતી. વળી ગામના આસપાસના વિસ્તારમાં આરોગ્ય સેવાના ફાંફાં હતાં.

આ પરિસ્થિતિ જોઈને નરેન્દ્રનું હૃદય દ્રવી ઊઠ્યું અને જરૂરિયાતમંદ લોકોને સહાય કરવા વિનામૂલ્યે ઍમ્બ્યુલન્સ સર્વિસ શરૂ કરી. પાંચ વર્ષથી એકધારી નિસ્વાર્થ સેવાને કારણે નરેન્દ્રભાઈ ‘ઍમ્બ્યુલન્સ ભૈયા’ તરીકે પ્રખ્યાત થયા. આજે ઘણી ‘બહેનો’ ભાઈને આશીર્વાદ આપી એનાં ઓવારણાં લે છે અને ભાણેજરા મોટા થઈ મામાનું ધ્યાન રાખશે એવી આશા હૈયે રાખી બેઠા છે.

## શાને કાજે ઑફિસર, મારે કરવી ધંધામાં અનીતિ?



નરસિંહ મહેતાનું એક અદ્ભુત પડકાર આપતું પ્રભાતિયું છે ‘જળકમળ છાંડી જાને બાળા’. કૃષ્ણ-કાળી નાગના આ પ્રભાતિયામાં એક પંક્તિ આવે છે ‘શું કરું નાગણ હાર તારો શું કરું તારો દોરિયો, શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરિયો?’

ટૂંકમાં બાળ કૃષ્ણ નાગણને કહે છે કે મને તારા હારનો ખપ નથી અને તારે શું કામ ઘરમાં ચોરી કરવી - અનીતિ કરવી જોઈએ?

આ પંક્તિનો ભાવ જાળવતી એક ઘટના મુંબઈ મહાનગરમાં બની ગઈ. વાત એમ છે કે કોઈ કંપનીના ઑફિસર રિક્ષામાં જઈ રહ્યા હતા અને નિયત સ્થળે પહોંચ્યા બાદ રિક્ષા ડ્રાઇવરને ૧૫૬ રૂપિયા ચૂકવવાના હતા એના બદલે ઉતાવળમાં ડિજિટલ પેમેન્ટથી ૧૫,૬૮૨ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા. ઑફિસમાં પહોંચી બૅન્ક-મેસેજ જોતાં સાહેબને ખ્યાલ આવી ગયો કે લોચો મારી દીધો છે. આ જમાનામાં કોઈને આટલી મોટી રકમ વગર મહેનતે મળી હોય તો પાછી થોડી આપે એ જાણતા હોવા છતાં ઑફિસરે રિક્ષા ડ્રાઇવરને ફોન કર્યો. સદ્નસીબ+ આશ્ચર્યના મિશ્રણ સાથે એ કૉલ રિક્ષાચાલકે રિસીવ કર્યો અને પેમેન્ટમાં ગરબડ થઈ હોવાનું સ્વીકાર્યું. આટલું આશ્ચર્ય ઓછું હોય એમ ડ્રાઈવરે આંચકાનો બીજો મોટો ડોઝ આપી ‘શાને કાજે ઑફિસર મારે કરવી ધંધામાં અનીતિ?’ના ભાવ સાથે સહેજ પણ અચકાયા વિના પૂરેપૂરા ૧૫ હજાર ૬૮૨ રૂપિયા ઑફિસરને પરત કરી દીધા. કંપની ઑફિસરે આ આખોય કિસ્સો સોશ્યલ મીડિયા પર શૅર કરીને ડ્રાઇવર માટે તારીફના પુલ બાંધી એની વૃત્તિનાં મોંફાટ વખાણ કર્યાં. દૈનિક જીવનમાં પ્રમાણિકતાનું આવું સ્વરૂપ ક્યારેક જ જોવા મળતું હોય છે એનો ઉલ્લેખ કરી નેટીઝનોએ રિક્ષાચાલકનાં ઓવારણાં લીધાં. સારી વાત છે. ડ્રાઇવરની પ્રશંસા કરવી જ જોઈએ. જોકે, સાથે સાથે પેલા ઑફિસરે ભાડાના મૂળ ૧૫૬ રૂપિયા ચૂકવ્યા કે નહીં એની સ્પષ્ટતા પણ ઑફિસર પાસે માગવી જોઈતી હતી!.

## કૉક્રોચ ‘ધ ઑસ્ટ્રેલિયન પાર્ટી’



આપણા દેશમાં પ્રથમ ચીફ જસ્ટિસની ટિપ્પણી અને ત્યાર બાદ એક્ઝામ પેપર લીકના મુદ્દાના કારણે વાંદો અથવા વંદો અને એક નવતર પક્ષ ‘કૉક્રોચ જનતા પાર્ટી’ ખાસ્સા ગાજી રહ્યાં છે. તાજેતરમાં ભારતથી લગભગ ૮ હજાર કિલોમીટર દૂર ઑસ્ટ્રેલિયામાં પણ કૉક્રોચ અલગ કારણસર ધૂમ મચાવી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાના ક્લાઇમેટ ચેન્જ, એનર્જી, એન્વાયરમેન્ટ ઍન્ડ વૉટર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર એક કમર્શિયલ બ્રીડર (વાંદા ઉછેર વ્યાવસાયિક) પાસેથી એક લાખ જીવંત વાંદા ગેરકાયદે મળી આવતાં એ જપ્ત કરવામાં આવ્યા હતા. દરોડામાં મળી આવેલા મડાગાસ્કર હિસિંગ કૉક્રોચ અને ડુબિયા કૉક્રોચ (આફ્રિકન ટાપુ મડાગાસ્કરના પાંખ વગરના અવાજ કરતા વાંદા અને સાઉથ અમેરિકાના પાંખ વગરના વાંદા)ની કિંમત બે લાખ ઑસ્ટ્રેલિયન ડૉલર (આશરે એક કરોડ ૩૬ લાખ રૂપિયા) આંકવામાં આવી છે. મડાગાસ્કર હિસિંગ પ્રજાતિના વાંદા વિશ્વના સૌથી મોટા કદના (પાંચથી આઠ સેન્ટિમીટર લંબાઈ) હોય છે. બ્રાઉન કલરના હાડકાં વિનાના આ જીવની તસવીર ઑસ્ટ્રેલિયન ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવી છે જેમાં વાંદો વ્યક્તિની આંગળી કરતાં વધુ લંબાઈનો નજરે પડે છે.

ઑસ્ટ્રેલિયાના સ્થાનિક વાંદા (અઢીથી સાડા ત્રણ સેન્ટિમીટર) કરતાં મડાગાસ્કરના જીવ ખાસ્સા લાંબા છે. ઑસ્ટ્રેલિયાનું ઉષ્ણકટિબંધ હવામાન વાંદાને માફક આવતું હોવાથી અહીં વિશાળ સંખ્યામાં અને વિવિધ પ્રજાતિના વાંદાની વસ્તી જોવા મળે છે. માહિતી અનુસાર સરીસૃપ વર્ગના પ્રાણીઓ (રેપ્ટાઇલ્સ)ના ખોરાક તરીકે આ વાંદા મહત્ત્વના ગણાય છે, કારણ કે એમનું કદ મોટું હોવાથી ઓછી સંખ્યામાં કામ ચાલી જાય છે. સરવાળે પૈસા ઓછા લાગે છે. મડાગાસ્કર હિસિંગ કૉક્રોચ અને ડુબિયા કૉક્રોચ ઑસ્ટ્રેલિયામાં ઇમ્પોર્ટ કરવા ગેરકાયદે છે અને કાયદેસર રીતે તેમને ઑસ્ટ્રેલિયામાં રાખવા, ઉછેરવા કે વેચવા પર પ્રતિબંધ છે. સત્તાવાર માહિતી અનુસાર જપ્ત કરવામાં આવેલા આ વાંદા ‘યુથેનાઇઝ’ (ઇરાદાપૂર્વક પીડા ન થાય એ રીતે જીવનો અંત લાવવો) કરવામાં આવશે. એક લાલચુને કારણે એક લાખ જીવ નાશ પામશે.

## લ્યો કરો વાત

*‘મમ્મીની તબિયત સારી નથી’ એવું કહી તમે આઇપીએલની મૅચ જોવા ગયા હો અને બિઝનેસની મીટિંગને બહાને એ જ મૅચ જોવા આવેલા બૉસ જો તમને જોઈ જાય તો? અને પછી ઑફિસમાં તમારાં મમ્મી હૉસ્પિટલમાં છે એનો કોઈ પુરાવો માગે તો?*

*‘સાઉથ ચાઇના મૉર્નિંગ પોસ્ટ’ના અહેવાલ અનુસાર એક ચીની કર્મચારીને ચિંગ મિંગફેસ્ટિવલમાં હાજરી આપવા ૧૨ દિવસની રજા જોઈતી હતી. આ મહોત્સવમાં ચાઇનીઝ લોકો પૂર્વજોની સમાધિ (કબર)ની મુલાકાત લઈ તેની સાફ સફાઈ કરી ફૂલ ચડાવી આદર વ્યક્ત કરે છે. બૉસે પરાણે રજા મંજૂર કરી અને સવાલ કર્યો કે ‘પૂર્વજો પ્રત્યે આદર વ્યક્ત કરવા ૧૨ દિવસની રજાની શી જરૂર છે?’ એવો સવાલ કરી સમાધિનો ફોટોગ્રાફ પુરાવા તરીકે રજૂ કરવાનો આગ્રહ રાખતા કર્મચારી વ્યથિત થયો.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**લાપસીના આંધણ ક્યારે મુકાય?**
* ગેસ ચાલુ હોય ત્યારે...
**બા બાઉન્ડ્રી મારે તો બાપા શું કરે?**
* એની કોમેન્ટ્રી આપે...
**શેમાં કસ વધુ હોય?**
* ફોકસ અને કેશમાં...
**સાચાની બોલબાલા તો જૂઠાનું શું?**
* પાઠશાળા !
**શાંતિ ક્યારે આવે?**
* બન્ને પક્ષ મૂંગા બેસી રહે ત્યારે...
**ઉપરવાળો બધું જુએ છે. એ કોણ હશે?**
* ઉપરના કયા ફ્લોરવાળા સાથે બનતું નથી એ યાદ કરી લો.
**બાઈ બાઈ ચાળણી એટલે શું?**
* બે ચાર સરકારી કચેરીના આંટાફેરા કરશો ત્યારે સમજાશે.. .
**વર્ક ફ્રોમ હોમમાં કોની રજા લેવાની?**
* હોમના બોસ (પત્ની)ની...
**આસન વિના યોગ કરીએ તો શું થાય?**
* પ્રાણવાયુ વગરના પ્રાણાયામ જેવું !
**કીક ક્યારે વાગે?**
* નહીં પીવાનું પીણું પીવો ત્યારે...
**ભાગતાં ભૂતની ચોટલી ભલી. આવું કેમ?**
* એ ટાલિયા ભૂતે વીગ પહેરી હશે..
**લાઈન મારવી સારી કે લાઈન દોરવી સારી?**
* એનો આધાર સામેની વ્યક્તિ પર છે...
**ધરમનો ધક્કો ભારે કેમ પડે?**
* પેલો ધરમ બોડી બિલ્ડર હશે...
**આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે હર જબાન પર...**
* ચર્ચાનું તો સમજ્યા.. પણ ખિસ્સાના ખર્ચાનું શું?
**લગ્ન ઓફફ સિઝનમાં સસ્તા પડે તો છૂટાછેડા?**
* એ બારેમાસ મોંઘા જ પડે ...
**ઉતાવળે આંબા ના પાકે તો બજારમાં ઢગલાબંધ કેરી આવી ક્યાંથી?**
* કમાવાની મોસમમાં ખેડૂતો આંબાને ઓવરટાઈમ કરાવેને !

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કઈ રીતે થાય એનો પ્રયોગ?

ચોવકોની મજા માણતાં માણતાં, આપણે ક્યારેય બોલચાલમાં તેનો ઉપયોગ કર્યો છે? અથવા તેનો ઉપયોગ ક્યારે કે કેવી રીતે થઈ શકે તેવું પણ વિચાર્યું છે ક્યારેય? એ તો હકીકત છે કે મોટાભાગે ચોવકનો પ્રયોગ કોઈ વાતના સમર્થન માટે કે તેને પુષ્ટિ આપવા માટે અથવા તો કોઈ વાતનો વિરોધ કરવા કે પછી વાતનું ખંડન કરવા માટે થતો હોય છે. એ અલગ વાત છે કે ચોવકોમાં તત્ત્વજ્ઞાન કે બોધનો અર્ક પણ જોવા મળે છે.

તો ચાલો, મારાથી જ ઉદાહરણની શરૂઆત કરું! ‘મુંબઈ સમાચાર’માં ‘કચ્છી ચોવક’ની કૉલમ શરૂ થઈ તેને ઘણાં વર્ષો થઈ ગયાં છે, હજુ પણ ઘણા ફોનમાં ‘મજા અચેતી’ **‘ઘચ જેડો જાણેલા ક માણેલા મિલેતો’** આવું વાચકો કહેતા હોય છે પણ **‘કોય હજી કોડા નાંય કઢે !’** બસ, આ રીતે થાય છે, વાતચીતના વ્યવહારમાં ચોવકનો પ્રયોગ! ‘કોડા નાંય કઢે’નો અર્થ થાય કોઈ ગુસ્સે નથી થયું. ઘણા તો ચોવકનો પ્રયોગ કરીને કહે છે કે ‘વાંચીને અખમેં અમી અચેંતા’ એટલે કે આનંદ આવે છે. આમ અત્યંત સહજતાથી ચોવકો બોલચાલમાં સ્થાન લઈ શકે છે!

સમાજમાં કે સંસારમાં રાજીપો અને નારાજગી નામનાં પરિબળો આપણને સૌને વિંટળાઈ વળતાં હોય છે. કેટલોક રાજીપો આંખમાં હરખનાં આંસુ આવે ને વ્યક્ત થાય છે, જ્યારે કેટલીક નારાજગી અત્યંત અસહ્ય બની જતી હોય છે. જેના લીધે નારાજગી પેદા થઈ હોય છે તેવી વ્યક્તિ માટે મોઢામાંથી શ્રાપ આપવા જેવા શબ્દો નીકળી જતા હોય છે. આવા શબ્દોને કચ્છીમાં ‘પિટણાં ડીંણા’ એવું કહેવાય છે. આવા ‘પિટણાં’ માટે પણ કચ્છમાં કેટલીક ચોવકોનો ઉપયોગ થતો હોય છે. જેમ કે **‘અજ મરેં ત સવારે બ ડીં થિયેં’** સરળ શબ્દાર્થ એવો થાય છે કે ‘આજ મરે તો કાલે બે દિવસ થાય’ મતલબ કે ‘જાન છૂટે’ અથવા ‘તું મરી જા તો પણ મને દુઃખ નહીં થાય’! જેને આ ‘પિટણાં’ દેવાતાં હોય છે તેણે દેનારનું એટલું દિલ દુભાવ્યું હોય છે કે સહન ન થાય!

કોઈ આવાં ‘પિટણાં’ આપે ત્યારે કાંઈ સાચી વ્યક્તિ થોડી શાંત બેસી રહે? બન્ને જણ સામ સામે એક-બીજાને કદુવા આપે એવું પણ બને છે. વાંચો આ બે ચોવકો: **‘અભલો વડો થિંધો તડેં શેર જા ત્રે પાડીંધો.’** તો સામેવાળો જવાબમાં કહે: **‘અલ્લા કંધો એડો જ વેંધો.’** ચોવકમાં સામી વ્યક્તિના સંતાનને નામ આપ્યું ‘અભલો’ અને કહ્યું કે અભલો મોટા થશે ત્યારે શેરના પાશેર કરશે! એટલે કે ઉઠમણું કરશે! તો, સામી વ્યક્તિ પણ એવાં જ ‘પિટણાં’ દ્વારા કહે છે કે, ‘ભગવાન કરશે તો તારું પણ એવું જ થશે’ એટલે કે નખ્ખોદ જશે! આવા ક્ષુલ્લક ઝઘડામાં પણ ચોવકો વપરાતી હોય છે.

આવા સંવાદો જ્યારે ચોવકના પ્રયોગ સાથે થતા હોય છે ત્યારે ઘણી વખત તેમાંથી હાસ્ય પણ ઉપજતું હોય છે, કારણ કે ચોવકમાંથી ઊંડો અને ધારો તેવો અર્થ નીકળી શકે તેવું તેનું કાઠું હોય છે. એક પરિવારમાં પત્ની તેના પતિને વારંવાર ટોણો મારતાં કહે: ‘આખર ક્યાં ન નોં નોં જા બ?’ એ કંઈ પણ કરે તો પત્ની આવો ટોણો, આ ચોવક દ્વારા મારે! એક વખત એ ભાઈ મને મળી ગયા અને પૂછ્યુંઃ ‘નોં નોં જા બ’નો અર્થ શું થાય? મેં કહ્યું કે, ‘કામમાં ભલીવાર ન હોય’ તો આ ચોવક દ્વારા ટોણો મારવામાં આવે! એ ભાઈ વિચારમાં પડી ગયા એટલે મેં પૂછ્યુંઃ ‘કો, કિં ઘોટ્ટ આય?’ (કેમ કાંઈ મૂંઝવણ છે?) ત્યારે તેણે કહ્યું કે મને સમજ નથી પડતી કે હું જે કંઈ કામ કરું મારી પત્ની મને એમ જ કીધે રાખે છે ‘આખર ક્યાં ન નોં નોં જા બ! પછી, એ મને કહે કે, એકવાર તો મેં પૂછ્યું મારી પત્ની ને કે તું કાયમ મને એમ જ કહ્યા કરે છે? ત્યારે તેણે જવાબમાં પૂરા નવ મહિને વારા ફરતી જન્મેલાં બે સંતાનો સામે આંગળી ચિંધી મોટેથી હસી પડતાં બોલીઃ બોલો, આ નથી તમારાં ‘નવ’ ‘નવ’નાં બે? હવે, હસવાનો વારો મારો હતો. હવે પૂરા દિવસે, બે સંતાનો જન્મે તેમાં તેનો પતિ શું કરી શકે? પણ, એ બહેન એ ચોવક દ્વારા તેના પતિને દબડાવતી જ રહી!

કેટલી લાંબી ચાલી એ ચોવકની અસર? એટલા માટે જ કહેવાય છે કે ‘મીં વસે બ ઘડિયૂં, છનૂં ત્રિમે છ ઘડિયું’ વરસાદ તો થોડી વાર જ ચાલુ રહે પણ ઘરનાં નેવાં તો ત્યાર પછી પણ નીતર્યા કરતાં હોય છે! ચોવકોનું પણ એવું જ છે, તેનો આ લક્ષ્યવેધી ઉપયોગ થયો હોય તો, લાંબા સમય સુધી રહે છે!

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સંબંધોની સાચી સંજીવનીઃ ‘સ્નેહનું વિટામિન ને લાગણીનું ઑક્સિજન’

માનવજીવન સંબંધો વિના અધૂરું છે. માણસ ભૌતિક રીતે ભલે ગમે તેટલો સમૃદ્ધ હોય, પરંતુ જો તેના જીવનમાં પ્રેમ, સ્નેહ અને લાગણીનો અભાવ હોય તો તેનું જીવન રણ જેવું સૂકું બની જાય છે. જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે વિટામિન અને ઑક્સિજનની જરૂર પડે છે તેમ સંબંધોને જીવંત અને મજબૂત રાખવા માટે સ્નેહ અને લાગણીની જરૂર પડે છે. સંબંધો માત્ર લોહીના સંબંધોથી જ બંધાયેલા નથી. મિત્રતા, પાડોશી, સહકર્મી, ગુરુ-શિષ્ય, પતિ-પત્ની કે સમાજના અન્ય સંબંધો પણ એટલા જ મહત્ત્વના છે. દરેક સંબંધનું મૂળ પ્રેમ, વિશ્વાસ અને લાગણીમાં રહેલું છે. જ્યારે આ તત્ત્વો ઘટે છે ત્યારે સંબંધો નબળા પડવા લાગે છે. સંબંધોમાં સ્નેહની ઊણપથી ગેરસમજ, અહંકાર અને અંતર વધે છે.

સ્નેહભર્યા બે શબ્દો કોઈપણ દુઃખી વ્યક્તિને નવી ઊર્જા આપી શકે છે. ઘરમાં માતા-પિતાનો સંતાનો પ્રત્યેનો સ્નેહ, ભાઈ-બહેનનો પરસ્પર પ્રેમ અને મિત્રોની નિઃસ્વાર્થ લાગણી જીવનને સુખમય બનાવે છે. જ્યાં સ્નેહ હોય ત્યાં કડવાશ ટકી શકતી નથી.

લાગણીને સંબંધોનો ઑક્સિજન કહેવામાં આવે છે. ઑક્સિજન વગર જીવનની કલ્પના અશક્ય છે. તેવી જ રીતે લાગણી વગર સંબંધો જીવંત રહી શકતા નથી. કોઈ વ્યક્તિની ખુશીમાં ખુશ થવું, તેના દુઃખમાં સહભાગી બનવું, તેની જરૂરિયાતો સમજવી અને સમયસર તેની સાથે ઊભા રહેવું - આ બધું સાચી લાગણીનું પ્રતીક છે.

આધુનિક યુગમાં ટેક્નોલૉજીએ દુનિયાને નજીક લાવી દીધી છે, પરંતુ ઘણીવાર હૃદયને દૂર કરી દીધાં છે. લોકો સોશ્યલ મીડિયામાં હજારો મિત્ર બનાવે છે, જે વાસ્તવિક જીવનમાં બહુ ઉપયોગી થતા નથી. મોબાઇલ અને ઇન્ટરનેટના વધતા ઉપયોગથી ‘વન ટુ વન’ સંવાદ ઘટ્યો છે. પોતાના પરિવારજનો સાથે વાત કરવા માટે




સમય કાઢતા નથી. પરિણામે સંબંધોમાં ઠંડક આવવા લાગી છે. આવી પરિસ્થિતિમાં સ્નેહ અને લાગણીનું મહત્ત્વ વધી જાય છે. માત્ર સંદેશા મોકલી દેવા કરતાં પ્રેમભર્યો સંવાદ વધુ અસરકારક બને છે.

પતિ-પત્નીના સંબંધમાં પણ સ્નેહ અને લાગણીનું વિશેષ મહત્ત્વ છે. જીવનમાં મતભેદો આવવા સ્વાભાવિક છે, પરંતુ જ્યાં પરસ્પર પ્રેમ અને સમજણ હોય ત્યાં મતભેદો કડવાશ ઊભી કરતા નથી. તેવી જ રીતે માતા-પિતા અને સંતાનો વચ્ચે પણ લાગણીનો પુલ મજબૂત હોવો જરૂરી છે. સંતાનોને માત્ર ભૌતિક સુખસગવડો આપવી પૂરતી નથી- તેમને પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન પણ આપવું જરૂરી છે. એવી જ રીતે માતા - પિતાને માત્ર એમની જરૂરિયાત પૂરી પાડવાથી વાત પતી જતી નથી, પરંતુ તેમને પણ હૂંફ અને પ્રેમની જરૂર હોય છે. એ સંતાનોએ પૂરી પાડવી જોઈએ. મિત્રતામાં પણ સ્નેહ અને લાગણીનું વિશેષ સ્થાન છે. મિત્રતાની મજબૂતી પૈસા કે સ્વાર્થથી નહીં, પરંતુ હૃદયની લાગણીથી માપવામાં આવે છે. વર્ષો સુધી ટકી રહેલી મિત્રતાનું રહસ્ય પણ આ જ છે કે તેમાં નિઃસ્વાર્થ પ્રેમ અને વિશ્વાસ હોય છે.

સંબંધોને ટકાવી રાખવા માટે કેટલીક વાતનું ધ્યાન રાખવું જરૂરી છે. સૌપ્રથમ, પરસ્પર સંવાદ જાળવવો જોઈએ. ઘણીવાર ગેરસમજ માત્ર વાતચીતના અભાવથી જન્મે છે. એકબીજાની લાગણીઓનું સન્માન કરવું જોઈએ. ક્ષમા કરવાની ભાવના રાખવી જોઈએ. દરેક વ્યક્તિ ભૂલ કરે છે, પણ ભૂલોને પકડી રાખવાથી સંબંધોમાં કડવાશ વધે છે. અંતમાં કહી શકાય કે જીવનની સાચી સંપત્તિ ધન, દોલત કે પ્રતિષ્ઠા નથી, પરંતુ પ્રેમાળ સંબંધો છે. જે વ્યક્તિ પાસે હૃદયથી જોડાયેલા લોકો હોય છે તે સાચા અર્થમાં સમૃદ્ધ છે.

## ૯. લગ્ન સંબંધી

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**52 સુધીની**

**સુશિક્ષીત, આકર્ષક પર્સનાલીટી ધારક મહિલા, અંધેરી સ્થિત વેલસેટલ્ડ પ્રોફેશનલ પુરુષ માટે આવકાર્ય સેતુ- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૪)**

**55 સુધીની મહિલા**

**સિંગલ પાત્ર (ભરાવદાર બાંધો) આવકાર્ય સંપર્ક- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૨)**

■ વિધુર, 67 એકલા 3 BHK, Educated, સુખી, સાધનસંપન્ન, સમકક્ષ પાત્ર આવકાર્ય. 9833354052 (દહેજ નહીં). (૧૧૩૭-એ)

■ અમેરીકા સેટલ MS કન્યા. 1988 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૬૭૯)

**1966**

વૈષ્ણવ યુવક વિધુર વેલસેટ માટે યુવતી આવકાર્ય. ઉર્મિલાબેન - 8879576963. (દહેજ નહીં). (૧૧૫૩-એ)

## ૧૦. મહિલાઓ માટે

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવોઃ 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૬૪૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર - બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગપૂલ. Cham House - 9820065681. (૫૪૩/એ)

**AC યાત્રાઓ**

**જન્માષ્ટમી વ્રજયાત્રા 2 સપ્ટેમ્બરે, શ્રાવણમાં દ્વારકા 9 સપ્ટેમ્બરે ગ્લોબલ ટૂર્સ- 9967894750. (બી-૧૭૬૯૩)**

## ૧૪. નોકરી ખાલી છે

**■ વર્સોવામાં રહેતા ગુજરાતી શાકાહારી પરિવાર માટે મહિલાની જરૂર છે જે વૃદ્ધ માતા-પિતા માટે રસોઈ બનાવતી હોય અને તેમની સંભાળ રાખતી હોય તેણીની ઉંમર ૩૫ વર્ષથી વધુ, પગાર - ૩૦,૦૦૦ સમય ૮ થી ૮ પૃષ્ઠભૂમિ તપાસ જરૂરી યોગ્ય વ્યક્તિ ૧૦-૬ના નીચેના નંબર પર સંપર્ક કરે. નંબર - ૯૯૨૦૫૯૭૬૪૬. (બી-૧૭૭૦૬)**

**વિલેપારલે (ઈસ્ટમાં)**

ફક્ત એક વ્યક્તિનું સાંજનું જમવાનું બનાવવા માટે મહિલાની આવશ્યકતા છે. કોઈપણ જાતિ ચાલશે. મુંબઈ-9324774986. (બી-૧૭૭૦૮)

■ જરૂર છેઃ ગુજરાતી જૈન મહિલાની (House Supervisor) વિલેપાર્લે/ જુહુ (Vile Parle/ Juhu) વિસ્તારમાં એક પ્રતિષ્ઠિત જગ્યા માટે તાત્કાલિક હાઉસ સુપરવાઈઝરની જરૂર છે. મુખ્ય કામઃ રોજિંદી જરૂરિયાતો અને ઘરનું વ્યવસ્થિત સંચાલન કરવું. ભાષાઃ ગુજરાતી અને હિન્દી (Gujrarti/ Hindi) ભાષાનું સારું જ્ઞાન હોવું જરૂરી છે. ઉંમરઃ 40 વર્ષથી ઓછી. લાયકાતઃ ધોરણ 12 પાસ (12th Pass). સ્થિતિઃ પરણિત અથવા અપરણિત (Married/ Bachelor) બંને ચાલશે. સમયઃ સવારે 9.00 થી સાંજના 6.30. પગારઃ Minimum ₹ 30,000/- + દર મહિને. નોકરીનું સ્થળઃ વિલેપાર્લે/ જુહુ (મુંબઈ). સંપર્ક કરોઃ રસ ધરાવતા ઉમેદવારોએ વહેલી તકે આ નંબર પર ફોન અથવા વૉટ્સએપ (WhatsApp) કરવોઃ ૯૯૨૦૦૭૩૬૨૪. (બી-૧૭૭૧૦)

**SHARE MARKET**

**Req Experienced Bolt Operator for Arbitrage Trading, Minimum 12th Pass, Age Below 30 with Good Typing Speed, Call 8779796998. (1151-A)**


મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૪. નોકરી ખાલી છે

**LADY OFFICE ASSISTANT**

A Well-Reputed Pharma Co. for its Andheri Office (Near Railway Station) Requires: 1] Sales Marketing Staff and Junior Sales Staff. Candidate should have Experience in the Sales of Active Pharma Ingredients with Minimum 3 Years of Experience and Well-Versed with all Documents in API Sales and Challenges in the Industry. 2] Tele Caller for Backend Office. Candidate must be Fluent in English, Knowledgeable in Computer & Day-to-Day Office Work. Kindly Send Your Resume to: poltd@panchsheelorganics.in (KP-2538-D)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી વેસ્ટ**

જે. પી. રોડના દેરાસર પાસે ભવ્ય 3 BHK, 1300 ફુટ કાર્પેટ, 1 પાર્કિંગ સાથે @3.70 Cr. - 9320293840. (બી-૧૭૬૮૫)

**KANDIVALI WEST**

સુંદરબાગમાં / મથુરાદાસ રોડ પાસે, ફ્લેટ લેવા / વેચવા - 9867932447. (બી-૧૭૬૯૦)

**OC APPLIED**

મલાડ (વેસ્ટ) શ્યામ નિર્મલ હાઈટ્સ, નર્સિંગ લેન, એસવી રોડ, 1-2-3 બેડરૂમ લેવા અજય રંગવાલા. 9769816633 - 9004398283. (જેપી/૪૫૬૫-બી)

**ઘાટકોપર-રાજાવાડી**

નીલકંઠ વેલી સોસાયટીમાં ઉત્તર દિશા પ્રવેશદ્વાર (વાસ્તુ પ્રમાણે) પૂર્વ પશ્ચિમ ઓપન, હવા ઉજાસ સાથે મીડ ફ્લોર, ફુલી ફરનીશ- 3 BHK ફ્લેટ OUTRIGHT/RENT. સંપર્ક 7666998999. (૧૧૪૬-એ)

**પાર્લા (ઈસ્ટ/વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૧૩૧-એ)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૧૩૧/બી)**

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ- 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન ''નવકાર એસ્ટેટ'' : 9082631731. (જેપી/૪૫૬૨-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**૧, ૨, ૩, ૪ બેડરૂમનાં ફ્લેટો લેવા-વેચવા- ભાડેથી. ''રાજ એસ્ટેટ'' 9821051136, 8591132359. (૧૧૩૪/બી)**

**બોરીવલી (વેસ્ટ)**

**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રકશન 1.20 કરોડમાં તરત વેચવાના છે. કેતનભાઈ : 9137869496. (૧૧૩૩-એ)**

**બોરીવલી (વેસ્ટ)**

**લીવલાયસંસથી**

**એલ.ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (55000/- ભાડું / 2,00,000) આશર એસ્ટેટઃ 9820010600. (૧૧૪૨-એ)**

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1-2-3 બેડરૂમ હાયરફ્લોરના ફ્લેટો - પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-સી)

**બ્રીચકેન્ડી**

2 બેડરૂમનો આલિશાન, સુંદર સજાવેલો ફ્લેટ - નાની સુંદર સોસાયટી - ભાડેથી લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ડી)

**સાઉથ મુંબઈ**

1-2-3 બેડરૂમના ફ્લેટો - વોર્ડન - પેડર - વાલ્કેશ્વર - તારદેવ - વર્લી - પ્રભાદેવી - સીવ્યુવાળા ફ્લેટો - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ઈ)

**સાઉથ મુંબઈ**

2-3-4 બેડરૂમના ફ્લેટો તારદેવ - વર્લી - પ્રભાદેવી - પરેલ - વડાલા - બંધાતા ટાવરમાં - આધુનિક સુવિધા પ્રસિદ્ધ બિલ્ડર્સ - સમયસર કબ્જો - વ્યાજબી ભાવે/શરતે લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-એફ)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ 3 બેડરૂમ સુંદર સજાવેલો હાયર ફ્લોરનો ફ્લેટ- દેરાસર નજીક- ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-જી)

**બોરીવલી વેસ્ટમાં**

હરિદાસ નગરમાં હવે મેળવો પ્રીમિયમ લક્ઝરી લિવિંગનો અનુભવ! ''ગૌતમ પ્રભુ''- H Rishabraj આકર્ષક પ્રોજેક્ટ 15 માળનું સ્ટેન્ડઅલોન ટાવર. પ્રીમિયમ એમેનિટીઝઃ Gym/ Walking/ Meditation Zone/ Tripal Height Elegant Lobby. 3 BHK- 2.95 Cr / 3.27 Cr. 4 BHK- 4.75 Cr (All Inclusive). પઝેશનઃ ઓગસ્ટ 2026. સાઈટ વિઝિટ માટે સંપર્કઃ 7977421341/ 9324168422. (૧૦૯૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ, સુધા પાર્કમાં પ્રાઈમ એરિયા, 3 બેડરૂમ હોલ કિચન, કારપેટ 1080', 1 કવર્ડ પાર્કિંગ સાથે, જૈન મંદિર પાસે, હાયર ફ્લોર ઉપર, વેચાણથી, ઓનર : 7678037990. (એસડીબી-૩૩૧૦)**

**મલાડ (વેસ્ટ)**

**સ્ટેશનથી વોકેબલ, મારવાડી ચાલ, એસ.વી. રોડ, 3 બેડરૂમ, 1050' કારપેટ, ઓનરશીપથી વેચવાનો (2.50 CR) (ઓનર) : 9820034567/ 7977308638. (૧૧૨૪/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. 3 બેડરૂમ, હોલ, કિચન 1100' કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, નવું બિલ્ડિંગ, ગાર્ડન સામે. બ્રોકર - 8169019857, 9323030141. (૧૧૨૬/બી)

**Byculla Investor flat**

Luxurious spectacular Interiors, Ready OC Units Palatial Size, Great Views 3100 cpt 17 cr ++, 2500 cpt 12 cr ++ 12.acre Township Pool, Gym Play Area Beach volleyball, Banquet Largest clubhouse

**+918976908501**

(B-17716)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા-વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૧૩૪/એ)

**તારદેવ**

3 બેડરૂમ - 1200' - કાર્પેટ - જૂનું ભાડું - 3,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૪૭/બી)

**નાનાચોક**

3 બેડરૂમ - 1100' - કાર્પેટ - પાર્કિંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૪૭/એ)

**કાંદિવલી વેસ્ટ**

1 બેડરૂમ 428 કાર્પેટ નવા ટાવરમાં પટેલનગરની બાજુમાં MG રોડ 1.15 Crમાં પાર્કિંગ સાથે, 1 બેડરૂમ 90 લાખ, નવા એમીનીટીઝવાળા ટાવરમાં દહાનુકારવાડી મેટ્રો સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (૧૧૫૨-એ)

**ગામદેવી**

ત્રણ બેડરૂમ (૧૦૫૦ કાર્પેટ) (એક સ્ટિલ્ટ ગેરેજ) ૮ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૩૦)

**તારદેવ**

કન્વર્ટેડ બે બેડરૂમ (૫૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નિશ્ડ) ૨૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૩૧)

**તારદેવ**

બે બેડરૂમ (૯૦૦ કાર્પેટ) (પાર્કિંગ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૩૨)

**સીક્કાનગર પાસે**

બે બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (ગેરેજ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૩૩)

**ગામદેવી**

2 બેડરૂમ, 3 બાથરૂમ, ફર્નિશ, સ્ટિલ્ટ પાર્કિંગ, 5,50,00,000/- ફુલ ચેક. (લેવા-વેચવા-લીઝ) ''નિતીન'' : 98672 22020. (૧૧૫૪-એ)

**વર્લી - હિલ રોડ**

2 બેડરૂમ-ફર્નિશ્ડ, એમીનીટીઝ, 4,55,00,000/-. (લેવા-વેચવા-લીઝ) ''નિતીન'' : 98672 22020. (૧૧૫૪-બી)

**ભુલેશ્વર**

1 બેડરૂમ, 2 બાથરૂમ, 450' + પાર્કિંગ - 2.25 નેગોશીએબલ. (લેવા-વેચવા-લીઝ.) ''નિતીન''- 9867222020. (૧૧૫૪-સી)

**બોરીવલી (વેસ્ટ)**

**નવો ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ, હાયર ફ્લોર, સતરા પાર્ક પાસે, (ગુજરાતી, મારવાડી, જૈન લોકાલીટીમાં) (પાર્કિંગ સાથે - 2.75 Cr) 7666644727. (૧૧૫૫-એ)**

**માટુંગા**

બે બેડરૂમ સાડા ચાર કરોડનો પછી સારો ઉપાય વડાલા બે ફ્લેટ ખરીદો સાડા ચાર કરોડમાં. વિનોદ ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૩)

**મુલુંડ ઈસ્ટ**

**વેચવાનો છે મુલુન્ડ (ઈસ્ટ)માં લોઢા રિગલીયા ખાતેઃ ૩.૫ બીએચકે (૧૧૪૬ ચો. ફુટ કારપેટ) ૨૧મા માળે સાથે ૨ રીઝર્વ કાર પાર્કિંગ. મોકાની જગ્યા, રેલવે સ્ટેશનથી ૫ મિનિટ સુવિધાઓઃ ક્લબ હાઉસ, જીમ, સ્વીમીંગ પુલ અને ઘણી વધુ સુવિધાઓ. ઓસી સાથે તૈયાર કબજો. અપેક્ષિત કિંમતઃ ૩.૨૫ કરોડ. સંપર્કઃ prity.satra@gmail.com અથવા 8108181540. (બી-૧૭૭૦૫)**

**કાંદિવલી વેસ્ટ**

1 બેડરૂમ 428 કાર્પેટ નવા ટાવરમાં પટેલનગરની બાજુમાં M. G. રોડ 1.15 Cr માં પાર્કિંગ સાથે, 1 બેડરૂમ 90 લાખ, નવા એમીનીટીઝવાળા ટાવરમાં દહાનુકારવાડી મેટ્રો સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૭૦૭)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લા (પૂર્વ)**

૩ બેડરૂમ - એરિયા ૯૫૦' ૪,૨૫,૦૦૦,૦૦/- અને ૧૨૫૦' ૫,૬૧,૦૦૦,૦૦/- નેગોશીયેબલ, રેડી પઝેશન. ફોનઃ- ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૭૭૦૯)

**લાલબાગ**

1 બેડ 380 (1.45), 2 બેડ 650 (2.50), 3 બેડ 780 (3.90), યુજેબલ કારપેટ all in પરેલ 1 બેડ 390 (160)440 (1.70), 475' (180) All in વડાલા 6 બેડ 3000' (12), 3 બેડ 1500 (6) 3/4 બેડ 2000'/ 2250 (7) યુઝેબલ કારપેટ માટુંગા સેન્ટ્રલ 4 બેડ 2800'(12), 3 બેડ 2000" (9/.50) 1400' (8) હિન્દુ કોલોની 3 બેડ 1100' (5) લેવા વેચવા જય જિનેન્દ્ર - લક્ષ્મીચંદ સંગોઇ 9223222537. (બી-૧૭૭૧૫)

**ગ્રાન્ટ રોડ (વેસ્ટ)**

સ્લેટર રોડ, ફર્નિશ ૩ બેડરૂમ ૧૨૫૦' કાર્પેટ, રોડ સાઈડ તથા દુકાન ૫૦૦' જૂના ભાડે, અર્જન્ટ વેચાણથી, 9820034317. (બી-૧૭૭૧૪)

**વડાલા માટુંગા**

જૂના લિફ્ટ વગરના મકાન ત્રીજે માળે ફ્લેટ વેચવા વિનોદ : ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૨)

**OUTRIGHT SALE IN SOUTH MUMBAI**

4 BHK + 2 Parking at Nana Chowk. / 4 BHK + 2 Parking at Gamdevi. / 3 BHK + Garage at Marine Drive. / 4 BHK + 3 Parking at Hughes Road. / 3 BHK + 1 Parking Nepean Sea Road. / 3 BHK + 1 Parking Shyam Niwas, Breach Candy. / 3 BHK + 1 Parking at Saat Raasta. / 3 BHK + 2 Parking Parel. / 2 BHK + 1 Parking Near Malabar Hill Club. / 2 BHK + 1 Parking at Kemps Corner. / 2 BHK + 1 Parking at Breach Candy. / 2 BHK + 1 Garage + 1 Parking at Pedder Road / 2B + 1 Parking, Lodha Park Parel. For More Information Contact Thakkar Reality Rajesh Thakkar 98201 57738. (B-17697)

**BREACH CANDY, PEDDAR ROAD**

1 & 2 BHK on Ownership / Lease Seafacing Throw away price must Sell Today Many More New Proposal Brokers Welcome. For details Contact 9987310819 / 02231487278. (1138-A)

**MULUND WEST**

2 BHK 39 Floor 746 sqft @ 2.06 Cr. Jain Mandir with attractive Payment Plan 30:40:30 (0% Brokerage) 9167723483 / 9869070123. (1128/A)

**MALAD (WEST)**

Ramchandra Lane 2 BHK - 465' sqft carpet, 5th Floor, for Sale, Prime Location. Contact - 9820062554. (JP/4565-A)

**BORIVALI WEST**

Available 1, 2, 3, 4 Bed at Jairaj Nagar, Shimpoli, Devidas Lane, S. V. Road in New Buildings with all Amenities (Range 1.35 Crore to 8 Crore) Anmol Homes - 8655733919 / 7738485818. (B-17656)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**

4000' / 5500' 3/4/5 બેડ જોડી Seaview વાસ્તુ મુજબ એરિયા કોઈ પણ ચાલે સાઉથ મુંબઈ જૂહુ વર્સોવા બેન્ડ સ્ટેન્ડ લીવ લાયસન્સ જૈન પાર્ટી અરજન્ટ વેલકમ બજેટ 10 થી 15 લાખ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૭૭૦૩)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

રુષભ ઉપાધ્યાય **9049625073**

હિતેષ ઉપાધ્યાય **9326470109**

(એસડીબી-૩૨૬૫)

**નાયગાંવ**

હાઈવે ફેક્ટરી 20000 સાથે લેન્ડ અરજન્ટ વેચાણથી લેવા. - 9324402779. (એસડીબી-૩૩૩૪)

## ૨૦. ધંધાદારી જગ્યા

■ L&L પર 600 થી 800 કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ, પાર્કિંગ અને લિફ્ટની સુવિધા સાથે. ઓપેરા હાઉસ, સુખ સાગર, ગામદેવી, ચોપાટી, હ્યુજીસ રોડ, નેપિયન્સી રોડ, બ્રીચ કેન્ડી, કેમ્પ્સ કોર્નર, મરીન ડ્રાઈવ જેવા વિસ્તારમાં શક્ય હોય તો ગ્રાઉન્ડ ફ્લોર સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૬૯૮)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**બુમરેંગ**

**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 3100, 3856 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/સી)**

**બુમરેંગ**

**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 4729 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ડી)**

**માનસ રેસીડેન્સી**

**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 150/-, વેચાણમાંઃ 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/ઈ)**

**પ્રથમેશ સ્ટાર**

**ન્યૂ એમ.એચ.બી., બોરીવલી (વેસ્ટ) 1500 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 200/-, વેચાણમાંઃ 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/એફ)**

**પ્રથમેશ સ્ટાર**

**ન્યૂ એમ.એચ.બી., બોરીવલી (વેસ્ટ) 1000 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 200/-, વેચાણમાંઃ 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૧૩૩/જી)**

**મહાકાલિ મેઈન રોડ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 1500 ફૂટ શોરૂમ ડિસ્ટ્રીબ્યુશન માટે ભાડે આપવાનો છે. મોબાઈલ 9821028630 (સમય ૧૦ થી ૬). (૧૧૨૦-એ)

**મસ્જિદ બંદર**

કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૦૫૮-એ)

**દમણમાં**

ફેક્ટરી/ ગોડાઉન માટે 20000 ફૂટ બીજે માળે, 2 ટનની ગુડસ લિફ્ટ. 100 X 200 સાઈઝ જગ્યા ભાડે આપવાની છે. 9821028630 (સમય ૧૦ થી ૬). (૧૧૨૦-સી)

160' CARPET + 150' LOAFT Ground Floor for Rent Near Imperial Cinema, Lamington Road, Best for Auto Parts / Electronics / Courier Service 9821782861. (B-17672)

**CHEMBUR'S GRAND NEW BUSINESS**

**Destination Modern Commercial Office Spaces. Strategic Location. Excellent Investments Potential. Never Before Opportunity. Visit Today for Exclusive Launch Offers. 9702396969 & 9769609660. (1139-A)**

**SPACE AVAILABLE ON RENT**

350 Sq. Ft. Premises with Attached Toilet & Shower at Prime Location, Walkeshwar (Teen Batti), Mumbai. Ideal for Bungbed Sharing, Workstation, Storage, E-Commerce, Photography Studio, Podcast Room, Music Classes, Yoga Classes & Cloud Kitchen. 9821097133. (JP/4566-E)

**CHURCHGATE**

One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsapp 70218 31500. (B-17711)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત, સંગીત સંધ્યા, સાંજી, અધિક માસ ભજન, ANNIVERSARY. મનસુખભાઈઃ 9326801860. (૧૧૨૯/એ)**

## ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**

તમારા ખોવાઈ ગયેલાં 'શેર' અમે 'ફીમાં' ગોતી આપશું. (IEPF, ડુપ્લિકેટ, ટ્રાન્સમીશનની સર્વિસ આપશું...) "Investment House" - 9619315362, 8291225710. (બી-૧૭૬૪૮)

## ૩૨. જમીન-મિલકત

**બિલ્ડિંગ વેચવા બાબત**

સાઉથ મુંબઈમાં ૨૯, સદાશિવ ક્રોસ લેનમાં આવેલું પ્રગતિ ભવન. ૧૬ ભાડુઆત સાથે અને ત્રીજા માળે ૧૦૨૫ સ્કવેર ફીટ ખાલી જગ્યા સાથે વેચવાનું છે. મોબાઈલ - ૯૮૨૦૨૨૯૦૩૭ સમય (૧૦ થી ૬). (૩૪૭)

# ઓનલાઈન ખરીદીમાં 'છેતરાઈ' રહ્યા છે ભારતીયો, દર વર્ષે થાય છે ₹ ૨૮ હજાર કરોડનું નુકસાન

નવી દિલ્હીઃ ઓનલાઈન શોપિંગની વધતી જતી લોકપ્રિયતા વચ્ચે ગ્રાહકો 'છેતરાઈ' રહ્યા છે જેના કારણે તેમને દર વર્ષે હજારો કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડી રહ્યું છે. ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર ભ્રામક ઇન્ટરફેસ ડિઝાઇન અથવા ''ડાર્ક પેટર્ન'' ના કારણે ભારતીય ગ્રાહકોને વાર્ષિક ૨૫,૦૦૦ કરોડ રૂપિયાથી લઈને ૨૮,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હોવાનો અંદાજ છે.

માર્કેટ રિસર્ચ ફર્મ ડેન્ટમ ઈન્ટેલિજન્સના રિપોર્ટ ''ડાર્ક પેટર્ન્સ ઇન ઈન્ડિયા ઓનલાઈન માર્કેટપ્લેસ'' અનુસાર, દેશમાં ૩૦.૪ કરોડ ઓનલાઈન ખરીદદારો છે અને તેમાંથી ૮૮ ટકા લોકો દર મહિને ડાર્ક પેટર્નની જાળમાં ફસાઈને ૭૮ થી ૮૭ રૂપિયાનું નુકસાન કરી રહ્યા છે. આ નુકસાન હિડન ચાર્જ, ફરજિયાત જોડવામાં આવલા વિકલ્પો, ડ્રિપ પ્રાઇસિંગ, નકલી એજન્સી અને સબ્સ્ક્રિપ્શન ટ્રેપને કારણે થાય છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ડિજિટલ પ્લેટફોર્મ પર ગ્રાહકોને અસર કરતી ભ્રામક ગતિવિધિઓને કાબૂમાં લેવા માટે કેટલાક નિયમનકારી પ્રયાસો કરવામાં આવ્યા છે, પરંતુ તેમની અસર મર્યાદિત રહી છે. આ જ કારણ છે કે લાખો ગ્રાહકો છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ઓનલાઈન પેમેન્ટ કરનારા ૬૩ ટકા યુઝર્સ હિડન ચાર્જ અને ડ્રિપ પ્રાઈસિસનો સામનો કર્યો છે. ૨૦૨૪માં ૫૨ ટકા યુઝર્સને આ પ્રકારની ગતિવિધિનો અનુભવ થયો હતો. ડ્રિપ પ્રાઈસિંગ તે પ્રક્રિયા છે જેમાં ઉત્પાદનની વાસ્તવિક કિંમત ચેકઆઉટના સમયે સામે આવે છે. તે સિવાય ૭૩ ટકા પ્લેટફોર્મ ગ્રાહકોને એવા વિકલ્પો પસંદ કરવા મજબૂત કરવામાં આવ્યા જેઓ તેને સામાન્ય પરિસ્થિતિઓમાં પસંદ કરવા માગતા નહોતા.

સર્વેક્ષણમાં સામેલ ૮૧ ટકા લોકોએ કહ્યું કે તેઓ ડાર્ક પેટર્નથી વાકેફ છે છતાં આમાંથી ૮૫ ટકા ગ્રાહકોએ માન્યું કે તેઓ ક્યારેક ના ક્યારેક તેનાથી ગેરમાર્ગે દોરાયા છે. જો કે, ૭૪ ટકા ઓનલાઈન ખરીદદારોએ એવા પ્લેટફોર્મ માટે વધુ ચુકવણી કરવાની તૈયારી દર્શાવી હતી જે વાજબી અને પારદર્શક ડિઝાઇન પ્રક્રિયાઓનું વચન આપે છે. ■

## ૩૩. ધંધાદારી

**પ્રોપર્ટી વેલ્યુએશન**

**સોસાયટી ફોર્મેશન**

**PR કાર્ડ / CTS પ્લાન**

**પ્રોપર્ટી ટેક્સ**

**પોઈંટ એડવાઈઝરી**

**9029077715**

(બી-૧૭૭૦૪)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

(ફી પછી) લોકો દૂર દૂરથી દરેક કામ અર્જન્ટ કરાવે. તૂટેલા પ્રેમીનું મિલન, છુટાછેડા, શત્રુનાશ, સ્પેશિયાલિસ્ટ. 7069168345. (બી-૧૭૬૭૫)

**સચોટ જ્યોતિષ**

**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

**ચોમાસામાં આજેજ બોલાવો રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**

(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)

☞ અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.

☞ વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.

ફોન 9869336650 / 9969871385 22626396 / 22622348

(બી-૧૭૬૮૯)

**PREMIUM**

૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. Pestiguard - 8169473531 / 9898637635. (બી-૧૭૬૬૯)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

બિલ્ડિંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફિલિંગ તેમજ રીપેરીંગ અને પેઈન્ટીંગ : 9892901140, 9987694771. (૧૧૨૪-બી)

**વોટર પ્રુફીંગ**

ડામર કોટીંગ, કેમીકલ ટ્રીટમેન્ટ, લીકેજ બંધ અશોકભાઈ ખારવાઃ 9967691154. (૧૧૨૪-ઈ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# 'ઓપરેશન બ્લૂ સ્ટાર'માં સૈન્ય કાર્યવાહીમાં મરનારા લોકો 'શહીદ'

## ભાજપ નેતાના નિવેદનથી વિવાદ

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી ગિરીશ મહાજને 'ઓપરેશન બ્લૂ સ્ટાર'ને ''બ્લેક ડે'' અને લશ્કરી કાર્યવાહીમાં માર્યા ગયેલા લોકોને ''શહીદ'' ગણાવીને વિવાદ ઉભો કર્યો છે. મહાજને ઓપરેશન બ્લૂ સ્ટારની સરખામણી સુવર્ણ મંદિર પર અફઘાન શાસક અહમદ શાહ અબ્દાલીના આક્રમણ સાથે કરતા તત્કાલિન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની ટીકા કરી હતી.

કૉંગ્રેસ પાર્ટીએ મહાજનની ટિપ્પણીઓ પર આકરી પ્રતિક્રિયા આપતા ભાજપ પર પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ખાલિસ્તાન મુદ્દાને ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો.

દરમિયાન શિવસેના-ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેએ મહાજનને મંત્રી પદ પરથી દૂર કરવાની માગ કરી હતી. ગયા શનિવારે મહાજન અમૃતસરના દમદમી ટકસાલ મુખ્યાલયમાં આયોજિત ઓપરેશન બ્લૂ સ્ટારની વર્ષગાંઠમાં ભાગ લેનારા કોઈ પણ રાજ્ય સરકારના પ્રથમ પ્રતિનિધિ બન્યા હતા. સમારંભને સંબોધતા તેમણે કહ્યું હતું કે, 'ઓપરેશન બ્લૂ સ્ટાર' આપણા માટે એક 'બ્લેક ડે' છે. તેમાં આપણા ભાઈઓ અને બહેનો માર્યા ગયા હતા. મહાજને 'ઓપરેશન બ્લૂ સ્ટાર'ને શીખ સમુદાયના પવિત્ર સ્થળ પર ''લશ્કરી હુમલો'' ગણાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે તત્કાલિન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ સેનાને બળજબરીપૂર્વક પંજાબ અને પવિત્ર સ્થળ (સુવર્ણ મંદિર)માં મોકલી હતી. ભાજપના નેતાએ આરોપ લગાવ્યો હતો કે 'ઓપરેશન બ્લૂ સ્ટાર' દરમિયાન શીખોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી અને જવાબદારોને ક્યારેય સજા કરવામાં આવી ન હતી. આટલી ભયંકર ત્રાસદી હતી. હું તેને દુર્ઘટના કહીશ નહીં, પરંતુ તેને એક સુનિયોજિત કાવતરું કહીશ, જેમાં આપણા ઘણા ભાઈ-બહેનો માર્યા ગયાં હતાં. છતાં કોઈને સજા કરવામાં આવી નથી. ■

# બારામુલ્લામાંથી બે પિસ્તોલ અને દારૂગોળો જપ્ત

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાંથી સુરક્ષા દળોએ બે પિસ્તોલ અને દારૂગોળો જપ્ત કર્યો હતો. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. જિલ્લા પોલીસે 'એક્સ' પર પોસ્ટમાં કહ્યું કે બારામુલ્લા પોલીસે ૫૨ આરઆર સાથે ગેરકાયદેસર હથિયારો લઈ જવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને કાનિસપોરાના ચંદ્રસુમા વિસ્તારમાંથી વિદેશમાં બનેલી એક પિસ્તોલ જપ્ત કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જિલ્લાના ઉરી તહસીલના કમલકોટ વિસ્તારમાંથી બીજી એક પિસ્તોલ, બે મેગેઝિન અને ૧૩ જીવંત કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે કોઈની ધરપકડ કરી કે નહીં તેને લઈને કોઈ સ્પષ્ટતા નથી. ■

# ઈન્ડિયા-એ ટીમે શ્રીલંકાના હાથમાંથી જીત આંચકી લીધી

## ▸ નવોદિત અર્શદ ખાનની ૪૯મી ઓવરમાં છેલ્લી ત્રણેય વિકેટ પડી

દામ્બુલા: તિલક વર્માના નેતૃત્વમાં અહીં મંગળવારે ઇન્ડિયા-એની શ્રીલંકા-એ સામેની વન-ડે મૅચ આઇપીએલની ટી-૨૦ મુકાબલા જેવી અત્યંત રોમાંચક થઈ ગઈ હતી અને એમાં ભારતીય ટીમે મૅચની છેલ્લી પળોમાં ભારે રસાકસી વચ્ચે વિજય મેળવ્યો હતો. નવોદિત પેસ બોલિંગ ઑલરાઉન્ડર અને તાજેતરની આઇપીએલમાં રનર-અપ ગુજરાત ટાઇટન્સ વતી રમનાર અર્શદ ખાન છેલ્લા તબક્કાનો સુપરહીરો હતો. તેની ૪૯મી ઓવરમાં શ્રીલંકા-એની અંતિમ ત્રણે ત્રણ વિકેટ પડતાં ભારતીય ટીમને દિલધડક વિજય અપાવ્યો હતો.



તિલક વર્મા અને ઋતુરાજ ગાયકવાડ

ઇન્ડિયા-એની ટીમે છ વિકેટે ૨૭૭ રન બનાવ્યા બાદ શ્રીલંકા-એને જીતવા ૨૭૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. તેમણે ૯૩મા રને પ્રથમ વિકેટ ગુમાવી હતી અને ત્યાર પછી કેટલીક નાની-મોટી ભાગીદારીની મદદથી વિજયની આશા છેક સુધી જીવંત રાખી હતી. ૪૮મી ઓવરમાં અંશુલ કમ્બોજે કૅપ્ટન સહાન અરાચ્ચિગે (૭૪ રન)ને ક્લીન બોલ્ડ કરીને વાનુજા સહાન સાથેની પચીસ રનની ભાગીદારી તોડી હતી. એમ છતાં શ્રીલંકન ટીમના વિજયની સંભાવના પ્રબળ હતી, કારણકે ત્યારે ટીમનો સ્કોર ૨૬૨/૭ હતો અને તેમણે જીતવા ૧૬ બૉલમાં ૧૬ રન બનાવવાના હતા. જોકે કૅપ્ટન તિલક વર્માએ ૪૯મી ઓવર અર્શદ ખાનને આપી હતી જેમાં તેણે બે વિકેટ લીધી હતી અને ત્રીજો બૅટ્સમૅન રનઆઉટ થયો હતો અને શ્રીલંકન ટીમ ઑલઆઉટ થઈ જતાં ભારતીય ટીમનો આઠ રનથી વિજય થયો હતો.

અર્શદ ખાન તેમ જ બીજા નવોદિત ખેલાડી અનુકૂલ રૉય, આયુષ બદોની અને વિપ્રજ નિગમે બે-બે વિકેટ તથા અંશુલ કમ્બોજે એક વિકેટ લીધી હતી. શ્રીલંકન ટીમ ભારતના સાત બોલરના આક્રમણને લીધે છેવટે હારી ગઈ હતી.

### ગાયકવાડની સેન્ચુરી, તિલક સાથે ૧૪૮ની ભાગીદારી

એ પહેલાં, ઇન્ડિયા-એ ટીમ વતી ઋતુરાજ ગાયકવાડે (૧૦૧ રન, ૧૧૪ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) સદી ફટકારી હતી. તેની અને કૅપ્ટન તિલક રાજ (૬૦ રન, ૯૭ બૉલ, એક સિક્સર, બે ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૧૮૦ બૉલમાં ૧૪૮ રનની ભાગીદારી થઈ હતી.

### વૈભવ સૂર્યવંશીના ૧૪ રન અને એક કૅચ

વૈભવ સૂયવંશી માત્ર ૧૪ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તેના સાથી ઓપનર પ્રભસિમરન સિંહ (બે રન)નું યોગદાન પણ સારું નહોતું. ભારતીય ટીમનું ઓપનિંગ સારું નહોતું, પણ મિડલ-ઑર્ડરના બૅટ્સમેનોએ નાની-મોટી ભાગીદારીથી ટીમને ૬/૨૭૭નો સ્કોર અપાવ્યો હતો. પછીથી સૂર્યવંશીએ અનુભવી શ્રીલંકન બૅટ્સમૅન અવિષ્કા ફર્નાન્ડો (૪૫ રન)નો કૅચ ઝીલીને શ્રીલંકન ટીમની ૯૩ રનની ઓપનિંગ પાર્ટનરશિપ તોડાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ■

# વૈભવ એક પણ છગ્ગો ફટકાર્યા વિના આઉટ

દામ્બુલા: શ્રીલંકામાં ઇન્ડિયા-એ, શ્રીલંકા-એ અને અફઘાનિસ્તાન-એ વચ્ચે ગઈ કાલે શરૂ થયેલી ટ્રાઇ વન-ડે સિરીઝમાં સૌની નજર ૧૫ વર્ષના આઈપીએલ સુપરસ્ટાર વૈભવ સૂર્યવંશી (૧૪ રન, ૧૨ બૉલ, ત્રણ ફોર) પર હતી, પરંતુ તે ફક્ત બહુ જલદી આઉટ થઈ ગયો. વૈભવ મેચની ચોથી જ ઓવરમાં વિકેટ ગુમાવી બેઠો હતો. ■

# વર્લ્ડ યોગાસનમાં ભારતના ૧૦૨ સામે બીજા નંબરના જાપાનના માત્ર ત્રણ ગોલ્ડ

અમદાવાદ: અહીં સોમવારે પૂરી થયેલી સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપમાં ભારતે ગોલ્ડ મેડલની સેન્ચુરી સાથે કુલ ૧૧૪ ચંદ્રક જીતી લીધા હતા. ભારતના ૧૧૪માંથી ૧૦૨ સુવર્ણ ચંદ્રક હતા. ભારત પછી બીજા નંબરે જાપાન હતું જેણે માત્ર ત્રણ ગોલ્ડ જીત્યા હતા. જાપાને ત્રણ સિલ્વર અને પાંચ બ્રૉન્ઝ સહિત કુલ ૧૧ ચંદ્રક મેળવ્યા હતા. આર્જેન્ટિના બે ગોલ્ડ સાથે ત્રીજા સ્થાને હતું. દેશોને ગોલ્ડ મેડલને આધારે ક્રમ અપાતા હોય છે. નેપાળે એક ગોલ્ડ, ૩૬ સિલ્વર અને ૧૫ બ્રૉન્ઝ સહિત કુલ બાવન મેડલ મેળવ્યા હતા અને સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ ચંદ્રકો જીતનારા દેશોમાં ભારત પછી નેપાળ બીજા નંબરે હતું. ભારતે ૧૨૨ ઍથ્લીટોને આ સ્પર્ધામાં ઊતાર્યા હતા. ૭૯માંથી ૩૧ દેશના ઍથ્લીટ ઓછામાં ઓછો એક ચંદ્રક જીત્યા હતા. ■

# બ્રૅન્ડ વૅલ્યૂમાં વિરાટ બન્યો ‘ધુરંધર’: બચ્ચનથી લઈ શાહરુખ-ધોનીને પાછળ મૂક્યા!

નવી દિલ્હી: ક્રિકેટસ્ટાર હોય કે સિનેસ્ટાર, સમયાંતરે એમની બ્રૅન્ડ વૅલ્યૂનું મૂલ્યાંકન થતું હોય છે. આ સેલેબ્સમાં આ વખતે કોહલીએ ‘વિરાટ’ ડંકો વગાડીને ધોની, સચિન અને કિંગ ખાન જેવા માઈલસ્ટોન પર્સનને પાછળ મૂકી દીધા છે.

કોહલીએ ક્રિકેટ પિચ પર અનેક રેકોર્ડ કર્યા બાદ હવે બ્રૅન્ડ વૅલ્યૂ બાબતે સિદ્ધિ પ્રાપ્ત કરી છે. બિઝનેસ, પેઈડ પ્રમોશન, પ્રમોશન પોસ્ટ, એડ વીડિયો અને એડ પોસ્ટની દુનિયામાં એક એવી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે જે અતુલ્ય અને અસાધારણ છે. દેશના ૨૫ સૌથી વૅલ્યૂએબલ સેલેબ્સની યાદી તૈયાર કરવામાં આવી ત્યારે વિરાટનું નામ પહેલા ક્રમ હોવાનું જાણવા મળ્યું છે. એક જાણીતી રિસર્ચ ફર્મે એક વિગતવાર રિપોર્ટ તૈયાર કરીને કેટલીક આંકડાકીય માહિતી જાહેર કરી છે, જેમાંથી આ વાવડ મળ્યા છે. આ રિપોર્ટ અનુસાર વિરાટ કોહલી ૩,૫૪૨ કરોડ રૂપિયાની બ્રૅન્ડ વૅલ્યૂ સાથે સૌથી મોટી વૅલ્યુએબલ પર્સનાલિટીઝની યાદીમાં ટૉપ પર છે.

### માપદંડ શું હોય છે?

કોઈપણ સેલેબ્સની બ્રૅન્ડ વૅલ્યૂ માટે કેટલાક માપદંડ હોય છે. આ માપદંડમાં વાર્ષિક ધોરણે મૂલ્યાંકન કરવામાં આવતા સોશ્યલ મીડિયાના ફોલોઅર્સ, વાર્ષિક કમાણી અથવા બૉક્સ ઓફિસ પર સફળતા (અહીં ફી અસ્થાને છે જે મૅચ કે ફિલ્મ માટે આ સેલેબ્સ લે છે). આ વખતેના રીસર્ચમાં સેલેબ્સની સ્ટ્રેન્થ પારખવા છ માપદંડ નક્કી કરાયા હતા, જેમાં સેલેબ્સની વિશ્વસનીયતા, લોકો સાથે એના કનેક્શન, લોકો સાથેની એની વર્તણૂક, લોકપ્રિયતા (સોશ્યલ મીડિયાને આધારે નહીં), જવાબદારી અને જે તે બ્રૅન્ડ પર તે કેટલા ફિટ બેસે છે એ. આ માપદંડને ધ્યાને રાખીને રેન્ક આપવામાં આવ્યા હતા.

### ટૉપ-૧૦માં કોણ?

૧ વિરાટ કોહલી (૩,૫૪૨ કરોડ રૂપિયા), ૨ શાહરુખ ખાન (૩,૦૧૭ કરોડ રૂપિયા), ૩ પ્રિયંકા ચોપરા (૨,૫૦૭ કરોડ રૂપિયા), ૪ મહેન્દ્ર સિંહ ધોની (૨,૧૪૧ કરોડ રૂપિયા), ૫ રણવીર સિંહ (૨,૦૭૭ કરોડ રૂપિયા), ૬ અક્ષય કુમાર (૨,૦૬૪ કરોડ રૂપિયા), ૭ અમિતાભ બચ્ચન (૧,૯૩૩ કરોડ રૂપિયા), ૮ સચિન તેંડુલકર (૧,૬૭૬ કરોડ રૂપિયા), ૯ આલિયા ભટ્ટ (૧,૬૦૬ કરોડ રૂપિયા) અને ૧૦ અલ્લુ અર્જુન (૧,૫૨૨ કરોડ રૂપિયા). ■

# અમેરિકામાં ઇરાન-તરફી ફૂટબૉલપ્રેમીઓને વર્લ્ડ કપ જોવા માટે ટિકિટ નહીં મળે

તિજુઆના (મેક્સિકો): ૧૧મી જૂને અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં શરૂ થનારા ફિફા વર્લ્ડ કપ દરમ્યાન અમેરિકામાં ઇરાનની જે ત્રણ લીગ મૅચ રમાવાની છે એ માટે ઇરાન-તરફી ફૂટબૉલપ્રેમીઓને ટિકિટ વહેંચવામાં આવશે કે નહીં એ વિશે ઘણા દિવસોથી મૂંઝવણ હતી, પણ ફિફાએ મહત્ત્વનો નિર્ણય લઈને સ્થિતિને સ્પષ્ટ કરી દીધી છે. સામાન્ય રીતે જે સ્ટેડિયમમાં વર્લ્ડ કપની જે મૅચ રમાવાની હોય એના બન્ને હરીફ દેશના રાષ્ટ્રીય ફૂટબૉલ ફેડરેશનને સ્ટેડિયમમાં કુલ સીટની સંખ્યાની આઠ ટકા ટિકિટ આપવામાં આવતી હોય છે કે જે પોતાના દેશની ટીમ સાથે સંકળાયેલા સપોર્ટરોને આપી શકે. આ વખતના વર્લ્ડ કપમાં કુલ ૪૮ દેશની ટીમ ભાગ લેશે અને એમાં પ્રત્યેક દેશના ફેડરેશન માટે ફિફા ટિકિટની વહેંચણીની વ્યવસ્થા કરવાની છે.

જોકે ઇરાન ૧૫મી જૂને લૉસ ઍન્જલસમાં ન્યૂ ઝીલૅન્ડ સામે પોતાની પ્રથમ મૅચ રમે એના ગણતરીના દિવસો પહેલાં જ ઇરાનના ફૂટબૉલ ફેડરેશને જાહેરાત કરવી પડી છે કે એ ઇરાનની ટીમના સપોર્ટરોને ટિકિટો નહીં આપી શકે. ઇરાન અને અમેરિકા વચ્ચે બે મહિનાથી યુદ્ધ ચાલે છે અને હાલમાં યુદ્ધવિરામ બાદ ફરી બન્ને દેશ વચ્ચેની ગરમાગરમી વધી ગઈ છે. ■

# નાઈટક્લબમાં ઈંગ્લૅન્ડના બે ક્રિકેટરોનો રગ્બી પ્લેયર સાથે ઝઘડો, વાત મારામારી સુધી પહોંચી ગઈ!

લંડન: ઇંગ્લૅન્ડે રવિવારે લૉર્ડ્સમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટ જીતી લીધી ત્યાર બાદ ચેલ્સી નાઇટક્લબમાં તકરારની એક ઘટના બની હતી જેમાં ઇંગ્લૅન્ડનો કૅપ્ટન બેન સ્ટૉક્સ તથા બોલર ગસ ઍટકિન્સન સામેલ હતા અને તેમનો એક ઍકેડેમીના રગ્બી પ્લેયર સાથે ઝઘડો થયો હતો જેમાં રગ્બી ખેલાડીએ મુક્કો માર્યો હતો.

સ્ટૉક્સ અને ઍટકિન્સન ઉપરાંત પણ બીજા કેટલાક બ્રિટિશ ક્રિકેટરો આ ક્લબમાં ગયા હતા. જોકે સ્ટૉક્સ અને ઍટકિન્સન મોડે સુધી રોકાયા હતા અને સોમવારે પરોઢિયે રગ્બી ખેલાડી સાથે તેમનો ઝઘડો થયો હતો. એવું કહેવાય છે કે રગ્બી પ્લેયરે ઍટકિન્સનને મારવા મુક્કો ઉગામ્યો હતો, પરંતુ તેને બદલે નજીકમાં ઊભેલા ક્રિકેટરોના સલામતી રક્ષકને વાગ્યો હતો. એ સિક્યૉરિટી ગાર્ડને ઈજા થઈ હતી અને તેણે ટાંકા લેવા પડ્યા હતા. જોકે કહેવાય છે કે સ્ટૉક્સ કે ઍટકિન્સનને કોઈ જ ઈજા નહોતી થઈ. જોકે રગ્બી પ્લેયરે બીજો મુક્કો પણ ઉગામ્યો હતો કે નહીં એ વિશે કંઈ જાણ નહોતી અને ક્લબના સંચાલકોએ પોલીસને પણ નહોતી બોલાવી એટલે કોઈની ધરપકડ થઈ હોવાના પણ સમાચાર નહોતા.

રગ્બીની ઍકેડેમી અનુસાર એના રગ્બી ખેલાડીને લીધે જ ઝઘડો થયો હતો અને બન્ને ક્રિકેટરનો કોઈ વાંક નહોતો એટલે તેમને કોઈ સજા ન થવી જોઈએ. જોકે ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડને વાંધો એ છે કે સ્ટૉક્સ અને ઍટકિન્સન ટીમનો પ્રોટોકૉલ તોડીને મોડે સુધી ક્લબમાં રોકાયા શા માટે?

કહેવાય છે કે આખી ઘટનાની તપાસ થઈ રહી હોવાથી ન્યૂ ઝીલૅન્ડ સામે ૧૭મી જૂને શરૂ થનારી બીજી ટેસ્ટમાં બેન સ્ટૉક્સને કદાચ નહીં રમવા મળે અને તેની ગેરહાજરીમાં હૅરી બ્રૂક કૅપ્ટન્સી સંભાળશે. ઍટકિન્સન પણ કદાચ નહીં રમી શકે. ■

# ઑસ્ટ્રેલિયાનો ક્રિકેટર માઇકલ ક્લાર્ક હરિયાણાના મુખ્ય પ્રધાનને શું કામ મળ્યો?

ચંડીગઢ: ઑસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન માઇકલ ક્લાર્ક મંગળવારે અહીં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીને તેમના નિવાસસ્થાને મળ્યો હતો. ક્લાર્કે તેમની સાથે રાજ્યમાં ક્રિકેટના વિકાસ વિશે તેમ જ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ખેલકૂદ ક્ષેત્રે સંબંધો કેવી રીતે વધુ મજબૂત બનાવી શકાય એ વિશે ચર્ચા કરી હતી. સરકારી નિવેદન મુજબ માઇકલ ક્લાર્ક હરિયાણામાં ક્રિકેટ ઍકેડેમી સ્થાપવા માટેની શક્યતાઓ ચકાસવા ખૂબ આતુર છે. ક્લાર્ક હરિયાણાના મુખ્ય પ્રધાન સૈની સાથે ક્રિકેટ પણ રમ્યો હતો. ક્લાર્ક ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સોમવારે પૂરી થયેલી એકમાત્ર ટેસ્ટમાં કૉમેન્ટરી આપવા ભારત આવ્યો છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ**

**ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ**

**ઈ-ટેન્ડર સૂચના નં. 01/2026-27 તા. 09.06.2026 કામનું નામ:** સીપીઓએચ, અમદાવાદ ખાતે 120 ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ, સમયગાળો 03 વર્ષ. **ટેન્ડર નં.: CWMCPOHADI2026-27-3 જાહેર કરાયેલ ટેન્ડર કિંમત:** ₹1421036977.43/- **EMD રકમ:** ₹28420700.00/- **ટેન્ડર બંધ થવાની તારીખ:** 15.07.2026 @ 15:00 કલાકે **ટેન્ડર ખોલવાની તારીખ:** 15.07.2026 @ 15:15 કલાકે **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 09.06.2026 ADI 061

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 36-2026-27 થી 41-2026-27**

| નં. | ઈ-ટેન્ડર નં | કાર્ય નું નામ | ટેન્ડર કિંમત રુ. | ઈએમડી રુ. |
|---|---|---|---|---|
| 1 | 36-2026-27 | જેતલસર રેલવે સ્ટેશનનું અપગ્રેડેશન | 13,25,55,185.27 | 26,51,100.00 |
| 2 | 37-2026-27 | ભાવનગર મંડળ (41 LCs) – Sr. DEN (C) ભાવનગરના અધિકાર ક્ષેત્ર હેઠળ રબરાઈઝ્ડ સપાટી પૂરી પાડી સપાટી સુધારણા કાર્ય | 2,74,61,402.18 | 5,49,200.00 |
| 3 | 38-2026-27 | DEN (પૂર્વ) અધિકારક્ષેત્રના 09 સ્ટેશનો પર પ્લેટફોર્મના વિસ્તરણના મંજૂર કાર્ય સામે (૧) સિહોર જંકશન અને (૨) જોરાવરનગરનું વિસ્તરણ. 1.કેશોદ 2.સિહોર જંક્શન 3.જેતલસર જંક્શન 4.ભાવનગર પરા 5.નવાગઢ 6.જોરાવરનગર 7.લીલિયા મોટા 8.વીરપુર 9.માલિયા હાટીના | 1,13,74,037.06 | 2,27,500.00 |
| 4 | 39-2026-27 | ગ્રુપ વર્ક: (1) ADEN જૂનાગઢના અધિકાર ક્ષેત્ર હેઠળ જેતલસર - સોમનાથ તથા તલાલા–દેલવાડા વિભાગ વચ્ચેના પુલોના એબટમેન્ટ, પિયર, ફ્લોરિંગ અને પ્લાસ્ટરિંગની મરામત. (2) DEN (વેસ્ટ) ના અધિકાર ક્ષેત્ર હેઠળ RUBs પર હાઈટ ગેજ (2 નં.) ની વ્યવસ્થા | 2,53,74,964.56 | 5,07,500.00 |
| 5 | 40-2026-27 | ભાવનગર ટર્મિનસ ખાતે સિક લાઈન શેડનું વિસ્તરણ | 5,14,40,024.65 | 10,28,800.00 |
| 6 | 41-2026-27 | ભાવનગર મંડળ : ADEN (વર્ક્સ) ભાવનગરના અધિકાર ક્ષેત્ર હેઠળ રેલવે ક્વાર્ટરો તથા મુખ્ય અને લઘુ રેલવે કોલોનીઓનું સુધારણા અને નવીનીકરણ | 4,50,00,197.02 | 9,00,000.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 16/06/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 30/06/2026 NIT ને રેલવે **વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ** -08/06/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે BVP 050

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**RFP / TENDER NOTICE FOR REDEVELOPMENT PROJECT**

Sealed Bids are invited by Society from Reputed, Experienced, Resourceful and Financially Sound Developers for Proposed Redevelopment of

**NENSEY COTTAGE CHS LTD.**

**[MUM/WR-N/HSG/TC/15482/2014-15/2014]**

**PRIME PROPERTY SITUATED ON:**

2 subdivided plots of land bearing C.T.S. Nos. 2293A & 2294 of Village: Dahisar, located in R/C & R/N wards at Sant Dnyaneshwar Marg, Borivali (E), Mumbai- 400066.

**DESCRIPTION OF PROJECT:**

1. Plot area = Name of society is entered in P.R. card for area of **13801.10 sq.m.** **(7614.90 sq.m. + 6186.20 sq.m.)**
2. Existing Residential units = **186 nos.**
3. Existing Shops units = **10 nos.**
4. Carpet Area of each residential unit = **225 sq.ft.**
5. Carpet Area of all 10 Shops = **1270 sq.ft.**
6. The land is abutting to existing 18.30 m wide & 13.40 m. wide roads.
7. Proposal is for redevelopment under Regl. No. 30(A) + 33(7)(B)+ 33(20)(B) of DCPR 2034.

**Project Management Consultants Architect Pranav Arvind Shah**

AAKAR ARCHITECTS You Dream It..... We Create It.

**COLLECTION OF BID DOCUMENTS :**

For purpose of convenience & transparency the Blank RFP/ BID Documents can be collected from PMC's office :**AAKAR ARCHITECTS** 607, Ghanshyam Enclave, Link Road, Kandivali (West), Mumbai - 400067. Tel: 9930772882 E: aakararchitects@yahoo.com on payment of Non-Refundable amount of Rs. 5,00,000/- (Rupees Five lakhs only) by way of DD/PO in favour of **NENSEY COTTAGE CHSL** Bid Document issue date: **10.06.2026 to 03.07.2026** between **11.00 AM to 5.00 PM** on all working days (Monday to Friday, excluding holidays). The RFP documents shall only be issued on submission of letter of authorisation / request letter from developer to society.

**SUBMISSION OF BID DOCUMENT**

For the purpose of transparency, dully filled & Sealed RFP/ BID documents to be submitted from: **06.07.2026 to 31.07.2026** between **11.00** AM to **5.00** PM on all working days (Monday to Friday, excluding holidays) at the PMC's office along with EMD (interest free) of Rs. 1,00,00,000 (Rupees One Crore only) by DD/ PO in favour of **NENSEY COTTAGE CHSL**

Individual or proprietary firms or consortium or JV's shall not be eligible for participating in Redevelopment process. It will be developers' responsibility to fulfil the eligibility criteria's.

**Note:** The Society reserves its right to reject/ refuse/ cancel/ amend any or all the Bids and/or accept the lowest/ highest bid or any other offer without assigning any reason whatsoever even after opening of tenders.

**Sd/- Secretary/ Chairman NENSEY COTTAGE CHSL**
**E:** nensey.cottage@gmail.com
**M.: 9833933391 / 7400470032**

**TENDER NOTICE FOR REDEVELOPMENT**

**“HIRAK CO - OPERATIVE HOUSING SOCIETY LTD.”,** invites bids from reputed developers only for the **“Residential to Residential Redevelopment Project”** to be proposed on a Plot of Land bearing **CTS No. 686, 686/1 to 686/6 of Village- Vile Parle (W) and Taluka- Vile Parle admeasuring 2232.36 Sq. Mtr (as per last approved plan) situate, lying and being at Plot No. 96 - B, S.V. Road, Irla Bridge, Vile Parle (W), Mumbai - 400056** along with the “**Society's Building**” standing thereon adjacent to 27.40 Mtrs Wide S. V. Road in Mumbai Suburban District. The Blank Tender Forms may be obtained from **PMC's** Office - between **10/06/2026** to **26/06/2026** From 11:00 am To 6:00 pm (excluding Sundays & Public Holidays) on payment of **Non-Refundable Fees** of **Rs.1,00,000/-** (Rupees One Lakh Only) payable in the form of Demand Draft / Pay Order in favor of the Society.

**PMC : M/S. PRISM CONSORTIUM**
**114, Corporate Avenue, Sonawala Road, Next To Udyog Bhawan, Goregaon (East), Mumbai - 400063. Call: 9323562151 / 9987564444 Email : info@prismgroup.biz / pmcbyprism@gmail.com www.prismgroup.biz**

**LEGAL ADVISOR : M/S. SOLICIS JVPD**
**902, Juhu Himalaya CHSL, Sukhmani Bldg., JVPD NS Road No. 10, Juhu, Vile Parle (West), Mumbai - 400049. Contact no. : +91 9820026003 Email : jvpd@solicislex.com**

**NOTE :**

**1)** The Property Registration Cards stand in the name of the Society for the Plot admeasuring 2303.90 Sq. Meters.
**2) Applicable DCR –**
**(a)** Under **Option No. I** : As per DC Reg 33(7) (b) of **DCPR 2034** under Residential to Residential (**i.e. R-R**) scheme with utilization of entire permissible **FSI** of **3.375** inclusive of fungible compensatory area.
**b)** Under **Option No. II** : As per the Combination of DC Reg 33(7)(b) + 33(20)(b) under Residential to Residential (**R-R**) scheme while restricting maximum Built Up **FSI** upto **1,00,000 lakh sq.ft.** only which is inclusive of fungible compensatory area of DCPR 2034.
**3)** The property admeasuring 2232.36 sq. mtrs comprises two buildings as per the last approved plans. **Building No. 1** (G+3) has 9 units as per plan admeasuring 1298.95 sq. mtrs MOFA carpet area, but 11 units as per physical possession due to internal subdivision, without change in area. **Building No. 2** (G+5) has 10 units as per plan admeasuring 927.81 sq. mtrs MOFA carpet area, but 11 units as per physical possession due to subdivision of one flat, without change in area. Accordingly, for redevelopment purposes, 22 units aggregating 2226.77 sq. mtrs (23,969 sq. ft.) MOFA carpet area shall be considered.
**4) EMD** of **Rs. 10,00,000/-** (Rupees Ten Lakhs Only) Payable in the Form of Demand Draft / Pay Order In Favor Of the Society While Submitting the Tender.
**5)** Sealed Tender to be submitted on **27/07/2026**, between 11:00 am to 6:00 pm at Society's Office.
**6)** The Society Reserves Its Right to Reject / Refuse / Cancel Any / All Tenders Without Assigning Any Reason of Whatsoever Nature.

**Sd/- Hon. Secretary**
**Place: Mumbai Date: 10/06/2026**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**

**ઈ-ટેન્ડર નોટિસ**

**નં. KEMH/૧૧૬૦/AEME તા. ૦૮.૦૬.૨૦૨૬**

આ ઈ-ટેન્ડર નોટિસ છે: બૃહન્મુંબઈ મ્યુનિસિપિલ કોર્પોરેશન ‘‘આઈટમ રેટ ધોરણે’’ નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ-રૂ | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલ ખાતે વિવિધ મેડિકલ ગેસ મિકચર્સ અને મેડિકલ લિક્વીડ નાઈટ્રોજનની સપ્લાય અને રિફિલિંગ **GEM/2026/B/૭૬૩૬૧૦૮** | રૂ. ૪૫,૦૦૦/- | ૦૮.૦૬.૨૦૨૬ (૧૫.૦૦ ક.) | ૧૮.૦૬.૨૦૨૬ (૧૫.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલ ખાતે મેડિકલ ગ્રેડ કાર્બન ડાયોક્સાઈડ ગેસ, નાઈટ્રોજન ગેસ, વિવિધ મેડિકલ ગેસ મિશ્રણ, **ETO** ઓક્સાઈડ ગેસનો સપ્લાય અને રિફિલિંગ **GEM/2026/B/૭૬૩૫૮૮૬** | રૂ. ૨૯,૦૦૦/- | ૦૮.૦૬.૨૦૨૬ (૧૪.૦૦ ક.) | ૧૮.૦૬.૨૦૨૬ (૧૪.૦૦ ક.) |
| ૩ | પાત્રતા માપદંડ (પેકેટ-‘‘A’’) | ૧૮.૦૬.૨૦૨૬ | | શેડ્યૂલ મુજબ |
| ૪ | ટેકનિકલ બીડ (પેકેટ-‘‘B’’) | ૧૮.૦૬.૨૦૨૬ | | શેડ્યૂલ મુજબ |
| ૫ | વાણિજિયક બીડ (પેકેટ-‘‘C’’) | શેડ્યૂલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે અહીં (http://gem.gov.in)ની મુલાકાત લેવી જોઈએ. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ અંગે જારી કરાયેલ કોઈપણ સુધારા (http://gem.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/- **A.E. (M & E) K.E.M. હોસ્પિટલ**

**PRO/515/ADV./2026-27**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**જાહેર નોટિસ**

શેઠ ગોડીદાસ ડોસાચંદ વિજયગચ્છ પેઢી રાધનપુરના સર્વે સભાસદોને જણાવવાનું કે આ ટ્રસ્ટ બંધારણમાં સુધારો કરવા માંગે છે. ટ્રસ્ટની તારીખ ૨૫/૮/૨૩ ની જનરલ મીટીંગમાં ટ્રસ્ટનું બંધારણ સુધારવા (સ્કીમ અરજી દાખલ કરવા) ઠરાવ નં. ૬ થી મંજૂરી મળેલ છે.

તા. ૨૫/૮/૨૩ની મીટીંગમાં ૩૮ સભ્યોની હાજરી આવેલ હતી. જે સંયુક્ત ચેરીટી કમિશ્નર સાહેબ (મહેસાણા)નું સૂચન છે કે બહોળા પ્રમાણમાં સભ્યોએ આ ઠરાવ મંજુર કરાવવો. જેથી બંધારણના સુધારાને માન્ય કરતો ઠરાવ મુંબઈમાં નીચે દર્શાવેલ સ્થળે કરવામાં આવશે.

**સ્થળ :** જાંબલી ગલી ઉપાશ્રય, બોરીવલી (વેસ્ટ), મુંબઈ

**તા. ૧૪/૬/૨૦૨૬ સમય : ૩.૦૦ વાગે** તો દરેક સભ્યોએ મીટિંગમાં સ્થળે અને ટાઇમસર હાજરી આપવી.

મેનેજીંગ ટ્રસ્ટી **શેઠ ગોડીદાસ ડોસાચંદ વિજયગચ્છ પેઢી - રાધનપુર**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**B.Y.L. નાયર ચેરી. હોસ્પિટલ, ડૉ. એ. એલ. નાયર રોડ, મુંબઈ-૪૦૦૦૦૮**

**એન્જિનિયરિંગ વિભાગ (M&E)**

**નં. NEG/૧૪૧ તા. ૦૮-૦૬-૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવ્યા મુજબના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે:-

| અ. નં. | કામનું નામ | બીડ નં. | બાના રકમ ડિપોઝીટ (રૂા.) | GST સહિત ટેન્ડર ફી (રૂા.) | MCGM વેબસાઇટથી બીડના ડાઉનલોડીંગની શરૂઆતની તા.& સમય | MCGM વેબસાઇટ પરથી ઓનલાઇન બીડ સુપ્રતિની છેલ્લી તા. & સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | જીમખાના કેન્ટીન ખાતે તેની એસેસરીઝ સાથેના PNG પાઈપલાઈનની SITC. | 2026_MCGM_1306745 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૨ | ઠંડી હવા સિસ્ટમના રીટર્ન એર બોક્સિંગને જંતુમુક્ત કરવાનો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ. | 2026_MCGM_1306739 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૩ | વિવિધ આનુષંગિક કામો હાથ ધરવામાં આવશે. | 2026_MCGM_1306743 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૪ | સોનોગ્રાફી વિભાગના એર હેન્ડલિંગ યુનિટનું ઓવરહોલિંગનું કામ અને વિવિધ આનુષંગિક કામો હાથ ધરવામાં આવશે. | 2026_MCGM_1306740 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૫ | કોલેજ બિલ્ડીંગના ત્રીજા માળ પર સ્થિત વિવિધ પ્રયોગશાળાઓમાં એસેસરીઝ સાથે PNG ડાઉનસ્ટ્રીમ પાઈપલાઈનની SITC કામ. | 2026_MCGM_1306738 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૬ | વિવિધ સ્થળો ખાતે સ્થિત કોમર્શિયલ વોટર ડિસ્પેન્સર સિસ્ટમની CMC. | 2026_MCGM_1307035 | ૨૦,૦૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |
| ૭ | મેઈન કિચન ખાતે સ્થિત KFD સિસ્ટમ માટે દ્વિ-વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. | 2026_MCGM_1307038 | ૧૭,૫૦૦/- | ૩,૯૯૩/- + [૯% CGST & ૯% SGST] | ૧૦/૬/૨૬ના ૧૧ ક. થી | ૧૭/૬/૨૬ના ૧૬ ક. સુધી |

વધુ વિગતો માટે ‘‘ઈ-ટેન્ડર્સ’’ હેઠળ MCGMની પોર્ટલ https://www.mcgm.gov.in અને https://mahatenders.gov.in નો સંદર્ભ લો.

સહી/- **ડે. ડીન B.Y. L. નાયર ચેરી. હોસ્પિટલ**

**PRO/523/ADV./2026-27**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વૃક્ષ પ્રાધિકરણ**

**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન **-IIIમાં H/પશ્ચિમ** વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ અને H/પૂર્વ વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ કુલ ૦૩ પ્રસ્તાવ (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮ (૬) હેઠળ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર/ ચેરમેન, ટ્રી ઓથોરિટી દ્વારા મંજુરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- www.mcgm.gov.in ----→ About us ----→ ward/ Department ----→ Department Manuals ----→ Gardens & Tree Authority ----→ Docs ----→ Tree Permission 21 Days. ----→ 495 (H/West), 496 (H/West), 497 (H/East)- Zone-3. ઉપર ઉપલબ્ધ છે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ,
વીરમાતા જીજાબાઈ ભોસલે બોટેનિકલ ઉદ્યાન & ઝૂ
સંત સાવતા માલી માર્ગ, ભાયખલા (પૂ),
મુંબઈ- ૪૦૦૦૨૭.
ટેલિ. નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ- dysg.ta@mcgm.gov.in

સહી/- સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

**PRO/530/ADV./2026-27**

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

મહારાષ્ટ્ર સરકારે નવી મુંબઈ મેટ્રો વિસ્તરણ સહિત

# બાવીસ હજાર કરોડના પ્રોજેક્ટ મંજૂર

## ગુજરાત જતાં વાહનો માટે વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ થશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે મંગળવારે ૨૨ હજાર ૬૧૧ કરોડ રૂપિયાના માળખાગત પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેમાં ઘોડબંદર રોડ અને ભાયંદરને જોડતી ટનલ અને એલિવેટેડ કોરિડોર તેમજ નવી મુંબઈ મેટ્રોનું વિસ્તરણ સામેલ છે. મેટ્રો લાઇન ૨ દ્વારા એ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સાથે જોડશે.

આ નિર્ણયોને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં કનેક્ટિવિટી સુધારવા અને ટ્રાફિક ભીડ હળવી કરવા માટેના એક મોટા પ્રયાસ તરીકે જોવામાં આવે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કમિટી દ્વારા આ મંજૂરીઓ આપવામાં આવી હતી.

કુલ ખર્ચમાંથી ૧૭ હજાર ૩૬ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ગાયમુખ અને ફાઉન્ટેન હોટેલ વચ્ચે છ-લેન ટનલ અને ફાઉન્ટેન હોટેલથી ભાયંદર સુધી છ-લેન એલિવેટેડ કોરિડોર સાથે સંબંધિત છે, નવી મુંબઈ મેટ્રો લાઇન ૧એ અને લાઇન ૨ માટે ૫ હજાર ૫૭૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ પ્રદેશમાં પરિવહનને ઝડપી, વધુ કાર્યક્ષમ અને મુસાફરોને અનુકૂળ બનાવશે એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. વસઈ ખાડીની સમાંતર ચાલતો આ એલિવેટેડ કોરિડોર ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાફિકની ગતિવિધિને સરળ બનાવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ઘોડબંદર રોડ પર ટ્રાફિક ઓછો કરશે અને થાણે અને ગુજરાત તરફ જતા ટ્રાફિક માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડશે. તેનાથી પશ્ચિમ મુંબઈ અને થાણે, કલ્યાણ-ડોંબિવલી, નાસિક, પનવેલ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થવાની પણ અપેક્ષા છે. (પીટીઆઈ)■

મુંબઈમાં વંદે ભારત ઓવરહોલિંગ ડેપોનો વિરોધ

# જોગેશ્વરીમાં ડેપો બનશે તો લાખો મુંબઈગરા પર થશે 'માઠી' અસર

## રેલવેએ બોર્ડને આપી ચેતવણી: લોકલ ટ્રેનના ટાઈમટેબલ પર અસર થવાની ભીતિ

મુંબઈ: પશ્ચિમ રેલવેના જોગેશ્વરી (પૂર્વ)માં વંદે ભારત ટ્રેન માટે ઓવરહોલિંગ ડેપો બનાવવાની તૈયારીમાં છે. સમગ્ર દેશમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો સમારકામ માટે આ ડેપોમાં આવશે, પરંતુ તેનાથી મુંબઈની ટ્રેનસેવા પર અસર થઈ શકે. પશ્ચિમ રેલવેના કોરિડોરમાં પહેલાથી ઓવરલોડિંગ છે, જ્યાં સબર્બન લોકલ ટ્રેન સહિત મેઈલ-એક્સપ્રેસ ટ્રેન સહિત ગૂડ્સ ટ્રેન માટે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે દેશભરની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન જોગેશ્વરી આવે તો મુંબઈની લોકલ ટ્રેન પર અસર થઈ શકે છે.

આ મુદ્દે પશ્ચિમ રેલવેના અધિકારીએ ચિંતા વ્યક્ત કરી હતી. મુંબઈની લોકલ ટ્રેનને મુંબઈની લાઈફલાઈન માનવામાં આવે છે. જોકે, આ સેવાઓમાં વિલંબ થશે તો લાખો મુંબઈગરાઓને દરરોજ અસુવિધા થશે. લોકલ ટ્રેનોની રફતાર ધીમી પડશે તો પ્રવાસીઓ સમયસર તેમના કામકાજના સ્થળે પહોંચી શકશે નહીં. જો આવું થશે તો મુંબઈગરાની નારાજગીનો ભોગ બનવું પડી શકે છે. ■

### જોગેશ્વરીમાં પીએચઓ બનાવવા વિરોધ

જોગેશ્વરીમાં સેન્ટ્રલ રેલ સાઈડ વેરહાઉસ કંપની લી.નું ગોદામ આવેલું છે. તેની સ્ટેબ્લિન્ગ લાઈન અને ગુડ શેડને મળીને વંદે ભારત ટ્રેનની પિરિયોડિક ઓવરહોલિંગ સુવિધાનું નિર્માણ કરવામાં આવશે. પશ્ચિમ રેલવે અધિકારીઓ પણ આનો વિરોધ કરી રહ્યા છે. અધિકારીઓનું માનવું છે, જોગેશ્વરીમાં રેલ ટર્મિનસ નિર્માણાધીન છે. જો અહીંયા પીએચઓ બનશે તો દેશભરથી સમારકામ માટે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો અહીંયા આવશે. જેના કારણે ફક્ત લોકલ ટ્રેનો જ નહિ, પણ મેઈલ એક્સપ્રેસ ટ્રેનોનું ટાઈમટેબલ ખોરવાઈ જશે. ■

### વિરાર પહેલા ડેપો બનાવવા માટેનું સૂચન

વંદે ભારત માટે પીએચઓ ડેપો દેશના કોઈ પણ સ્થળે બનાવી શકાય છે. જો મુંબઈ મહાનગર વિસ્તારમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવા માગતા હોય, તો રેલવે બોર્ડને વિરાર પહેલા બનાવવો જોઈએ. હાલમાં પશ્ચિમ રેલવે લોકલ સેવાઓથી રોજ ૩૫ લાખથી વધારે પ્રવાસીઓ મુસાફરી કરે છે.

### પશ્ચિમ રેલવેએ રેલવે બોર્ડને તકલીફ જણાવી

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડને આ નિર્ણય પર પોતાની અસંમતિ દર્શાવી હતી. અધિકારીઓના મતે, વંદે ભારત જરૂરી છે, પણ આ નિર્ણયથી લાખો લોકોને દૈનિક મુસાફરીમાં ભારે હાલાકીનો સામનો કરવો પડે તે બોર્ડને મંજૂર નથી, તેવું જણાવવામાં આવ્યું હતું. વિરાર-દહાણુ વચ્ચે નવો ડેપો બનાવવાનો વિકલ્પ શક્ય છે, જેનાથી મેઇન લાઈન પર લોડ પણ ઓછો પડશે.

### થઇ શકે છે આવી તકલીફો

**ટ્રેક શેરિંગ:** જોગેશ્વરી સેક્શન પર અગાઉથી જ ૧૩૦૦થી વધારે લોકલ અને ૩૦૦ મેઈલ એક્સપ્રેસ ચાલે છે. વંદે ભારત રેકના આવવાથી અવરજવરમાં ઓક્યુપન્સી વધશે.

**મેઇન્ટેનન્સ ટાઈમ:** પીએચઓમાં એક રેક સાતથી દસ દિવસ રહે છે. જો કેટલીક રેક એકસાથે આવે તો સ્ટેબલિંગ લાઈનમાં જગ્યાની અછત સર્જાશે. પીક અવરમાં એક પણ બ્લોક કે વિલંબથી સંપૂર્ણ સ્લો-ફાસ્ટ લાઇનનું શિડ્યુલ બગડી જાય છે. ■

### નવા પ્લાનમાં શું શું હશે?

**૪૫ રેકની ક્ષમતા:** આ ડેપો એક વારમાં ૪૫ વંદે ભારત રેક સંભાળશે. દરેક રેકને ૩૦ દિવસમાં મેન્ટેનન્સની જરૂરિયાત હોય છે, એટલે કે દૈનિક સરેરાશ દોઢ રેક પીએચઓ માટે જોગેશ્વરી આવશે.

**૬ ડેડિકેટેડ લાઈન:** ડેપોમાં ૬ લાઈન હશે. ૨ ફુલ લેંથ પિટ લાઈન, ૨ પીએચઓ સીક લાઈન અને ૨ વોશિંગ લાઈન.

**કોચિંગ ટર્મિનલનો ઉપયોગ:** અહીં કોચિંગ ટર્મિનલ બની રહ્યું છે. જે ફાયદાકારક નીવડશે. જેથી મેઈલ-એક્સપ્રેસ ટ્રેનોના રેકના સમારકામ સમયસર થઇ શકશે. ■

# સરકારની કાર્યક્ષમતા વધારવા ૧૦ નવા વિભાગને મંજૂરી

મુંબઈ: મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે રાજ્ય વહીવટના મહત્ત્વના પુનર્ગઠનને મંજૂરી આપી હતી. કાર્યક્ષમતામાં સુધારો કરવા અને નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનાવવા સરકારી વિભાગોની સંખ્યા ૩૩થી વધારી ૪૩ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

આ નિર્ણયમાં પ્રધાનોના ૧૩ વિભાગનું પુનર્ગઠન સામેલ છે. હાલમાં એક જ વિભાગમાં કાર્યરત પેટાવિભાગોને સ્વતંત્ર વિભાગોમાં રૂપાંતરિત કરવામાં આવશે. જોકે, રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી હતી કે પુનર્ગઠન કર્યા પછી કોઈ નવા હોદ્દા બનાવી નવા લોકોને સામેલ નહીં કરવામાં આવે. બલકે વિભાગો વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે અને ઝડપી નિર્ણય લેવામાં સુવિધા આપી શકે તે માટે કાર્ય અને જવાબદારીઓનું પુનઃ વિતરણ કરવામાં આવશે.

અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં પ્રધાનમંડળે મહારાષ્ટ્ર પબ્લિક

(જુઓ પાનું ૪) ▶▶

# અગાઉની લોન માફી યોજનાથી વંચિત રહેલા ખેડૂતોને પણ લાભ મળશે

મુંબઈ: મંગળવાર, નવમી જૂને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં રાજ્ય સરકારના પ્રધાન મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતો માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય સહિત અન્ય મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. એ નિર્ણય અનુસાર અગાઉની લોન માફી યોજનામાં સામેલ ખેડૂતોને આ વખતે પણ લોન માફી મળશે. આ માટે લગભગ ૧૪ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે. ઘણા ખેડૂતો ૨૦૧૭ અને ૨૦૧૯ ની લોન માફીમાં અટવાઈ ગયા હતા. ઘણા ખેડૂતોને ૨૦૧૭ ને ૨૦૧૯ની લોન માફી યોજનામાં લોન માફીનો લાભ નહોતો મળ્યો. આ ખેડૂતોને લોન માફીનો લાભ મળે તેવી વારંવાર માગ કરવામાં આવી હોવાથી મંગળવારે રાજ્ય સરકારે ૨૦૧૭ અને ૨૦૧૯ ની લોન માફીથી વંચિત રહેલા ૫ લાખથી વધુ ખેડૂતો માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

આ યોજનાના અમલ માટે રાજ્યના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ કાર્ય કરશે. ઉપરાંત રાષ્ટ્રીયકૃત બેંકો, પ્રાઈવેટ બેંકો અને ગ્રામીણ બેંકોમાંથી ખેડૂતોના

(જુઓ પાનું ૪) ▶▶

## છત્રપતિ શિવાજી મહારાજના પૂતળાનું અનાવરણ

# એકનાથ શિંદેને આમંત્રણ નહીં, શિવસેના નારાજ: ફડણવીસે તપાસના આદેશ આપ્યા

મુંબઈ: થોડા દિવસો પહેલા હિંદવી સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેક દિવસ નિમિત્તે નવી મુંબઈના એરપોર્ટ પર શિવાજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં યોજાયો હતો. જોકે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આમંત્રણ આપવામાં ન આવતા શિવસેનાના નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી. આના પ્રત્યાઘાત મંગળવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં જોવા મળ્યા હતા.

છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણ સમારોહમાં એકનાથ શિંદેને આમંત્રણ ન આપવા બદલ શિવસેનાના પ્રધાનોએ

(જુઓ પાનું ૪) ▶▶

# અમે ખુરશી માટે નથી લડતા, રાજ્યનું કલ્યાણ અમારો મકસદ છે: શિંદે

મુંબઈ: એનડીએનો ચહેરો મોદીજી છે. એમની પડખે કોણ છે, જે લોકો 'ઈન્ડિયા ગઠબંધન'માં જોડાય છે તેમનો પરાજય થાય છે એવું રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને જણાવ્યું છે. આ સિવાય મુખ્ય પ્રધાન પદ અંગે બચ્ચુ કડુના નિવેદન પર પણ એકનાથ શિંદેએ પ્રતિક્રિયા આપી. તેમનું કહેવું હતું કે 'શું હાલ સ્થાન ખાલી છે? કોઈ ત્યાં બિરાજમાન નથી ? હું સીએમ હતો ત્યારે અમે સંગઠિત થઈ કામ કરતા હતા. અમારું બંધન કાયમી છે અને રહેશે. અમારી લડાઈ ખુરશી માટે નથી, અમારો મકસદ મહારાષ્ટ્રનું કલ્યાણ કરવાનો છે. જો મહાયુતિના વિધાન સભ્યોની કોઈ સમસ્યા હોય તો અમે તેને દૂર કરીશું અને તેનું નિરાકરણ પણ કરીશું. બચ્ચુ કડુએ કહ્યું હતું કે દેવાભાઉને બઢતી આપવી જોઈએ અને એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બનવા જોઈએ.

દેવાભાઉ (દેવેન્દ્ર ફડણવીસ) ને બઢતી આપવી જોઈએ અને એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બનવા જોઈએ

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં ટાયરના ગોદામમાં ભીષણ આગ

થાણે: થાણેમાં પોલીસ સ્ટેશન નજીક આવેલા એક ટાયરના ગોદામમાં ભીષણ આગ લાગી હતી. તેમ છતાં નસીબજોગે આ આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી.

દહિસર મોરી વિસ્તારમાં આવેલા શિલ દાઇઘર પોલીસ સ્ટેશનની પાછળ આવેલાં ગોદામમાં સવારે ૧૧.૫૧ કલાકે આગ લાગી હતી. ઘટનાની જાણ થતા અગ્નિશમન દળના અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના જવાનો પહોંચી ગયા હતા.

ગોદામમાં રબરના ટાયર હોવાથી ધૂમાડાના ગોટેગોટા ફરી વળ્યા હતા. નવી મુંબઈ પાલિકા (એમએમએમસી) અને સિટી એન્ડ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) તરફથી પણ વધારાની સહાય પૂરી પાડવામાં આવી હતી. આગ બુઝાવવા માટે ઘણા ફાયર ટેન્ડરે જહેમત ઉઠાવી હતી. આગ લાગવાનું કારણ હજી જાણી શકાયું નહોતું.(પીટીઆઇ)■

# ઉમરખાડીની ૮૧ ઈમારતોનો મ્હાડા કરશે પુનર્વિકાસ

મુંબઈ: મુંબઈના કામાઠીપુરા વિસ્તારના સામુહિક પુનર્વિકાસ બાદ હવે ભાયખલાના ઉમરખાડી વિસ્તારની કાયાપલટ થવાની છે. મ્હાડાના મુંબઈ ઇમારત સમારકામ અને પુનર્રચના મંડળે ઉમરખાડીની ૬.૨૩ એકર વિસ્તારમાં આવેલી ૮૧ જૂની ઇમારતોના સામુહિક પુનર્વિકાસ માટે પ્રાથમિક માળખું તૈયાર કર્યું છે. આ પ્રકલ્પને કારણે બે હજારથી વધુ રહેવાસીઓનો પુનર્વિકાસ કરવામાં આવશે અને અહીં ઊંચા ટાવર ઊભા કરવાની યોજના છે. કામાઠીપુરાના પુનર્વિકાસ માટે બાંધકામ અને વિકાસ સંસ્થા (સીએન્ડડી)ના આધારે જ ઉમરખાડી વિસ્તારનો પુનર્વિકાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૮૧ ઇમારતનો પુનર્વિકાસ કરવામાં આવશે જેમાં નવ પીએમજીપી

(જુઓ પાનું ૪) ▶▶

## નાશિક સિંહસ્થ કુંભમેળામાં શ્રદ્ધાળુઓને માહિતી પૂરી પાડવા માટે

# 'કુંભ કનેક્ટ'

મુંબઈ: મહારાષ્ટ્રના નાશિકમાં યોજાનારા ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભમેળા-૨૦૨૭ દરમિયાન ભક્તો અને મુલાકાતીઓને તાકીદે સહાય અને જરૂરી માહિતીઓ મળી રહે તે માટે નિઃશુલ્ક ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

નાશિકના યુવાન ડિજિટલ વ્યવસાયિક પ્રસાદ અરવિંદ ભાલેકરે 'કુંભ કનેક્ટ' વિકસાવ્યું છે જેનો મુખ્ય હેતુ કુંભમેળામાં આવનારા લાખો લોકોને તાકીદે સહાય અને માહિતી પૂરી પાડવાનો છે, એમ એક નિવેદનમાં જણાવાયું હતું.

આ ડિજિટલ પ્લેટફોર્મને પ્રોગ્રેસિવ વેબ એપ તરીકે વિકસાવવામાં આવ્યું જે વેબ બ્રાઉઝર દ્વારા મોબાઇલમાંથી સરળતાથી વાપરી શકાય છે. આ એપ દ્વારા નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં આવનારા શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓને ધાર્મિક, ઐતિહાસિક અને પર્યટન સ્થળોની વિસ્તૃત માહિતી મળશે.

આ એપમાં સ્માર્ટ મેપ, નેવિગેશન સિસ્ટમ, કુંભમેળા કેલેન્ડર, ગાઇડ

(જુઓ પાનું ૪) ▶▶

# ખાતું એકનાથ શિંદેનું પણ નિર્ણય ફડણવીસ લે છે

## કોલ્હાપુરમાં જન આંદોલન દરમિયાન જયંત પાટીલે સરકાર પર સવાલ ઉઠાવ્યા

કોલ્હાપુર: આજે અમે બિનજરૂરી રસ્તાનો વિરોધ કરી રહ્યા છીએ. અત્યાર સુધી અમારે સરકારને ગામમાં સડક તૈયાર કરો કે પાણંદ રસ્તો (ગ્રામીણ વિસ્તારમાં ખેતરમાં જવાનો રસ્તો) બનાવવા વિનંતી કરવી પડતી હતી. પરંતુ આજે પરિસ્થિતિ અલગ છે. આ હાઇવેનું નામ શક્તિપીઠ છે. શક્તિપીઠ હાઇવે પંઢરપુરથી દૂર લઈ જવામાં આવ્યો છે. આ શક્તિપીઠ હાઇવે છે શેના માટે? આ રસ્તો મહારાષ્ટ્રના બંદરો સુધી નથી જતો, પરંતુ હાઇવે ગોવા જાય છે. શું શક્તિપીઠ નાગપુર જિલ્લામાં છે? સરકાર પાસે આ સવાલનો કોઈ જવાબ નથી. સાતારા, પુણે, કોલ્હાપુર રોડ ઘણા વર્ષોથી નથી બનાવવામાં આવ્યો. આ સરકારે શરૂ કરેલા પ્રોજેક્ટ્સ પૂરા નથી થયા. સરકાર એવી રીતે વર્તી રહી છે કે જાણે

(જુઓ પાનું ૪) ▶▶

# ભાજપ નેતાની વિધાનસભ્ય સંજય ગાયકવાડને ૧૦૦ કરોડ રૂપિયાની નોટિસ અને ચેતવણી

બુલઢાણા: વિવાદાસ્પદ નિવેદનો અને કાર્યો માટે હંમેશાં વિવાદમાં રહેતા શિવસેનાના વિધાન સભ્ય સંજય ગાયકવાડને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. મહાયુતિમાં એક સાથી પક્ષના નેતાએ ૧૦૦ કરોડ રૂપિયાની માનહાનિનો દાવો કરતી નોટિસ ફટકારી છે. થોડા દિવસો પહેલા તેમણે સ્વર્ગસ્થ કોમરેડ ગોવિંદ પાનસરે દ્વારા લખાયેલા પુસ્તકના પ્રકાશક સાથે ફોન પર દુર્વ્યવહાર કરતા રાજ્યભરમાંથી રોષ વ્યક્ત થયો હતો. ત્યારબાદ પક્ષના નેતૃત્વએ પણ નારાજગી વ્યક્ત કરી સૂચનો કર્યા હતાં. હવે, બુલઢાણા ભાજપ જિલ્લા પ્રમુખએ સંજય ગાયકવાડને નોટિસ ફટકારી છે. દરમિયાન વકીલ અસીમ

(જુઓ પાનું ૪) ▶▶

# ઓપરેશન બ્લુ સ્ટાર કાળો દિવસ: ભાજપ પ્રધાને સરખામણી અફઘાન આક્રમણ સાથે કરતાં વિવાદ

મુંબઈ: ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને ઓપરેશન બ્લુ સ્ટારને 'કાળો દિવસ' (નાલેશી) ગણાવી અને લશ્કરી કાર્યવાહીમાં માર્યા ગયેલા લોકોને શહીદ ગણાવી તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની ટીકા કરીને વિવાદ ઊભો કર્યો છે. એ સમયની સૈન્ય કાર્યવાહીની તુલના તેમણે અફઘાન શાસક અહમદ શાહ અબ્દાલીએ સુવર્ણ મંદિર પર કરેલા આક્રમણ સાથે પણ કરી હતી.

ગયા શનિવારે અમૃતસર જિલ્લામાં દમદમી ટકસાલના મુખ્યાલયમાં ઓપરેશન બ્લુ સ્ટારની જયંતીના સમારોહમાં હાજરી આપનારા મહાજન કોઈપણ રાજ્ય સરકારના પ્રથમ

(જુઓ પાનું ૪) ▶▶

મોટાભાઈ!
૪૦ વરસો નો અનુભવ છે.
ચારધામ યાત્રા
ઉત્તર પ્રદેશ યાત્રા
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9930092741 / 9137890531

# મેટ્રો વનની લોકપ્રિયતા વધી: ૧૨ વર્ષમાં ૧૨૫ કરોડથી વધુ લોકોએ માણી મુસાફરી

મુંબઈ: મુંબઈની પ્રથમ મેટ્રો સેવા 'મુંબઈ મેટ્રો-૧' એ સફળ સંચાલનના ૧૨ વર્ષ પૂર્ણ કરી લીધા છે. જૂન ૨૦૧૪માં શરૂ થયેલી આ સેવાએ અત્યાર સુધીમાં ૧૨૫ કરોડથી વધુ પ્રવાસીઓને સુરક્ષિત, ઝડપી અને સુવિધાજનક સફર પૂરી પાડી છે. મેટ્રોએ ૯૯.૯૯ ટકા સમયસરતા અને ઝીરો કેઝ્યુઅલ્ટી સાથે પ્રવાસીઓનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે.

સ્થાપના દિવસ નિમિત્તે મુંબઈ મેટ્રો-૧ એ 'વન નેશન, વન કાર્ડ' પહેલ અંતર્ગત નેશનલ કોમન મોબિલિટી કાર્ડ લોન્ચ કરીને જાહેર પરિવહનને વધુ સુવિધાજનક બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. આ કાર્ડથી મુંબઈ સહિત દેશભરના વિવિધ પરિવહન નેટવર્કમાં પ્રવાસીઓને સુખદ પ્રવાસ અને ડિજિટલ પેમેન્ટની સુવિધા પણ લોકોને મળી રહે એના અંગે

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-પુણે મિસિંગ લિંક: દર વર્ષે ₹ ૨૭૨ કરોડ અને ૨.૭ કરોડ લિટર ઈંધણની થશે બચત

મુંબઈ: દેશમાં હાલમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ જેવા ઈંધણો પર ગંભીર કટોકટી ઊભી થઈ છે, જેના લીધે દેશ પર આયાતનું ભારણ પણ વધ્યું છે. આવા સમયમાં ઇંધણની બચત માટે નાના-મોટા તમામ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પહેલી મેથી શરૂ કરવામાં આવેલી 'મુંબઈ-પુણે મિસિંગ લિંક' ઇંધણ બચાવવામાં ખૂબ જ મહત્વનો ફાળો આપશે. મુંબઈ-પુણે એક્સેસ કંટ્રોલ હાઇવે પર શરૂ કરવામાં આવેલી આ બહુઉદ્દેશી કનેક્ટિંગ લિંકના કારણે દર વર્ષે અંદાજે ૨.૭ કરોડ લીટર ફ્યુઅલની બચત થશે.

આ સંપૂર્ણ મિસિંગ લિંક કોરિડોર કાર્યરત થતાં દર વર્ષે આશરે ૨૭૨ કરોડ રૂપિયાના ઇંધણની સંભવિત બચત થવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ કનેક્ટિંગ લિંક શરૂ થતા પહેલા અને પછી મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર એક વિશેષ સર્વે કરવામાં આવ્યો હતો. ■

### વાહનોની ગતિ વધી અને સમય ઘટ્યો

આ કનેક્ટિંગ લિંક પરથી પસાર થનારી બસોના ઇંધણ વપરાશમાં સરેરાશ ૨૪ ટકા જેટલો મોટો સુધારો (બચત) નોંધાયો હતો. આ ઉપરાંત, ટ્રકોની સરેરાશ ઝડપમાં ૧૮ ટકાથી વધુનો વધારો થશે. જ્યારે બીજી તરફ, ત્રણ-એક્સલ (ઝવયિય-અઢ્ઢુય)વાળા વાહનો દ્વારા આ અંતર ૨૦ ટકા જેટલા ઓછા સમયમાં પૂરું કરવામાં આવ્યું હતું. ઇંધણના ઓછા વપરાશને કારણે આ મિસિંગ લિંક દ્વારા દર વર્ષે ૬૪,૯૦૫ મેટ્રિક ટન જેટલો કાર્બન ડાયોક્સાઇડ (ઈઘ૨) ઉત્સર્જન રોકી શકાશે, જે પર્યાવરણ માટે મોટી રાહત છે.

આ લિંક ખુલ્યા બાદ મુંબઈ-પુણે કોરિડોર પર કમર્શિયલ વાહનોના પરફોર્મન્સનો એક એનાલિસિસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**